દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 232 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ વદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 October 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨ ઑક્ટોબર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
MY CITY PRIDE






## શહેર આપણું છે,
## તો સ્વચ્છતાની જવાબદારી પણ આપણી છે

હવે તો કાયદો પણ કહે છે, સફાઈ આપણા સહુની જવાબદારી.

મહાનગરપાલિકા/નગરપાલિકા વિસ્તારમાં કચરો જોવા મળે તો ફોટો લઈએ , લોકેશન મોકલીએ અને વૉટ્સએપ ચેટબૉટ પર જાણ કરીએ




**ફોટો મોકલો** – ગંદકી હોય તે સ્થળનો ફોટો મોકલો

**લોકેશન શેર કરો** – સ્થળનું લોકેશન મોકલો

**ફરિયાદ નોંધાવો** – તમારી ફરિયાદ તાત્કાલિક નોંધાશે

**સ્વચ્છતા નિશ્ચિત** – તાત્કાલિક સફાઈ કાર્યવાહી શરૂ થશે

વૉટ્સએપ પર અમને **Hi મેસેજ** કરો અને વિગત ભરો (ફોટો + લોકેશન + વર્ણન)

QR કોડ સ્કેન કરો અને ચેટબૉટ સાથે જોડાઓ

## સંપર્ક માટે: 76228 80000

"આપણે નક્કી કરવું જોઈએ - કચરો નહીં ફેલાવીએ. ઘર હોય, બહાર હોય કે આસપાસનો વિસ્તાર, સ્વચ્છતા સાથે ક્યારેય સમાધાન નહીં કરીએ."

**- નરેન્દ્રભાઈ મોદી,** વડાપ્રધાન

"સ્વચ્છતા આપણી જીવનશૈલી બનવી જોઈએ. નાનાં ગામડાંઓથી લઈને મોટાં શહેરો સુધી, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો મંત્ર ચોમેર ગૂંજવો જોઈએ."

**- ભૂપેન્દ્રભાઈ પટેલ,** મુખ્યમંત્રી, ગુજરાત

"પોતાના શહેરને સ્વચ્છ રાખવામાં પાલિકાના પ્રયાસોમાં સહભાગી થવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે."

**- હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**મારો કચરો, મારી જવાબદારી** | સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત /sbmugujarat /sbmugujarat /swachhgujarat www.sbmu-gujarat.in

## ટ્રાફિકના નિયમોને નેવે મૂકી ધારાસભ્ય અને પુત્રએ કાઢ્યું સરઘસ, વીડિયો વાઈરલ

અમદાવાદઃ ટ્રાફિક પોલીસ અને આરટીઓ માર્ગ સલામતી ઝુંબેશો યોજે છે અને સામાન્ય નાગરિક જો ટ્રાફિકના નિયમોનું પાલન ન કરે તો દંડ વસૂલાય છે, પરંતુ રાજકારણીઓ અને શાસકપક્ષના નેતાઓ જ ટ્રાફિકના લીરેલીરા ઉડાડે ત્યારે લોકોમાં શું સંદેશ જાય છે તે વિચારવું સૌ કોઈએ જરૂર છે. સુરતમા આવી જ એક ઘટનાના વીડિયો વાઇરલ થયા છે. અહીં જિલ્લાના મહુવામાં મહુવા સુગરની ચૂંટણી યોજાઈ હતી, જેમાં તાજેતરમાં યોજાયેલી મહુવા સુગરની ચૂંટણીમાં ભાજપના ધારાસભ્ય મોહન ધોડિયાની પેનલને હારનો સામનો કરવો પડ્યો હતો, પણ તેમની પેનલમાંથી વલવાડા બેઠક પર તેમના પુત્ર જયમીન ધોડિયાએ જીત મેળવી હતી. પુત્રની જીતની ખુશીમાં મહુવામાં વિજય સરઘસ યોજાયું હતું, જેમાં ટ્રાફિકના નિયમોને નેવે મૂકાયા હતા.

વાઇરલ થયેલા વીડિયોમાં ધારાસભ્ય મોહન ધોડિયા હેલ્મેટ વિના બુલેટ ચલાવતા જોવા મળે છે. બીજી તરફ સરઘસમાં સામેલ ખુલ્લી જીપમાં ૧૭થી ૧૮ જેટલા યુવક બેઠેલા જોવા મળે છે, તેમાં જયમીન ધોડિયા પણ છે. આ ઉપરાંત કેટલાક યુવકો જીપના બોનેટ પર બેસીને તેમ જ વાહનની આસપાસ લટકતા પણ જોવા મળે છે. આ ઉપરાંત તેણે ટ્રેક્ટર ગોળ ગોળ ફેરવીને સ્ટંટ કર્યા હોવાના પણ વીડીયો પણ વાઇરલ થયા હતા. આ સાથે જોરજોરથી ગીતો અને ગુલાલ ઉડાવવામાં આવ્યો હોવાના અને હારતોરા થયા હોવાનું પણ વીડિયોમાં દેખાય છે. મુંબઈ સમાચાર આ વીડિયોની પૃષ્ટિ કરતું નથી.

## ઑપરેશન ગંગાજળઃ બે આઈએએસ અધિકારીઓને ગુજરાત સરકારે ફરજિયાત નિવૃત્ત કરી નાખ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગંભીર આરોપો અને વિભાગીય કાર્યવાહીનો સામનો કરી રહેલા અધિકારીઓ સામે કાર્યવાહીમાં ગુજરાત સરકારે ૧ ઑક્ટોબરના રોજ સુરેન્દ્રનગરના ભૂતપૂર્વ કલેક્ટર કે. રાજેશ અને અધિક વિકાસ કમિશનર ગૌરવ દહિયાને નિવૃત્ત કર્યા છે. રાજ્ય સરકારના આ નિર્ણયે વહીવટી વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. ભ્રષ્ટાચાર અને ગેરવર્તણૂક સામે સરકારના ચાલુ અભિયાન હેઠળ લેવામાં આવેલી આ કાર્યવાહીએ ધ્યાન ખેંચ્યું છે કારણ કે બંને અધિકારીઓએ તેમની સેવા દરમિયાન વિવાદો અને પૂછપરછનો સામનો કરવો પડ્યો હતો. સુરેન્દ્રનગર કલેક્ટર તરીકેના કાર્યકાળ દરમિયાન કથિત ભ્રષ્ટાચારના સંબંધમાં સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ, ગુજરાત કેડરના ૨૦૧૧ બેચના આઈએએસ અધિકારી કંકિપતિ રાજેશ ઘણા વર્ષોથી સસ્પેન્શન હેઠળ હતા. રાજેશે ૨૦૧૭ થી ૨૦૨૧ દરમિયાન સુરેન્દ્રનગર કલેક્ટર તરીકે સેવા આપી હતી. સીબીઆઈએ મે ૨૦૨૨માં તેમની સામે કેસ નોંધ્યો હતો જેમાં તેમણે કથિત રીતે અપાત્ર અરજદારોને શસ્ત્ર લાઇસન્સ આપવા, સરકારી જમીન ફાળવવા અને અતિક્રમણને નિયમિત કરવા સહિતના કામના બદલામાં લાંચ સ્વીકારી હતી. સરકારે ૨૦૧૦ બેચના ગુજરાત-કેડરના આઈએએસ અધિકારી ગૌરવ દહિયાને પણ ફરજિયાત નિવૃત્ત કર્યા છે, જેઓ વધારાના વિકાસ કમિશનર તરીકે ફરજ બજાવતા હતા. દહિયા પર ૨૦૧૯ માં એક મહિલા દ્વારા આરોપ મૂકવામાં આવ્યા હતા, જેમાં છેતરપિંડી અને ગુનાહિત ધાકધમકીનો સમાવેશ થાય છે. આરોપો બાદ, રાજ્ય સરકારે એક તપાસ સમિતિની રચના કરી અને તેમને સસ્પેન્ડ કર્યા હતા. જુલાઈ ૨૦૨૩માં સેવામાં પાછા ફરતા પહેલા તેઓ લગભગ ચાર વર્ષ સુધી સસ્પેન્શન હેઠળ રહ્યા હતા. ત્યારબાદ તેમને વધારાના વિકાસ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

તેમની સેવાની સમીક્ષા બાદ, સરકારે હવે ૧ ઑક્ટોબર, ૨૦૨૬થી દહિયાને ફરજિયાત નિવૃત્તિ આપવાનો નિર્ણય લીધો છે.

## ડાયમન્ડ સિટી સુરત અને તળાવોનાં શહેર ઉદયપુર વચ્ચે શનિવારથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમન્ડ અને ટેક્સટાઈલ્સ માટે જાણીતા સુરત શહેર અને પર્યટન માટે દાયકાઓથી લોકપ્રિય એવા તળાવો અને મહેલોના શહેર ઉદયપુર વચ્ચે શનિવારથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામા આવશે. ગુજરાતથી ઉદયપુર ફરવા જવા ઈચ્છતા અને ઉદયપુરથી ગુજરાત-સુરતમાં કામકાજ માટે આવતા લોકો માટે આ એક સારી સુવિધા સાબિત થશે.

પશ્ચિમ રેલવેએ આ નવી ટ્રેન અંગેની તમામ જરૂરી વિગતો જાહેર કરી છે, જે સુરત અને ઉદયપુર વચ્ચેનું ૫૩૦ કિલોમીટરનું અંતર માત્ર ૭.૨૫ કલાકમાં જ કાપશે.

આ અંગે પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું કે કે સુરત અને ઉદયપુર સિટી વચ્ચે દોડનારી નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન બંને તરફ ભરૂચ, વડોદરા, આણંદ, મણિનગર, અસારવા, હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર અને ઝાવર રેલવે સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એક્ઝિક્યુટિવ ચેર કાર અને એસી ચેર કાર કોચની સુવિધા હશે. આ ટ્રેન માટે સીટ બુકિંગ ૧ ઑક્ટોબરથી શરૂ થઈ ગયું છે. આ નવી વંદે ભારત એક્સપ્રેસ ૫૩૦ કિમીની મુસાફરી ૭.૨૫ કલાકમાં પૂર્ણ કરશે.

સુરત અને ઉદેપુર વચ્ચેની આ નવી ટ્રેન અગાઉ ઉદેપુર સિટી અને અસારવા વચ્ચે ચાલતી વંદે ભારત સેવાના સ્થાને શરૂ કરવામાં આવી રહી છે. તે ટ્રેન જે ૨૬૯૬૩/૨૬૯૬૪ નંબર હેઠળ દોડતી હતી તે આ વર્ષે ફેબ્રુઆરીમાં શરૂ કરવામાં આવી હતી.

## 3000 કરોડના ડ્રગ્સ કેસમાં મોટો ખુલાસોઃ ઈરાનથી બોટમાં ડ્રગ્સ લાવી તમિળનાડુની બોટને કન્સાઇનમેન્ટ સોંપવાનું હતું કાવતરું

અમદાવાદ : રૂ. ૩૦૦૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ કેસમાં ઝડપાયેલા પાંચ આરોપીઓને ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્કવોડ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મેટ્રોપોલિટન કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે તમામ આરોપીઓને ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો હોવાની માહિતી મળી હતી. રિમાન્ડ દરમિયાન એટીએસ દ્વારા ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય નેટવર્ક, પાકિસ્તાન લિંક અને મોટા પાયે થયેલા હવાલા વ્યવહારો અંગે સઘન પૂછપરછ કરવામાં આવશે.

ડ્રગ્સ કેસમાં મોહમ્મદ યાકુબ બલુચી, શકિરુલ્લાહ, ફરીદુલ્લાહ, અહમદ ખાન અને વાહીદુલ્લાહ ખાનની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન પ્રાથમિક રીતે એવી વિગતો સામે આવી છે કે ડ્રગ્સનો જથ્થો ઈરાનથી બોટમાં લોડ કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક તમિળનાડુની 'થેલાપતિ' નામની બોટને આ કન્સાઇનમેન્ટ સોંપવાનું કાવતરું ઘડાયું હોવાની શંકા છે. આ સમગ્ર રૂટ અને કન્સાઇનમેન્ટની હેરફેર અંગે એટીએસ દ્વારા તપાસનો દોર આગળ ધપાવવામાં આવ્યો છે. સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરતાં જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં બોટ ઈરાનથી લોડ કરાવવામાં આવી હોવાની માહિતી મળી છે. જેથી એટીએસ હવે ઈરાનથી ડ્રગ્સના જથ્થાને કેવી રીતે લાવવામાં આવ્યો, તેમાં કોણ-કોણ સંડોવાયેલું હતું અને આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક તમિળનાડુની બોટને કન્સાઇનમેન્ટ સોંપવાનું આયોજન કોના ઈશારે કરવામાં આવ્યું હતું તે અંગે પૂછપરછ કરશે.

આરોપીઓને અગાઉ પણ આવા ગેરકાયદે ડ્રગ્સ કન્સાઇનમેન્ટની હેરફેરમાં કોઈ ભૂમિકા હતી કે કેમ, તેઓએ અગાઉ કેટલા કન્સાઇનમેન્ટ મોકલ્યા હતા અને આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે અંગે પણ તપાસ હાથ ધરાશે. ડ્રગ્સના ગેરકાયદે વેપારમાંથી આરોપીઓને અત્યાર સુધીમાં કેટલો આર્થિક લાભ મળ્યો હતો તેની પણ વિગતો મેળવવામાં આવશે. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને એટીએસ હવે સમગ્ર ડ્રગ્સ નેટવર્કની નાણાકીય કડી શોધી રહી છે. આરોપીઓના બેંક ખાતાં, નાણાકીય વ્યવહારો તથા હવાલા મારફતે થયેલી લેવડદેવડની તપાસ કરવામાં આવશે. ખાસ કરીને આ સમગ્ર નેટવર્કમાં પાકિસ્તાન સાથે કોઈ સીધું કે આડકતરી જોડાણ હતું કે કેમ તે અંગે પણ આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવશે. આ ઉપરાંત કેસમાં સામેલ હોવાનું મનાતા અન્ય બે શંકાસ્પદ કાવતરાખોરોની ભૂમિકા પણ તપાસ હેઠળ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

## 'ખાને મે કીડે મકોડે'...

### અમદાવાદની સમરસ હોસ્ટેલના ભોજનમાં જીવડાં નીકળતા વિવાદઃ એનએસયુઆઈ-વિદ્યાર્થીઓના ધરણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલ (મહિલા છાત્રાલય) ફરી એકવાર વિવાદમાં આવી છે. હોસ્ટેલમાં પીરસાતા ભોજનમાં વારંવાર જીવજંતુ અને વંદા નીકળવાની ફરિયાદો પર તંત્ર દ્વારા કોઈ ધ્યાન ન અપાતા, બુધવારે રાતના ભોજનમાં ફરી એકવાર વંદો નીકળતા મામલો ગરમાયો છે. આ ગંભીર બેદરકારીના વિરોધમાં રોષે ભરાયેલી વિદ્યાર્થિનીઓ અને એનએસયુઆઈ દ્વારા હોસ્ટેલ પરિસરમાં જ સત્યાગ્રહ અને ભૂખ હડતાળ શરૂ કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા ઘણા સમયથી ભોજનમાં કીડા નીકળવાની ફરિયાદો મળ્યા બાદ એનએસયુઆઈ ગુજરાત દ્વારા હોસ્ટેલના રસોડા અને સ્ટોર રૂમનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વિદ્યાર્થિનીઓએ પીવાનું શુદ્ધ પાણી, વોશરૂમ અને લાઈટ-પંખા સહિતની પાયાની સુવિધાઓનો પણ સદંતર અભાવ હોવાની રજૂઆત કરી હતી. આ તમામ સમસ્યાઓના નિરાકરણ માટે વહીવટી તંત્રને ૨ ઓક્ટોબર સુધીનો સમય આપવામાં આવ્યો હતો. જોકે, તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા અને ફરી ભોજનમાં જીવાત જોવા મળતા વિરોધ પ્રદર્શને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

## પ્રદૂષણ હટાવવા પહેલઃ જૂનું વાહન સ્ક્રેપ કરાવી નવું વાહન ખરીદનારને મળશે ૫૦% સુધીનું મોટું ટૅક્સમાં કન્સેશન

અમદાવાદઃ ગુજરાત સરકારે જૂના વાહનોને સ્ક્રેપિંગ તરફ વાળવા અને વાહનમાલિકોને નવા વાહનની ખરીદી માટે પ્રોત્સાહિત કરવા માટે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય મુજબ પાત્ર જૂના વાહનોને અધિકૃત રીતે સ્ક્રેપ કરાવ્યા બાદ મળતા સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ (સીઓડી)ના આધારે નવા વાહનની નોંધણી વખતે મોટર વ્હીકલ ટેક્સમાં ૫૦ ટકા સુધીની રાહત આપવામાં આવશે. આ નિર્ણયથી જૂના વાહનના સ્ક્રેપિંગને સીધો આર્થિક લાભ સાથે જોડવામાં આવ્યો છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી તથા વાહન વ્યવહાર રાજ્ય પ્રધાન પ્રવીણભાઈ માળીના નેતૃત્વ હેઠળ કરાયેલા આ નિર્ણનો સીધો અર્થ એ છે કે પાત્ર જૂનું વાહન સ્ક્રેપ કરાવ્યા બાદ મળતા સીઓડીનો ઉપયોગ નવા વાહનની નોંધણી વખતે કરવામાં આવશે અને લાગુ જોગવાઈ મુજબ નવા વાહન પર ભરવાના મોટર વ્હીકલ ટેક્સમાં કન્સેશનનો લાભ મળશે. આથી વર્ષો જૂના વાહનો ધરાવતા માલિકો માટે સ્ક્રેપિંગ બાદ નવા વાહન તરફ આગળ વધવાનો આર્થિક માર્ગ વધુ સરળ બનશે.બંદરો અને વાહન-વ્યવહાર વિભાગ દ્વારા આ નિર્ણય અંગે તાજેતરમાં જ પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા મુજબ (માસ એમિશન સ્ટાન્ડર્ડ્સ ભારત સ્ટેજ-૧) અને તેનાથી અગાઉના ધોરણો પ્રમાણે ઉત્પાદિત ટ્રાન્સપોર્ટ તથા નોન-ટ્રાન્સપોર્ટ વાહનોને આ જોગવાઈ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત બીએસ-૨ ધોરણ પ્રમાણે ઉત્પાદિત તમામ મધ્યમ અને ભારે માલવાહક મોટર વાહનો તેમજ તમામ મધ્યમ અને ભારે પેસેન્જર મોટર વાહનો માટે પણ કન્સેશનની જોગવાઈ કરવામાં આવી છે. આ સાથે રાજ્ય સરકારે જણાવ્યું હતું કે આ નિર્ણયની સૌથી મહત્ત્વપૂર્ણ બાબત સીઓડી સાથે જોડાયેલી છે. પાત્ર જૂનું વાહન અધિકૃત રીતે સ્ક્રેપ કરાવ્યા બાદ મળતું સીઓડી નવા વાહનની નોંધણી વખતે રજૂ કરવામાં આવશે. તેના આધારે નિયમો મુજબ મોટર વ્હીકલ ટેક્સમાં કન્સેશનનો લાભ મળશે. સરકારની આ પહેલથી જૂના વાહનોને લાંબા સમય સુધી રસ્તા પર ચલાવવાને બદલે તેમને સ્ક્રેપ કરીને નવા વાહન તરફ આગળ વધવાની પ્રક્રિયાને પ્રોત્સાહન મળવાની શક્યતા છે.

## ઈથિયોપિયામાં કિડનેપ થયેલા ત્રણેય ગુજરાતીને બચાવી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગેરકાયદે અમેરિકા જવા નીકળેલા અને ઈથિયોપિયામાં કથિત રીતે અપહરણ કરાયેલા ત્રણ ગુજરાતના રહેવાસીને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે અને કોઈપણ ખંડણી ચૂકવ્યા વિના ભારત પરત મોકલવામાં આવ્યા છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ઈથિયોપિયા પહોંચ્યા પછી ત્રણેય, એક પુરુષ અને બે મહિલા ગુમ થઈ ગયા હતા, તેમના પરિવારોએ આરોપ લગાવ્યો હતો કે તેમના અપહરણકારોએ તેમની મુક્તિ માટે રૂ.એક કરોડની માગણી કરી હતી.

વિદેશ મંત્રાલય અને ગુજરાત પોલીસ દ્વારા તેમને પરત લાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્રણેય ગુરુવારે સવારે ત્રણ વાગ્યાની આસપાસ મુંબઈ પહોંચ્યા હતા, જ્યાં તેમના પરિવારો તેમને મળ્યા હતા અને આજ સુધીમાં તેમના વતન પહોંચે તેવી શક્યતા છે.

ભોગ બનનારાઓની ઓળખ મહેસાણાના વડસ્મા ગામના રૂત્વિક જંસારી, મૂળ મહેસાણાના અને હાલમાં અમદાવાદમાં રહેતા મમતા ચાવડા અને ગાંધીનગરની મયૂરી તરીકે થઈ છે. સૂત્રો અનુસાર તેઓ સંબંધી છે.

તેઓ ૨૦ સપ્ટેમ્બરના રોજ મહેસાણાના એક એજન્ટની મદદથી ગુજરાત છોડીને ગયા હતા, જેણે તેમને વડોદરાના બીજા એજન્ટ સાથે સંપર્ક કરાવ્યાનો આરોપ છે. પોલીસે જણાવ્યું હતું કે ૨૨ સપ્ટેમ્બર પછી તેમના ઠેકાણાની કોઈ જાણકારી મળી શકી નથી, જેના પગલે મમતાનાં પિતા કિરીટભાઈ ચૌહાણે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

## ગુજરાતમાં ચાર રવિવાર મતદાર રજિસ્ટ્રેશન માટે ખાસ ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આવનારી ચૂંટણીઓમાં જનરેશન ઝેડ-જેન ઝીના મત લેવા માટે તમામ પક્ષ કમર કસી રહ્યા છે ત્યારે જે યુવાનો- પહેલીવારના મતદારો પાસે મતદાર કાર્ડ નથી તેમની માટે આ સમાચાર મહત્ત્વના છે. ગુજરાત ૧૮-૧૯ વર્ષની વયના પ્રથમ વખતના મતદારો સહિત, મતદાર યાદીમાં નોંધણી કરાવવા માટે રાજ્યવ્યાપી ખાસ ઝુંબેશ ચલાવશે. આ ખાસ ઝુંબેશ રાજ્યભરના મતદાન મથકો પર ૧૧, ૧૮, ૨૫ ઓક્ટોબર અને ૧ નવેમ્બરના ચાર રવિવારના રોજ યોજાશે. મતદાર નોંધણી સંબંધિત અરજીઓ મેળવવા માટે નિયુક્ત અધિકારીઓ અને બૂથ લેવલ ઓફિસરો (બીએલઓ) સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન મથકો પર હાજર રહેશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. આ પહેલ એવા રાજ્યો માટે ભારતના ચૂંટણી પંચના નિર્દેશો અનુસાર હાથ ધરવામાં આવી છે જ્યાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) કવાયત પૂર્ણ થઈ ગઈ છે. ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી સંદીપ સાગલેએ તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરોને મતદાર જાગૃતિ પ્રવૃત્તિઓ સાથે ઝુંબેશનું આયોજન કરવા અને જરૂરી વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો છે.

વર્તમાન નોન-એસઆઈઆર સમયગાળા દરમિયાન, લાયક નાગરિકો મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ હેઠળ ફોર્મ ૬ સબમિટ કરીને મતદાર યાદીમાં પોતાના નામ ઉમેરી શકે છે.

આ અભિયાનના ભાગ રૂપે, ચૂંટણી નોંધણી અધિકારીઓ અને સહાયક ચૂંટણી નોંધણી અધિકારીઓ કૉલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં મતદાર જાગૃતિ અંગેની પ્રવૃત્તિઓ હાથ ધરશે. બેનરો અને સ્થાનિક અખબારો દ્વારા પણ જાગૃતિ ફેલાવવામાં આવશે.

ચૂંટણી વિભાગે તમામ લાયક નાગરિકો, ખાસ કરીને ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ કરી ચૂકેલા યુવાનોને મતદાર યાદીમાં તેમના નામ નોંધાવવા માટે ખાસ ઝુંબેશનો ઉપયોગ કરવા અને મતદાર યાદી અપડેટ અને સમાવિષ્ટ રહે તે સુનિશ્ચિત કરવામાં મદદ કરવા વિનંતી કરી છે.

## યુવકના બીભત્સ ચેનચાળા વિરુદ્ધ નિરમા યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓએ કાળા કપડાં પહેરી કર્યું વિરોધ પ્રદર્શન

અમદાવાદઃ શહેરની નિરમા યુનિવર્સિટીમાં તાજેતરમાં એક કાર્યક્રમમાં પ્રોફેસર દ્વારા વિદ્યાર્થીનો કોલર પકડવાના કિસ્સા બાદ થયેલી બબાલ બાદ હવે ફરી એક નવો વિવાદ શરૂ થયો છે. આ વખતે ગર્લ્સ હૉસ્ટેલની સામેની બિલ્ડિંગમાં યુવકની બીભત્સ હરકતના વિરોધમાં વિદ્યાર્થિનીઓએ કાળા કપડાં પહેરીને વિરોધ વ્યક્ત કર્યો છે. મળતી વિગતો અનુસાર, અમદાવાદની નિરમા યુનિવર્સિટી ફરી એક નવા વિવાદના કેન્દ્રમાં આવી છે. આ વખતે ગર્લ્સ હૉસ્ટેલની સામે જ એક યુવક બીભત્સ હરકત કરી રહ્યો હોવાનો વીડિયો ખૂબ જ વાયરલ થયો હતો. યુવકની આ હરકત ખુલ્લી પાડવા માટે વિદ્યાર્થિનીઓએ તેનો વિડિયો ઉતારી લીધો હતો. આ વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયા બાદ ભારે હોબાળો મચી ગયો હતો. આ બનાવનો વિરોધ કરવા માટે આજે વિદ્યાર્થીઓ કાળા કપડાં પહેરીને યુનિવર્સિટી પરિસરમાં પહોંચ્યા છે. તે ઉપરાંત પ્લેકાર્ડ સાથે એક હજારથી વધુ વિદ્યાર્થીઓ વિરોધ કરીને બ્લેક ડેની ઉજવણી કરી છે. આ વીડિયો ગર્લ્સ હૉસ્ટેલની સામેની બિલ્ડિંગમાં કામ કરતા શ્રમિકનો હોવાનું જાણવા મળ્યું હતું. વીડિયો વાઇરલ થયા બાદ મહિલા સુરક્ષા મુદ્દે એમએસયુઆઈ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. સમગ્ર મામલે તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસની માગ કરવામાં આવી હતી. વિદ્યાર્થી સંગઠને માગ કરી હતી કે સિક્યુરિટી વ્યવસ્થા કરવામાં આવે તેમ જ બનાવ અંગે સીસીટીવીની તપાસ શરૂ કરવામાં આવે. તે સિવાય સંબંધિત વ્યક્તિની ઓળખ કરી કડક કાર્યવાહીની માગ કરવામાં આવી હતી.

## સુરેન્દ્રનગરમાં મૂંગા-બહેરા બાળકો સાથે કથિત અત્યાચારની ફરિયાદથી ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર : નવા જંકશન નજીક આવેલી માનવ સેવા સંચાલિત મૂંગા-બહેરા બાળકોની શાળામાં વિદ્યાર્થીઓને કથિત રીતે માનસિક ત્રાસ અને અન્ય પ્રકારની હેરાનગતિ કરવામાં આવતી હોવાની ફરિયાદ સામે આવતા સમગ્ર મામલે ખળભળાટ મચી ગયો હતો. મળેલી ચોક્કસ માહિતીના આધારે વઢવાણ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) મેહુલ ભરવાડ સહિતની ટીમે શાળામાં સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરી તપાસ શરૂ કરી હતી. તપાસ બાદ ગૃહમાતા સોનલબેન સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તેમની અટકાયત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

શાળામાં હાલ ૧૫ દીકરી અને ૨૭ દીકરા મળી કુલ ૪૨ વિદ્યાર્થી અભ્યાસ કરતા હોવાનું જણાવાયું છે. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગૃહમાતા દ્વારા કેટલાક બાળકોને માર મારવો, ભૂખ્યા રાખવા, રાત્રિના સમયે કામ કરાવવું, ઘરકામ કરાવવું તેમજ યોગ્ય ભોજન ન આપવું સહિતની હેરાનગતિ કરવામાં આવતી હતી.

આ ઉપરાંત ફરિયાદમાં કેટલીક દીકરીઓ પાસેથી અંગત કામ કરાવવાના અને ગૃહમાતાનાં અંગત કામ માટે તેમનો ઉપયોગ કરાવવાના પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

શાળાને સુરેન્દ્રનગરના દાતાઓ દ્વારા આપવામાં આવતી ચીજવસ્તુઓ તથા રોકડ રકમના ઉપયોગ અંગે પણ ફરિયાદમાં ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આ મામલે પ્રશાંત ભટ્ટ નામની વ્યક્તિ સામે પણ ફરિયાદ હોવાની માહિતી મળી છે. સંસ્થામાં બાળકો સાથે કામ કરાવવાના તેમજ નશીલા પદાર્થો અને દારૂના સેવન અંગે પણ આક્ષેપો કરવામાં આવ્યા છે. આ તમામ આક્ષેપોની પણ તપાસ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

મૂંગા-બહેરા બાળકો પોતાની સાથે થતી તકલીફો સરળતાથી વ્યક્ત કરી શકતા ન હોવાથી મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જણાવાયું છે. કલેક્ટરની સૂચના અને માર્ગદર્શન હેઠળ વઢવાણ એસડીએમ મેહુલ ભરવાડે ટીમ સાથે સ્થળ પર તપાસ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

હાલ સુરેન્દ્રનગર એ ડિવિઝન પોલીસ દ્વારા ગૃહમાતા સોનલબેનની અટકાયત કરવામાં આવી છે અને સમગ્ર મામલે વધુ તપાસ ચાલી રહી છે. તપાસ દરમિયાન સામે આવનારા પુરાવા અને નિવેદનોના આધારે અન્ય જવાબદારો સામે પણ કાર્યવાહી થાય તેવી શક્યતા છે.

## બન્નીના સાંધારા ગામે રહસ્યમય બીમારીનો કહેરઃ બે સગા ભાઈનાં મોત, પરિવારના છ સભ્યો હૉસ્પિટલમાં દાખલ

ભુજઃ કચ્છના ભાતીગળ બન્ની પ્રદેશના સાંધારા ગામમાં કોલસા બનાવી ગુજરાન ચલાવતા એક ગરીબ શ્રમિક પરિવારમાં અચાનક વકરેલી રહસ્યમય બીમારીના લીધે ૮ અને ૧૨ વર્ષના બે સગા ભાઈનાં મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે ગમગીની અને ભયનો માહોલ છવાઈ ગયો છે. આ દુર્ઘટનામાં પરિવારના અન્ય છ સભ્ય ગંભીર હાલતમાં હૉસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ છે. પ્રાથમિક તપાસમાં આરોગ્ય તંત્ર દ્વારા આ રોગ વાઇરલ એન્કેફલાઇટિસ એટલે કે મગજનો તાવ હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી છે. સાંધારા ગામની સીમમાં રહેતા માતા-પિતા અને સાત સંતાનો સહિત નવ સભ્યના પરિવારમાં ગત તા. ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરના રોજ અચાનક સભ્યોની તબિયત લથડી હતી. તમામ દર્દીઓમાં તીવ્ર માથાનો દુખાવો, ઊંચો તાવ અને સતત ઊલટી જેવાં ગંભીર લક્ષણો જોવા મળ્યાં હતાં. દરમિયાન તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ ૮ વર્ષીય માસૂમ બાળકનું ઘરે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેના ૧૨ વર્ષીય મોટા ભાઈએ ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. જોકે, બંને બાળકોનું પોસ્ટમોર્ટમ કરાવ્યા વિના જ પરિવારે અંતિમવિધિ કરી દીધી હોવાથી મોતના સત્તાવાર ક્લિનિકલ કારણ પર હજુ રહસ્ય અકબંધ છે.

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા આરોગ્ય વિભાગ અને જી.કે. જનરલ હાજસ્પિટલની તબીબી ટીમોએ સાંધારા ગામે દોડી જઈ સ્થળ તપાસ હાથ ધરી હતી. જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. કેશવ કુમારના જણાવ્યા અનુસાર, દર્દીઓના સીરમ, બ્લડ તેમ જ અન્ય સેમ્પલ્સ એકત્ર કરી ગાંધીનગર સ્થિત ગુજરાત બાયોટૅકનોલૉજી રિસર્ચ સેન્ટર ખાતે મોકલવામાં આવ્યા છે. બીજી તરફ, ફૂડ ઍન્ડ ડ્રગ્સ વિભાગે ઘરમાંથી રસોઈ માટે વપરાતા ખાદ્ય તેલ અને ભોજનના સેમ્પલ લઈને ફૂડ પોઇઝનિંગ કે ઝેરી તત્ત્વોની શક્યતા ચકાસવા લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

## સપ્ટેમ્બર-૨૦૨૬માં ગુજરાતને જીએસટીની ₹ ૮,૧૬૭ કરોડની આવક થઈ

અમદાવાદઃ સપ્ટેમ્બર-૨૦૨૬માં ગુજરાત રાજ્યને જીએસટી હેઠળ રૂ. ૮,૧૬૭ કરોડની આવક થઈ છે. જ્યારે ગત વર્ષના સપ્ટેમ્બર માસનાં જીએસટીની આવક રૂ. ૬,૦૫૦ કરોડ હતી. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છ માસમાં રાજ્યને જીએસટી હેઠળ કુલ રૂ. ૪૯,૮૫૮ કરોડની આવક થઈ છે, જે ગત વર્ષની પ્રથમ છ માસની આવક રૂ. ૩૮,૫૪૦ કરોડની હતી. સપ્ટેમ્બર માસ દરમિયાન રાજ્યને વેટ હેઠળ રૂ. ૨,૯૩૦ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ. ૧,૧૦૨ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂ. ૨૪ કરોડ તથા જીએસટીની રૂ. ૮,૧૬૭ કરોડની આવક થઈ છે. આમ, સપ્ટેમ્બર-૨૦૨૬માં રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા સહિત કુલ રૂ. ૧૨,૨૨૨ કરોડની આવક થઈ હોવાની માહિતી મળી છે.

## ગુજરાતમાં ગાંધી જયંતીથી ખાદી અને પોલિવસ્ત્રમાં 30 ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ખાદીના વિચારને ખરા અર્થમાં જીવંત રાખવા તથા ખાદી દ્વારા ગુજરાતના હજારો કારીગરોને સતત રોજગારી મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા તા. ૨ ઑક્ટોબર થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ખાદી અને પોલિવસ્ત્રની માન્ય સંસ્થાઓ-મંડળીઓ દ્વારા ઉત્પાદિત ખાદી અને પોલિવસ્ત્રની ઉત્પાદનની કિંમત પર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે, જેનો સીધો લાભ ગ્રાહકોને ખાદી વેચાણ કેન્દ્રો મારફત ખરીદી પર મળનારા વળતર સ્વરૂપે થશે.

આ નિર્ણયના પરિણામે આગામી ધાર્મિક તહેવારો, જાહેર તેમજ સામાજિક પ્રસંગોમાં નાગરિકો સ્વદેશી ખાદી તરફ વધુ આકર્ષાશે અને તેના વેચાણમાં નોંધપાત્ર વધારો થશે,તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

રાજ્યમાં ખાદીનું વેચાણ વધવાથી ગુજરાતની કેવીઆઈસીનું પ્રમાણપત્ર ધરાવતી અને ખાદી બોર્ડના ઈ-કુટીર પોર્ટલ પર નોંધણી થયેલ અંદાજિત ૨૨૦ થી વધુ માન્ય ખાદી સંસ્થા-મંડળીઓના ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ અંદાજે ૧૬ હજારથી વધુ કાંતનાર અને વણનાર કારીગરોને સતત રોજગારી મળતી રહેશે.

આ સહાય યોજના અંતર્ગત ઉત્પાદિત આસન, શેતરંજી, રેશમ પટોળા, ઊની સ્વેટર, જર્સી, શાલ અને ખાદીના વિવિધ રેડિમેઇડ ગારમેન્ટ્સ જેવાં ઉત્પાદનોની બહોળા પ્રમાણમાં ખરીદી થવાથી સ્થાનિક ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે. રાજ્ય સરકાર દ્વારા તમામ નાગરિકોને આ મેળાઓની મુલાકાત લઈ સ્વદેશી ખાદી વસ્ત્રોની ખરીદી કરીને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહિત કરવા અપીલ પણ કરવામાં આવી હતી.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 232 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ વદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 October 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨ ઑક્ટોબર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ







## ૯/૧૧નું રી-રન રોકનાર ઘાટકોપરના ગુજરાતી પાઈલટને મોદીથી લઈને ટ્રમ્પ સુધી આખી દુનિયાએ 'હીરો' તરીકે બિરદાવ્યા



### સલામ છે સ્મિત મચ્છરને

નવી દિલ્હીઃ દુબઈથી તેલ અવીવ જતી ફ્લાયદુબઈની ફ્લાઇટને કોઇ જગ્યાએ અથડાવીને ૯/૧૧નું પુનરાવર્તન કરવાનો ત્રાસવાદીનો પ્રયાસ નિષ્ફળ બનાવનારા ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છર મૂળ મુંબઈના ઘાટકોપરના રહેવાસી છે, પણ હાલમાં દુબઇમાં રહે છે. તેઓ જલદી સાજા થઇ જાય તે માટે વારાણસી અને સોમનાથમાં ખાસ પ્રાર્થના યોજાઇ હતી. મુંબઈમાં તેમના માતા-પિતાના ઘરની બહાર મોટી સંખ્યામાં લોકો ત્રિરંગો લઇને ભેગા થયા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ સી. વી. રાધાકૃષ્ણન, કેન્દ્રીય પ્રધાનો અને મુખ્ય પ્રધાનો ઉપરાંત અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ઇઝરાયલના નેતાઓએ 'બહાદુરી'ની પ્રશંસા કરી (જુઓ પાનું ૨) ▶▶

### પિકનિકની મજા માતમમાં ફેરવાઈ

## રાયગડના દરિયામાં ડૂબી જવાથી આઠ વિદ્યાર્થીનાં મોત

મુંબઈઃ પુણેના આળંદીથી પિકનિક પર રાયગડ જિલ્લાના દિવેઆગર બીચ ખાતે આવેલા ખાનગી કોચિંગ ક્લાસના ૪૨ વિદ્યાર્થીમાંથી આઠ વિદ્યાર્થી માટે પિકનિકની મજા માતમમાં ફેરવાઇ ગઇ હતી અને તેમનો આ પ્રવાસ તેમના જીવનની અંતિમ સફર બની હતી. પાણીમાં ગયેલા આઠ વિદ્યાર્થીનાં ડૂબી જવાથી મોત થતાં અન્ય વિદ્યાર્થીઓમાં ખળભળાટ મચી ગયો હતી. આઠેય વિદ્યાર્થીનાં મૃતદેહ બાદમાં પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

પુણેના આળંદી ખાતે વિનર્સ એકેડમી નામના ખાનગી કોચિંગ ક્લાસના ૧૧ અને ૧૨મા ધોરણના ૨૫ વિદ્યાર્થી અને ૧૭ વિદ્યાર્થિનીનું ગ્રૂપ તેમના ૭ શિક્ષક સાથે ગુરુવારે દિઘી કોસ્ટલ પોલીસ સ્ટેશનની હદમાં દિવેઆગર બીચ પર પિકનિક માટે આવ્યું હતું.

કેટલાક વિદ્યાર્થી પાણીમાં ગયા હતા, પણ ઊંડાણનો ખ્યાલ ન રહેતા આઠ વિદ્યાર્થી ડૂબવા લાગ્યા હતા. વિદ્યાર્થીઓને ડૂબતા જોઇને અન્ય વિદ્યાર્થીઓએ મદદ માટે બૂમાબૂમ કરી (જુઓ પાનું ૨) ▶▶

## સરકારની તિજોરી છલોછલઃ જીએસટીની વસૂલી ૧૫% વધી

નવી દિલ્હીઃ સપ્ટેમ્બરમાં ગ્રોસ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) કલેક્શન વાર્ષિક ધોરણે ૧૪.૭ ટકા વધીને ૨.૦૩ લાખ કરોડ રૂપિયાથી વધુ રહ્યું હતું. સરકારી આંકડા અનુસાર, ઘરેલુ વપરાશ અને આયાત આવકમાં મજબૂત વૃદ્ધિએ જીએસટી કલેક્શનમાં વધારો કર્યો છે.

જોકે, સપ્ટેમ્બરમાં જીએસટી રિફંડ ત્રણ ટકા ઘટીને ૨૭,૦૧ કરોડ રહ્યું છે. રિફંડને સામેલ કર્યા પછી સપ્ટેમ્બરમાં શુદ્ધ જીએસટી કલેક્શન ૧૮.૧ ટકા વધીને ૧.૭૬ લાખ કરોડ રૂપિયાથી વધુ રહ્યું છે. ઘરેલુ ગતિવિધિઓમાંથી કુલ જીએસટી કલેક્શન ૧૦.૧ ટકા વધીને આશરે ૧.૩૮ લાખ કરોડ થયું છે, જ્યારે આયાતમાંથી આવક ૨૬ ટકા વધીને (જુઓ પાનું ૨) ▶▶













## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નથવાણી 'સપા'માં, યોગીને વેતરવાની ગૅમ કે યુપીમાં ભાજપની હારનો અંદાજ?

**ઉત્તર પ્રદેશ**માં રાજ્યસભાની ૧૦ બેઠક માટે ૧૬ ઓક્ટોબરે ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ ૭ ઓક્ટોબર છે. ભાજપ તથા તેના સાથી પક્ષો ૧૦માંથી આઠ બેઠકો જીતી શકે તેમ છે પણ ભાજપ સાથી પક્ષોને કોઈ બેઠક આપવા નથી માગતો તેથી ખેંચતાણ ચાલી રહી છે ત્યારે સમાજવાદી પાર્ટીએ રિલાયન્સના ધનરાજ નથવાણીને ટિકિટ આપીને સૌને ચોંકાવી દીધા છે.

સમાજવાદી પાર્ટી પાસે યુપી વિધાનસભામાં ૧૦૬ ધારાસભ્ય હોવાથી તેના બે ઉમેદવારોની જીત પાકી મનાય છે. બેમાંથી એક ઉમેદવાર તરીકે રામગોપાલ યાદવ હશે એ નક્કી હતું કેમ કે પ્રોફેસર રામગોપાલ સપાના મુખિયા અખિલેશ યાદવના કાકા છે. અખિલેશ બીજા ઉમેદવાર તરીકે કોના પર કળશ ઢોળશે તેની ચર્ચા ચાલતી જ હતી ત્યાં મંગળવારે સવારના પહોરમાં સપાએ ધનરાજ નથવાણીના નામની જાહેરાત કરીને સૌને મોટો આંચકો આપી દીધો.

ધનરાજ નથવાણી રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીના પુત્ર છે અને રિલાયન્સ ગ્રૂપમાં ઘણી કંપનીઓમાં ડિરેક્ટર છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રૂપ પ્રેસિડેન્ટ તરીકે કામ કરતા ધનરાજ નથવાણી રિલાયન્સની રોજિંદી કામગીરીમાં પણ સામેલ છે અને ગુજરાત ક્રિકેટ એસોસિયેશનમાં પ્રમુખ છે. સૌથી મહત્વની વાત એ છે કે, નથવાણી પરિવાર ભાજપની અત્યંત નજીક મનાય છે. ધનરાજના પિતા પરિમલ નથવાણી તો વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ બંનેના ખાસમખાસ ગણાય છે છતાં અખિલેશે ધનરાજને પોતાની પાર્ટીના સત્તાવાર ઉમેદવાર બનાવ્યા તેથી સૌને આંચકો લાગી ગયો છે.

બીજી વાત એ કે, પરિમલ નથવાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના પણ ખાસ છે. ધીરુભાઈ અંબાણીના માનસ પુત્ર મનાતા પરિમલ નથવાણી રાજકારણમાં રિલાયન્સનાં હિતો સાચવવા માટે જ આવ્યા હોવાનું પણ કહેવાય છે ને અંબાણી પરિવાર પણ ભાજપનો ખાસ મનાય છે. કેન્દ્રની ભાજપ સરકાર અદાણી અને અંબાણીનાં જ હિતો સાચવવા માટે મથે છે એવા આક્ષેપો પણ થયા કરે છે ને આ માહોલમાં રિલાયન્સના ધનરાજ નથવાણી ભાજપના ઘોર વિરોધી અખિલેશની પાર્ટીના સત્તાવાર ઉમેદવાર બન્યા છે. આ બધું પાછું ઉત્તર પ્રદેશમાં છ મહિના પછી એટલે કે ૨૦૨૭ના માર્ચમાં વિધાનસભાની ચૂંટણી છે ને એ પહેલાં જ બન્યું છે તેથી જાત જાતની રાજકીય ચર્ચાઓ જામી છે.

આ ચર્ચામાં મુખ્ય બે મુદ્દા કેન્દ્રસ્થાને છે. પહેલો મુદ્દો એ છે કે, રિલાયન્સ ગ્રૂપને ૨૦૨૭ની ચૂંટણીમાં ભાજપ હારી જશે ને અખિલેશ યાદવ ફરી મુખ્ય પ્રધાન બનશે એવું લાગે છે એટલા માટે અત્યારથી જ અખિલેશ સાથેના સંબંધો અત્યારથી મજબૂત બનાવી દેવાયા છે ? ગુજરાતીમાં કહેવત છે કે, લાલો લાભ વિના લોટે નહીં. અત્યારે મુકેશ અંબાણી પણ ભવિષ્યના પોતાના લાભને ખાતર જ અખિલેશ સાથેના સંબંધો એકદમ ગાઢ બનાવવા માંડ્યા છે. એવી ચર્ચા પણ ચાલી રહી છે કે, રિલાયન્સને યુપીમાં ભાજપ ફરી સત્તામાં આવે એવું લાગતું નથી તેથી અખિલેશ યાદવના આખા ઈલેક્શન કેમ્પેઈનનું ફંડિંગ કરવાનું રિલાયન્સે માથે લીધું છે. સામે રિટર્ન ગિફ્ટમાં અખિલેશે ધનરાજ નથવાણીને સમાજવાદી પાર્ટીના સાંસદ બનાવવાનું માથે લઈ લીધું છે.

બીજી ચર્ચા એવી પણ છે કે, ભાજપના જ કેટલાક નેતાઓને ઉત્તર પ્રદેશમાં ભાજપ હારી જાય તેમાં રસ છે કે જેથી યોગી આદિત્યનાથનો રાજકીય પ્રભાવ ખતમ થઈ જાય અને ભવિષ્યમાં વડા પ્રધાનપદ માટે દાવેદારી ના કરી શકે. યોગીનો કાંટો કાઢી નાખવા માટે ભાજપને હરાવવાની આખી ગેઈમ ગોઠવાઈ છે ને તેમાં પરિમલ નથવાણીને આગળ કરાયા છે. યોગીને વેતરી નાંખવામાં કોને રસ છે એ કહેવાની જરૂર નથી ને નથવાણીની ભાજપનાં આ મોટાં માથાં સાથેની નિકટતા પણ જગજાહેર છે તેથી આ વાત સાવ મોંમાથા વિનાની નથી લાગતી.

અત્યારે ભાજપમાં નરેન્દ્ર મોદી પછી કોણ એ ચર્ચામાં સૌથી પહેલું નામ અમિત શાહનું ને પછી યોગી આદિત્યનાથનું આવે છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું નામ પણ ચર્ચામાં છે. ભૂતકાળમાં ભાજપ હાઈકમાન્ડે યોગીને વેતરી નાખવાની મથામણ કરેલી જ. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી વખતે યોગીને કોરાણે મૂકીને ઉમેદવારો નક્કી કરવાના ઉધામા પણ થયેલા ને યોગીને હટાવીને કેશવ પ્રસાદ મૌર્યને ગાદીએ બેસાડવાનો તખ્તો પણ ગોઠવાયેલો. યોગી ભારાડી સાબિત થયા ને મૌર્યને હરાવી દીધા તેમાં કશું વળ્યું નહીં પણ યોગી મજબૂત થાય એ ભાજપના ચોક્કસ નેતાઓને નથી જ ગમતું. તેમાં યોગી ભાજપને જીતની હેટ્રિક કરાવી દે તો પછી તો તેમને રોકી જ ના શકાય. દેશના સૌથી મોટા રાજ્યમાં સળંગ ત્રીજી વાર જીતાડનાર સ્વાભાવિક રીતે જ વડા પ્રધાનપદના પ્રબળ દાવેદાર બની જ જાય તેથી યોગીને પછાડવા આખો ખેલ રચાયાની વાત ગળે ઉતરે એવી છે જ.

રિલાયન્સ પાસે પણ આ ખેલમાં સામેલ થવા માટે પૂરતાં કારણો છે. ભાજપની આંતરિક લડાઈ કરતાં વધારે મોટો જંગ કોર્પોરેટ સેક્ટરમાં દેશનું સૌથી પ્રભાવશાળી અને વગદાર ગ્રૂપ બનવા માટે ચાલે છે. અદાણી ગ્રૂપ અત્યારે આ રેસમાં આગળ છે. વિરોધીઓએ પછાડવા માટે ભારે હવાતિયાં માર્યાં છતાં અદાણી ગ્રૂપનો પ્રભાવ વધતો જ જાય છે તેથી ભાજપ હાઈ કમાન્ડની ગુડ બુકમાં આવવા રિલાયન્સે અખિલેશની પંગતમાં બેસવાનો ડોળ કર્યો હોય એ શક્ય છે. અખિલેશ સાથે રિલાયન્સ ગ્રૂપના સારા સંબંધો પહેલથી હતા પણ મુકેશ અંબાણી ખુલ્લંખુલ્લાં અખિલેશની સાથે બહાર નહોતા આવ્યા. ભૂતકાળમાં અનિલ અંબાણી મુલાયમસિંહ યાદવની મદદથી રાજ્યસભામાં ગયેલા પણ મુકેશ અંબાણીએ અંતર જાળવેલું. બલકે ભાજપ સાથે પણ મુકેશ અંબાણી અને રિલાયન્સ એક અંતર જાળવીને જ વર્તે છે. આ કારણે જ નરેન્દ્ર મોદીની નજીક મનાતા પરિમલ નથવાણી રાજ્યસભામાં કદી ભાજપના ઉમેદવાર તરીકે ઉભા રહ્યા નથી. નથવાણીને દરેક વખતે ભાજપનો ટેકો મળ્યો છે પણ કદી ભાજપના સત્તાવાર ઉમેદવાર નથી બન્યા. નથવાણી પહેલી બે ટર્મ માટે એટલે કે ૨૦૦૮થી ૨૦૨૦ લગી નથવાણી ઝારખંડમાંથી અપક્ષ તરીકે ચૂંટાયેલા જ્યારે ૨૦૨૦માં આંધ્ર પ્રદેશમાંથી ચૂંટાયેલા. પહેલી બે ટર્મ વખતે નથવાણીને ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)એ ખુલ્લો ટેકો આપેલો જ્યારે ૨૦૨૦માં પરિમલ નથવાણી વાયએસઆર કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર તરીકે જીત્યા હતા. એ વખતે આંધ્ર પ્રદેશમાં જગન મોહન રેડ્ડીની વાયએસઆર કોંગ્રેસનું રાજ હતું તેથી નથવાણી આસાનાથી જીતી ગયેલા. ૨૦૨૬ના જૂનમાં યોજાયેલી ચૂંટણીમાં નથવાણી પાછા ઝારખંડમાંથી અપક્ષ તરીકે ઊભા રહ્યા હતા ને જેએમએમની મદદથી જીત્યા હતા તેથી નથવાણીની રાજ્યસભાના સભ્ય તરીકે આ ચોથી ટર્મ છે.

નથવાણી વાયએસઆર કોંગ્રેસના ઉમેદવાર તરીકે રાજ્યસભામાં ગયેલા પણ જગન ભાજપની બી ટીમ હતા તેથી તેમાં કશું અજૂગતું નહોતું લાગતું પણ અખિલેશ ભાજપનો ઘોર વિરોધી છે. ભાજપને પછાડીને યુપીમાં સત્તા કબજે કરવાનાં સપનાં જુએ છે ને નથવાણી તેની પંગતમાં બેસે તેનો અર્થ એ જ છે કે, કોઈ મોટી ગેઈમ છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌરશરદઋતુ, શુક્રવાર, તા. ૨-૧૦-૨૦૨૬, સપ્તમી શ્રાદ્ધ, મહાત્મા ગાંધી જન્મદિન

- ભારતીય દિનાંક ૧૦, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૧મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર મૃગશીર્ષ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૫૪ સુધી (તા. ૩), પછી આર્દ્રા
- ચંદ્ર વૃષભમાં બપોરે ક. ૧૫-૩૯ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૨, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૫ (તા. ૩)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૫, રાત્રે ક. ૨૧-૨૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - ષષ્ઠી. સપ્તમી શ્રાદ્ધ, મહાત્મા ગાંધી જન્મદિન, ભદ્રા ક. ૧૦.૧૫ થી રાત્રે ક. ૨૧-૦૬. સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-શુક્ર પૂજા, કાળી દ્રાક્ષના ઔષધીય પ્રયોગો, ખેરનું વૃક્ષ વાવવું, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, હજામત, શ્રાદ્ધ ભોજન નિમિત્તે નવા વાસણ, નિત્ય થતાં પશુ લે-વેંચ, દુકાન-વેપાર, ખેતીવાડી, સ્થાવર લેવડદેવડ સંબંધિત કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- શ્રાદ્ધ મહિમાઃ સાતમ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. સાતમનું શ્રાદ્ધ યજ્ઞ કર્યા જેવું ફળ આપે છે. શ્રાદ્ધ વિશેનું વર્ણન અમાપ છે. શ્રાદ્ધને સમજવા માટે પ્રથમ શ્રદ્ધા આવશ્યક છે. જરૂરિયાતમંદોને ભોજન એ પ્રથમ માર્ગ છે. અનેક સમાજસેવાના કાર્યો પણ શ્રાદ્ધ નિમિત્તે કરી શકાય, બ્રાહ્મણ દ્વારા નદીસંગમ, તીર્થોમાં શ્રાદ્ધ અને પોતાના ઘરે તર્પણ શ્રાદ્ધ થઈ શકે તેમ છે, જેમ શ્રાવણમાં શિવપૂજા, ગણેશ જયંતી મહાપર્વની ઉજવણી થઈ તેમ પિતૃદેવતાઓને ભાદ્રપદ કૃષ્ણપક્ષમાં શ્રાદ્ધ વિધિ કરવાનો પણ મહિમા છે.
- આચમનઃ બુધ-મંગળ ચતુષ્કોણ અતિશયોક્તિ કરનારા, ચંદ્ર-રાહુ ત્રિકોણ સાહસિક સ્વભાવ, મંગળ-નેપ્ચ્યૂન ત્રિકોણ તીવ્ર સંવેદનશીલ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ બુધ-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, મંગળ-નેપ્ચ્યૂન ત્રિકોણ (તા. ૩), ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક આવે છે. ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ ઉત્તરે ૨૭ અંશ ૫૯ કળાના અંતરે રહે છે.

ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-કર્ક, માર્ગી બુધ-તુલા, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# યુવાનોને સરકારી સેવામાં લાવોઃ મોદી

નવી દિલ્હીઃ દેશે એવા યુવાનોને જાહેર સેવામાં લાવવા જોઇએ જેઓ સરકારી હોદ્દાઓથી આકર્ષિત ન હોય પરંતુ જાહેર સેવાથી પ્રેરિત હોય. આ વાત વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે કહી હતી.

વડા પ્રધાને યુનિયન પબ્લિક સર્વિસ કમીશન(યુપીએસસી)ના શતાબ્દી સમારોહને સંબોધતા જણાવ્યું કે ભરતી પરીક્ષાઓમાં માત્ર ઉમેદવારના જ્ઞાનની પરીક્ષા ન લેવાતા તેઓ સિવિલ સર્વિસમાં શા માટે જોડાવા ઇચ્છે છે તેની પણ માહિતી મેળવવી જોઇએ.

વડા પ્રધાને કહ્યું કે આપણે એવા યુવાનોને જાહેર સેવામાં લાવવાની જરૂર છે જેઓ સરકારી હોદ્દાઓથી નહીં પરંતુ જાહેર સેવાથી પ્રેરિત હોય. તેથી ભરતી પરીક્ષાઓમાં માત્ર ઉમેદવારની જ્ઞાનની જ નહીં પરંતુ તેઓ શા માટે સિવિલ સર્વિસમાં જોડાવા માંગે છે તેની પણ કસોટી કરવી જરૂરી છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણે પરીક્ષાઓમાં ઉમેદવારોની જટિલ સમસ્યાઓ ઉકેલવા માટેની ક્ષમતા અને દૂરંદેશીપણાની કસોટી કરવી પડશે. આજે પ્રશ્ન માત્ર સર્વિસ ડિલિવરીનો નથી, પરંતુ શું સરકારી સેવાઓ આજની ઇન્સ્ટન્ટ ડિલિવરીની ઝડપ સાથે તાલમેલ બેસાડી શકે છે કે નહીં એનો છે. (એજન્સી)

# જમીન વિવાદઃ યુપીમાં બે સાધુને ખાટલા સાથે બાંધીને જીવતા સળગાવી દેવાયા

લખનઊઃ તાજેતરમાં જ રાજસ્થાનમાં સાધુઓની હત્યાના બનાવોએ ખૂબ જ ચર્ચા જગાવી હતી, ત્યારે હવે ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં શિવ મંદિરની અંદર બે સાધુઓની હત્યા કરી દેવામાં આવી છે. લાકડાઓની ચિતા જલાવીને બંને સાધુઓના મૃતદેહને સળગાવી દેવામાં આવ્યા હતા. સવારે જ્યારે ગામ લોકોએ મંદિરમાં ધુમાડો ઉઠતાં જોયો ત્યારે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તે સમયે એક સાધુનો મૃતદેહ બળી રહ્યો હતો અને એકનો બળીને કંકાલ બની ગયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, આ હત્યાકાંડ પાછળ મંદિરની જમીન પર કબજો કરવાનો વિવાદ મુખ્ય કારણ હોવાનું માનવામાં આવે છે. એવો આરોપ છે કે આ મંદિર આરોપી સુમિત સિંહના પરિવારની જમીન પર બનેલું છે અને તે આ જમીન પચાવી પાડવા માંગતો હતો, જ્યારે મંદિરમાં રહેતા આ બંને વૃદ્ધો તેની દેખભાળ કરતા હતા જે વિવાદનું મૂળ હતું. બુધવારે રાત્રે સુમિતે પહેલા ગામમાં ફરતા ફરતા કાલ સિંહ સ્થાન પર લાઈટો તોડી હતી અને ત્યારબાદ હનુમાન મંદિરે પહોંચીને બંને વૃદ્ધો સાથે મારઝૂડ કરી હતી. ત્યારબાદ તેણે બંનેને અલગ-અલગ ખાટલા સાથે બાંધી, આસપાસથી લાકડા ભેગા કરી આગ ચાંપી દીધી હતી.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, મુખ્ય આરોપી સુમિત સિંહ ગુનાહિત ભૂતકાળ ધરાવે છે અને તે આશરે બે મહિના પહેલા જ જેલમાંથી છૂટીને બહાર આવ્યો હતો. તેના વિરુદ્ધ અગાઉ એસસી-એસટી એક્ટ અને કાર સળગાવવા સહિતના અનેક કેસો નોંધાયેલા છે. તે અગાઉ પણ આગચંપીની ઘટનાઓમાં સંડોવાયેલો હોવાના આરોપો છે અને તેના પિતા પણ હિસ્ટ્રીશીટર હોવાનું કહેવાય છે. જોકે, તેના ગુનાહિત ઇતિહાસ અને હત્યા પાછળના ચોક્કસ કારણ અંગે પોલીસ તપાસ બાદ જ સત્તાવાર પુષ્ટિ થઈ શકશે.

મંદિર પરિસરમાં બે વૃદ્ધોને બાંધીને જીવતા સળગાવી દેવાની આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો દોડી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક ધોરણે આ ગંભીર મામલાની તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ હાલમાં જમીન વિવાદની પૃષ્ઠભૂમિ, હત્યા કરવાની ક્રૂર રીત અને આરોપીની સંડોવણી અંગે સઘન તપાસ કરી રહી છે. હત્યા પહેલા બંને પક્ષો વચ્ચે રાત્રે બરાબર શું બન્યું હતું અને વિવાદનું તાત્કાલિક કારણ શું હતું, તે આગામી પોલીસ તપાસમાં જ સ્પષ્ટ થઈ શકશે.

# અમેરિકી લશ્કરમાં મોટા ફેરફારની તૈયારી, જનરલ અને એડમિરલની સંખ્યા ઘટાડાશે

ક્વોન્ટિકો (અમેરિકા): અમેરિકાના સંરક્ષણ પ્રધાન પીટ હેગસેથે બુધવારે પુષ્ટી કરી હતી કે અમેરિકાની સેના પોતાના જનરલો અને એડમિરલોની સંખ્યામાં ૨૦ ટકાનો ઘટાડો કરશે. તેમણે તેમના 'સ્ટેટ ઓફ ધ ફોર્સ' સંબોધનમાં એક નવા ડ્રોન કોમ્બેટ કમાન્ડ અને અન્ય ઘણી મોટી જાહેરાતો કરી હતી. હેગસેથે વર્જિનિયાના મરીન કોર્પ્સ બેઝ ક્વોન્ટિકોમાં જૂનિયર અધિકારીઓ અને નેતાઓને સંબોધ્યા હતા. આ સતત બીજુ વર્ષે છે જ્યારે તેમણે આવું સંબોધન કર્યું છે.

હાલમાં અમેરિકાની સેના ઈરાન સાથે સાત મહિનાથી યુદ્ધમાં છે જેનો કોઈ સ્પષ્ટ અંત દેખાઈ રહ્યો નથી. સેનાએ વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોને પણ પકડી લીધો છે અને લેટિન અમેરિકામાં કથિત ડ્રગની તસ્કરીની બોટો પર હુમલાઓમાં ૨૦૦થી વધુ લોકોને મારી નાખ્યા હતા. આ સંબોધન પેન્ટાગોનના નેતાઓમાં એક સામાન્ય વાત નથી. હેગસેથના અગાઉના પ્રધાનો નિયમિતપણે સૈનિકો અને ઉચ્ચ અધિકારીઓને સંબોધિત કરતા આવ્યા છે. પેન્ટાગોનના વડાએ ફરી એકવાર કહ્યું હતું કે તેમણે 'વોક' સંસ્કૃતિ પર નિશાન સાધીને અમેરિકાની સેનાનું કેવી રીતે પુનર્ગઠન કરવામાં આવ્યું છે. આમાં વિવિધતા કાર્યક્રમોની વાપસી, મહિલા સૈનિકો સાથે ગ્રાઉન્ડ કોમ્બેટ યુનિટ્સની સમીક્ષા અને પુરુષ કર્મચારીઓમાં ''ટેસ્ટોસ્ટેરોનની ઉણપ'' માટે એક નવો સ્ક્રીનીંગ પ્રોગ્રામ શામેલ છે. પેન્ટાગોનના અધિકારીઓએ પહેલાથી જ સંકેત આપ્યો હતો કે હેગસેથ જનરલો અને એડમિરલોની સંખ્યામાં વધુ ઘટાડો જાહેર કરશે. (એજન્સી)

# અમેરિકનોએ વધતી મોંઘવારી માટે ટ્રમ્પને જવાબદાર ગણાવ્યાઃ સર્વે

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા અર્થતંત્ર મામલે લેવાતા નિર્ણયો અને વધતી મોંઘવારીને લઇને અમેરિકાના લોકો ખૂબ જ નિરાશ છે. દેશમાં મોટાભાગના લોકો તેમના કામની ટીકા કરી રહ્યા છે અને આ માટે તેમની નીતિઓને જવાબદાર ઠેરવી રહ્યા છે. આ હકીકત એસોસિએટેડ પ્રેસ-એનઓઆરસી સેન્ટર ફોર પબ્લિક અફેર્સ રિસર્ચના નવા સર્વેમાં સામે આવી છે.

આ નવા સર્વેના પરિણામો નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીની સંભાવનાઓને અસર કરે તેવી શક્યતા છે. સર્વે અનુસાર અમેરિકાના માત્ર ૧૭ ટકા પુખ્ત વયના લોકોએ ટ્રમ્પના જીવનનિર્વાહના વધતા ખર્ચને સંભાળવાના નિર્ણયો સાથે સંમતિ વ્યક્ત કરી છે. તેમજ અર્થતંત્ર સાથે જોડાયેલા તેના નિર્ણયો સાથે માત્ર ૨૬ ટકા લોકોએ સંમતિ દર્શાવી છે, જે અત્યાર સુધીનું સૌથી નીચું સ્તર છે.

સર્વે મુજબ અમેરિકાના ૬૫ ટકા પુખ્ત વયના લોકો હવે સતત વધતી મોંઘવારી માટે ટ્રમ્પની નીતિઓને જવાબદાર ઠેરવી રહ્યા છે.

આ વિવિધ દેશો પર ટેરિફના આક્રમક ઉપયોગ અને ઇરાન સાથેના યુદ્ધ પ્રત્યે અમેરિકનોના અસંતોષનો સંકેત છે.

પોતાને રિપબ્લિકન પાર્ટીના સમર્થક ગણાવતા પેન્સિલવેનિયાના ૬૬ વર્ષીય નિવૃત કર્મચારી રોબર્ટ ગોલ્ટ જણાવે છે કે મને આશા હતી કે ચીજો વધુ સારી અથવા અલગ હશે, પરંતુ ખરેખર એવું થયું નથી. ગોલ્ટે કહ્યું કે મને હતું કે આપણા પ્રમુખ દેશને મદદ કરશે, પરંતુ અત્યાર સુધીમાં એવું લાગ્યું નથી કે તેમણે અર્થતંત્ર કે અન્ય બાબતોમાં ખરેખર એવું કર્યુ છે. ટ્રમ્પે ખરેખર મારી અપેક્ષા મુજબનું કામ કર્યું નથી. (એજન્સી)

# મમતા બેનરજીના જૂથના ચાર બેંક ખાતાં ઑપરેટ કરવા દેવાનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે મમતા બેનરજીના નેતૃત્વવાળા ટીએમસી જૂથની જાહેર ક્ષેત્રની બેંકોમાં રહેલા ડેબિટ-ફ્રીઝ કરાયેલા ચાર બેંક ખાતા ઑપરેટ કરવાની અરજી ફગાવી દીધી હતી.

ન્યાયાધીશ એમ.એમ. સુંદરેશ અને પી.બી. વરાલેની બેન્ચે કહ્યું કે તેઓ કલકત્તા હાઇ કોર્ટના તે આદેશમાં દખલ કરવા માંગતા નથી જેમાં આ અરજીને મંજૂરી આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે ચૂંટણી પંચે પક્ષના ચૂંટણી ચિહ્ન પર રોક લગાવી દીધી છે અને તેથી તે રકમ પર કોનો અધિકાર છે તે અંગેનો મુખ્ય મુદ્દો હજુ નિર્ણય માટે બાકી છે.

બેન્ચે કહ્યું હતું કે, અમે આ બાબતના ગુણદોષમાં ઉતરવાનું ટાળીએ છીએ. અમે અનુચ્છેદ ૧૩૬ હેઠળ અમારા અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવા માંગતા નથી. અમે હાઈકોર્ટને સુનાવણી ઝડપી બનાવવાની વિનંતી કરીએ છીએ.

સુનાવણી દરમિયાન, બેનરજીના જૂથ વતી હાજર રહેલા વકીલ અભિષેક સિંઘવીએ દલીલ કરી હતી કે પક્ષને તેની કામગીરી અને ખર્ચ ચલાવવા માટે દર મહિને ઓછામાં ઓછા ૧૨.૧૫ કરોડ રૂપિયાની જરૂર છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સિંઘવીની અરજીનો વિરોધ કર્યો હતો અને દલીલ કરી હતી કે પક્ષમાં જૂથવાદનો વિવાદ ચાલી રહ્યો છે જેમાં દરેક પક્ષ પોતાને અસલી તૃણમૂલ કોંગ્રેસ હોવાનો દાવો કરે છે.

તેમણે કોર્ટને જણાવ્યું હતું કે એવી ફરિયાદ કરવામાં આવી હતી કે ટીએમસીના બેનર્જી જૂથના એક પીએએ કથિત રીતે તે ખાતાઓમાં રોકડ સ્વરૂપે ૩૫ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. આ અંગે તપાસ ચાલી રહી છે.

સર્વોચ્ચ અદાલતે મહેતાની દલીલની નોંધ લીધી અને અરજી ફગાવી દીધી.

કલકત્તા હાઈકોર્ટે ૨૭ ઓગસ્ટના રોજ મમતા બેનર્જીના નેતૃત્વવાળા ટીએમસી જૂથને લગભગ ૮૦૪ કરોડ રૂપિયા ધરાવતા ડેબિટ-ફ્રીઝ કરાયેલા ચાર બેંક ખાતા ચલાવવાની મંજૂરી આપતો વચગાળાનો આદેશ પસાર કરવાનો ઇનકાર કર્યો હતો. (એજન્સી)

# મમતા બેનરજીને કૉંગ્રેસમાં પાછાં ફરવાની લોલીપોપ ઑફર કરાઇ

કોલકાતાઃ કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ ગુરુવારે મમતા બેનરજીને તેમના બાકીના ધારાસભ્યો અને સાંસદો સાથે કોંગ્રેસમાં પાછા ફરવાની સીધી અપીલ કરી હતી.

બેનરજીએ લગભગ ત્રણ દાયકા પહેલા કોંગ્રેસ છોડીને તૃણમૂલ કોંગ્રેસની રચના કરી હતી.

તેમની આ અપીલ એવા સમયે આવી છે જ્યારે ટીએમસી તેના ગઠન બાદના સૌથી ગંભીર સંગઠનાત્મક સંકટનો સામનો કરી રહી છે; વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ પક્ષની ધારાસભા અને સંસદીય પાંખોમાં અલગ-અલગ બળવો જોવા મળી રહ્યો છે.

પક્ષમાં પડેલી તિરાડનો ઉલ્લેખ કરતા ચૌધરીએ કહ્યું કે, આ સમયે કોઈ અલગ અસ્તિત્વની જરૂર નથી.

વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ ટીએમસીમાં બહુ કંઈ બાકી રહ્યું નથી.

તેમણે કહ્યું હતું કે, અમે મમતા બેનરજીને વિનંતી કરીશું કે તેઓ બાકીના તમામ ધારાસભ્યો અને સાંસદો સાથે કોંગ્રેસમાં જોડાય. હું કોંગ્રેસ હાઈકમાન્ડને પણ અપીલ કરીશ કે તેમને પક્ષમાં પાછા આવવા દેવામાં આવે. અમે બંગાળમાં તેમના નેતૃત્વને સ્વીકારીશું અને તેમની સાથે મળીને કામ કરીશું.

નંદીગ્રામમાં ટીએમસીના જૂથ દ્વારા કોંગ્રેસને તાજેતરમાં મળેલા સમર્થનનો ઉલ્લેખ કરતા ચૌધરીએ કહ્યું કે બેનરજીએ રેજીનગરમાં પણ આવું જ પગલું ભરવું જોઈએ.

તેમણે કહ્યું, મિત્રતાપૂર્ણ ભાવનાથી, જેમ તેમણે નંદીગ્રામમાં કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપ્યું છે, તેમ તેમણે રેજીનગરમાં પણ કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવું જોઈએ. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### સલામ છે

હતી. મોદીએ જણાવ્યું હતું કે પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છર એક 'હીરો' છે. તે સહ-પાઇલટ સાથેની મારામારીમાં ઘાયલ થયા હોવા છતાં તેમણે બહાદુરી બતાવીને મોટી દુર્ઘટના ટાળી હતી અને અસંખ્ય લોકોના જાન બચાવ્યા હતા. ભારતને કેપ્ટન સ્મિત મચ્છર પર ગર્વ છે.

વડા પ્રધાને કેપ્ટન પાઇલટ સ્મિત મચ્છર જલદી સાજા થઇ જાય એવી ઇચ્છા વ્યક્ત કરી હતી.

મોદીએ સ્મિતની પત્ની અને માતા-પિતાની સાથે વાત કરી હતી અને આ પાઇલટની બહાદુરીની પ્રશંસા કરી હતી.

દુબઈથી ઇઝરાયલના તેલ અવીવ જવા નીકળેલી ફ્લાઇદુબઇની ફ્લાઇટ એફઝેડ ૧૦૭૩ના કેપ્ટન પાઇલટ સ્મિત મચ્છર હાલમાં સઉદી અરેબિયાના તાબુક ખાતેની હૉસ્પિટલના આઇસીયુમાં સારવાર લઇ રહ્યા છે. વિમાન આકાશમાં ઊડી રહ્યું હતું ત્યારે તેમના પર ચાકુથી હુમલો કરાયો હતો.

મોદીએ આ ફ્લાઇટના મુસાફરો અને વિમાનના કર્મચારીઓને બનતી દરેક પ્રકારની સહાય કરવા ભારતની એલચી કચેરીને સૂચના પણ આપી હતી.

મોદીએ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ના શતાબ્દી સમારંભમાં બોલતા જણાવ્યું હતું કે હું આ પાઇલટ જલદી સાજો થઇ જાય, તે માટે દેશની જનતાને તેમના માટે પ્રાર્થના કરવા અપીલ કરું છું.

ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જણાવ્યું હતું કે ઊડતા વિમાનમાં બહાદુરી બતાવીને ત્રાસવાદીનું ષડ્યંત્ર નિષ્ફળ બનાવનારા ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છરને હું સલામ કરું છું.

તેમણે સ્મિત મચ્છર જલદી સાજા થઇ જાય એવી આશા વ્યક્ત કરી હતી.

ઇઝરાયલના પ્રમુખ આઇઝેક હેર્ઝોગે કેપ્ટન પાઇલટ સ્મિત મચ્છરનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે સ્મિતે હિંમત કરીને કૉકપિટનો દરવાજો ખોલ્યો હતો અને ત્રાસવાદીને પકડવામાં મદદ કરી હતી.

ઇઝરાયલના વિદેશ મંત્રાલયે ઇઝરાયલ અને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના મુસાફરોનો જાન બચાવનારા ભારતીય પાઇલટને ખરા 'હીરો' ગણાવ્યા હતા.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઘાયલ થવા છતાં પાઇલટ સ્મિતે કૉકપિટનો દરવાજો ખોલ્યો હતો અને ત્રાસવાદીને પકડવામાં મદદ કરી હતી. તેમની બહાદુરી ખરેખર પ્રશંસનીય છે. (એજન્સી)

### સરકારની

૬૫,૫૨૫ કરોડ રૂપિયા થઈ છે.

ચાલુ નાણાકીય વર્ષમાં આ ત્રીજો મહિનો છે જ્યારે જીએસટી કલેક્શન ૨ લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે. અગાઉ જીએસટી કલેક્શન એપ્રિલમાં લગભગ ૨.૪૩ લાખ કરોડ રૂપિયા અને જૂલાઈમાં ૨.૧૧ લાખ કરોડ રૂપિયાથી વધુના રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું.

નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં (એપ્રિલ-સપ્ટેમ્બર) કુલ જીએસટી વસૂલાત ૧૧.૬ ટકા વધીને ૧૨.૪૬ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ હતી. આ સમયગાળા દરમિયાન ગ્રોસ વસૂલાત ૧૦.૪ ટકા વધીને ૧૦.૬૬ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. ઈવાય ઈન્ડિયાના ટેક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે જણાવ્યું હતું કે કુલ જીએસટી કલેક્શનમાં બે લાખ કરોડ રૂપિયાનો આંકડો પાર કરવો અને તેમાં લગભગ ૧૫ ટકાનો વધારો દર્શાવે છે કે વૈશ્વિક દબાણ છતાં સ્થાનિક માગ મજબૂત રહે છે.

તેમણે કહ્યું કે કર વસૂલાતમાં વધારો વ્યાપક સ્તરે થયો છે. ઉત્તર પ્રદેશ, તેલંગણા, ગુજરાત અને કર્ણાટકમાં વસૂલાતમાં ૧૬ થી ૧૮ ટકાનો વધારો થયો છે. આસામ, મણિપુર, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે, જે સમગ્ર દેશમાં વ્યાપક સ્તરે આર્થિક વૃદ્ધિ દર્શાવે છે. ટેક્સ કનેક્ટ એડવાઇઝરી સર્વિસીસ એલએલપીના ભાગીદાર વિવેક જાલાને જણાવ્યું હતું કે, જીએસટી કલેક્શનમાં વધારો ઉત્પાદન અને વપરાશની મજબૂતાઈને પ્રતિબિંબિત કરે છે. જો કે, રિફંડમાં ઘટાડો દર્શાવે છે કે વિભાગ કદાચ ચૂકવણી રોકી રહ્યું છે. વ્યવસાયોને રોકડ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે આનું નિરીક્ષણ કરવાની જરૂર છે. (એજન્સી)

### રાયગડના

મૂકી હતી. દરમિયાન બનાવની જાણ થતાં બીચ હાજર સ્થાનિકો, મહાકાલી વોટર સ્પોર્ટસના કર્મચારીઓ તેમ જ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આઠેય વિદ્યાર્થીને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને છાતિ અને પેટ દબાવીને તેમના શરીરમાંથી પાણી કાઢવાના અને તેમને બચાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જોકે કમનસીબે આઠેય વિદ્યાર્થીનાં મોત થયાં હતાં.

મૃતકોની ઓળખ તન્મય દત્તાત્રય વહીલે, સુમિત ભરત અહિરે, પ્રણવ રામદા બનસોડે, કૈવલ્ય સતીશ વાસનકર, રાજવીર યુવરાજ વહીલે, યશ કિરણ બનસોડે, સોહન તુકારામ ભંડવલકર અને કૌસ્તુભ સંદીપ દૌંડ તરીકે થઇ હતી. તમામ મૃતકો ૧૬ વર્ષની વયના હતા અને પુણેના આળંદીના રહેવાસી હતા. તેમના મૃતદેહને બાદમાં બોર્લી પંચતન ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.


મુંબઈ, તૈયાર રહેજો...
કંઈક BIG આવી રહ્યું છે !
2 | 3 | 4
OCTOBER 2026
Nehru Centre, Worli
10 am to 8 pm
10g
Rs.200
Biggest Lifestyle
व्यापार उत्सव '२६
150+ Stalls
મુલાકાત લો અને દરરોજ લક્કી ડ્રોમાં જીતો 10 ગ્રામ સોનું
દરેક મુલાકાતીઓ માટે ₹ 200/- ની ગીફ્ટ
Till stock last*
વ્યાપાર ઉત્સવની મુલાકાત એટલે પસંદગીઓની દુનિયા !
ફેશનથી લાઇફસ્ટાઇલ સુધી,
ઘર વપરાશથી ગિફ્ટિંગ સુધી...
દરેક માટે કંઈક મનગમતું !
શું ખરીદવું એ નહીં...
શું-શું ખરીદવું એ નક્કી કરવા
એકવાર જરૂરથી પધારજો...
દરેક માટે કંઈક ખાસ!
• ફ્રી એન્ટ્રી અને પાર્કિંગ સુવિધા
• સ્પેશિયલ ગિફ્ટ
• સેલિબ્રિટી ઇન્ટરેક્શન
• લાઇવ મનોરંજન અને મ્યુઝિકલ પ્રોગ્રામ
• માઇન્ડ પાવર અને ફિટનેસ વર્કશોપ
• ફ્રી મહેંદી, નેઇલ આર્ટ અને ટેટૂઝ
• કચ્છી ફેસ એપ અને ફોટોશૂટ
• ફ્રી હેલ્થ ચેક-અપ અને એક્યુપ્રેશર
• લિપસ્ટિક, સાડી ડ્રેપિંગ, કુકિંગ, હેર અને સ્કિન કેર વર્કશોપ
Diamond Sponsor
adani
Anchor
GreatWhite Electricals
दीनदयाल पत्तन प्राधिकरण DEENDAYAL PORT AUTHORITY KANDLA
Welspun
Gujarat Tourism
Silver Sponsor
V-TRANS Driving Excellence
SPMGROUP SINCE 1967
VPLY Veneer - Wood - Mica
Samyak Realties
BOSS
Supported by
ગુજરાત સરકાર Government of Gujarat
Chamber Partner
Radio Partner
BIG FM dhun badal ke toh dekho
Banking Partner
kotak Kotak Mahindra Bank
Outdoor Partner
BRIGHT OUTDOOR MEDIA PVT. LTD.
DZ THE DZ GROUP
Hospitality Partner
Pragati caterers

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## ગણપતિ મહોત્સવની ઉજવણી

બોરીવલી-પશ્ચિમ સ્થિત મોક્ષ પ્લાઝાના વેપારીભાઈઓ દ્વારા છેલ્લાં ૧૬ વર્ષથી સતત ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. દસ દિવસ સુધી ચાલતા આ ગણપતિ મહોત્સવ દરમ્યાન ધાર્મિક તેમ જ સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જેમાં સત્યનારાયણ ભગવાનની કથા, ડાયરો તથા ભંડારાનો સમાવેશ થાય છે. મોક્ષ પ્લાઝાના વેપારીઓ દ્વારા ધાર્મિક ભાવનાની સાથે સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવનાને પ્રોત્સાહન મળે એ હેતુથી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. ગણપતિ મહોત્સવ દરમ્યાન મોટી સંખ્યામાં વેપારીઓ, સ્થાનિક રહેવાસીઓ તથા શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી બાપાનાં દર્શનનો લાભ લે છે. આ ઉપરાંત મોક્ષ પ્લાઝાના વેપારી ભાઈઓ દ્વારા દર મહિનાની પૂનમના દિવસે બાપા સીતારામની પૂનમની ઉજવણી પણ કરવામાં આવે છે. આ પ્રસંગે ભક્તો માટે ભંડારાનું આયોજન કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પ્રસાદીનો લાભ લે છે. વેપારી વર્ગની આ પ્રવૃત્તિ ધાર્મિક શ્રદ્ધા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે.

## પ્રેરણાદાયી ફિલ્મ શોનું આયોજન

રોટરી ક્લબ ઑફ બોરીવલીની વન્ડર્સ દ્વારા તાજેતરમાં પોઇસર સ્થિત બીએમસી હિન્દી માધ્યમ શાળાના ધોરણ ૬થી ૯ના વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી હિન્દી ફિલ્મ 'હનુમાન અંશ'ના વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં આશરે ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ફિલ્મ દ્વારા વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોનો સુંદર સંદેશ મળ્યો હતો.

## સુલેખનનું આયોજન

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાની શ્રી ડબાસંગ પ્રાથમિક શાળામાં તાજેતરમાં બાલવાટિકાથી આઠમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ વચ્ચે સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ, બીજા, ત્રીજા નંબરે આવનાર વિદ્યાર્થીઓને દાતાશ્રી તરફથી પુરસ્કાર સ્વરૂપે શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી.

## નિઃશુલ્ક યોગશિબિર

૧થી ૧૦ ઑક્ટોબર દરમ્યાન આધ્યાત્મ સમાધાન કેન્દ્ર, બી-૬૭, પુષ્પા પાર્ક, એસ. વી. રોડ, કોરા કેન્દ્ર, રાજેન્દ્ર બ્રિજ પાસે, તારા એપાર્ટમેન્ટની બાજુમાં, બોરીવલી-વેસ્ટમાં રોગ, તનાવ, ચિંતા, દુઃખ, દર્દ નિવારક, સુખ, શાંતિ-પ્રેમ આનંદ, સ્વ-પ્રકાશ દર્શક ચૈતન્યામૃત બ્રહ્મનાદ ધ્યાન પ્રાણ ક્રિયા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સમય-સવારે ૧૦થી ૧૨ અને સાંજે પાંચથી સાત.

## ભિવંડીમાં પારણું

શ્રી દાન-પ્રેમ-ભુવન-જયઘોષસૂરીશ્વરજી નમઃ સાથે વર્તમાન ગચ્છાધિપતિ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા સાથે શ્રી વિશ્વાનંદવિજયજી મ. સા.૧૫ પછી ભિવંડી-અંજૂર ફાટા, વસઈ-ખારબાવ રોડના ઓસવાલ પાર્કમાં શ્રી ચંદ્રપ્રભ મહાતીર્થમાં પોતાનો પચાસમો ચાતુર્માસ કરવા પધાર્યા. સાથે શ્રી હેમકીર્તિવિજયજી મ.સા.અને ૧૦૦ ઓળી આરાધક તથા ચાતુર્માસમાં જ્ઞાનગંગા પ્રવચનરૂપે આપનાર શ્રી વિવેકસાર વિજયજી મ.સા.નું ૯૩મું ઓળીનું પારણું થયું.

## શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.નો ૧૨૩મો જન્મોત્સવ

પૂ. આ. દેવ શ્રી વિજયમોહન-પ્રતાપ-ધર્મ-પૂર્ણાનંદ-કલાપૂર્ણસૂરીજીના દિવ્ય સામ્રાજ્યે તેમના પટ્ટધર પૂ. યુવાપ્રવચનકાર ગણિવર્ય શ્રી કેવલપૂર્ણવિજયજી મ. સા. આદિ ઠાણા, પૂ. સાધ્વીજી શ્રી વિરતિયશાશ્રીજી તથા શ્રી હેમજ્યોતિશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનનિશ્રામાં બોરીવલી (પ.). જાંબલી ગલીના સંભવનાથ જૈન મંદિરમાં આચાર્ય ભગવંત દેવશ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા.ના ૧૨૩મા જન્મોત્સવનું આયોજન થયું હતુ જેમાં વિરાટ ગુરુગુણાનુવાદ સભા, બોરીવલીના જૈનમંદિરની પાઠશાળા શિક્ષક-શિક્ષિકાઓનું અને પૂજારીઓનું બહુમાન, પૂર્વ-પશ્ચિમનાં જૈન મંદિરોમાં નયનરમ્ય આંગીરચના, એક શામ ગુરુ ધર્મસૂરીજી કે નામ, ધાર્મિક અનુષ્ઠાનો, ધાર્મિક ભક્તિ જેવા અનોખા કાર્યક્રમોમાં શ્રી સંભવનાથ જૈન દેરાસર પેઢીમાં પધારતાં શ્રાવક-શ્રાવિકાઓ ભાગ લઈને ઉપસ્થિત થાય હતા. પૂ. યુવાપ્રવચનકાર ગણિવર્ય શ્રી કેવલપૂર્ણવિજયજી મ. સા.નું અમૂલ્ય યોગદાન-માર્ગદર્શનનો લાભ આ મહોત્સવને મળ્યો હતો.

## વર્ધમાન આઈ.પી.એલ. અને મા પદ્માવતી આરાધના

પ. પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન શ્રી યોગરત્નવિજયજી મ. સા. આદિ ઠાણાની પ્રેરણા-માર્ગદર્શન હેઠળ પૂ. સાધ્વીજી શ્રી તારકયશા શ્રીજી મ. સા. આદિ ઠાણાની પાવનનિશ્રામાં બોરીવલી (પ.), સુમેરનગરના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સુમેરનગર શ્વે. મૂર્તિ. જૈન સંઘ (રજિ.)માં 'અભયમ્ ચાતુર્માસ' દરમ્યાન ૧૦ વર્ષથી ઉપરની શ્રાવિકાઓ માટે જૈન તીર્થકર પ્રભુ મહાવીર સ્વામીના જીવન આધારિત સવાલ-જવાબ મ્યુઝિકલ વર્ધમાન આઇ.પી.એલ. અને આસો માસ શક્તિની મા પદ્માવતી આરાધના ભક્તિ-પૂજન પદ્માવતી સાધના જેવા કાર્યક્રમોનું ઑક્ટોબરમાં આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સંઘમાં અભયમ્ ચાતુર્માસમાં ૨૩મા તીર્થપતિ પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ કલ્યાણક, ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની અષ્ટપ્રકારી પૂજન, ફૅમિલી-બહેનો-બાળકોની શિબિર, સમૂહ સૌભાગ્ય કલ્પવૃક્ષ તપારાધના, ગિરનાર તીર્થ મંડન, બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ પ્રભુના જન્મ-દિક્ષા કલ્યાણકનો નેમ દરબાર, નવગ્રહ મહાપૂજન જેવા કાર્યક્રમો થયા. પૂ.સાધ્વીજી મ.સા.નો શ્રી સંઘમાં વર્ધમાન આઇ.પી.એલ. અને પદ્માવતીની આરાધના માટે સંપર્ક કરવો.

## શ્રી પરમપદ તપ પંચાન્હિકા મહોત્સવ

રાષ્ટ્રસંત શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા., શ્રી હરીશચન્દ્રસાગરજી મ.સા., શ્રી મનનચન્દ્રસાગરજી મ.સા. આદિ ઠાણા. પૂ. સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ.સા., શ્રી ચારુતાશ્રીજી મ.સા. (બેન મ.) આદિ ઠાણાની પાવન નિશ્રામાં શ્રી ઋષભદેવજી મહારાજ જૈન ધર્મ ટૅમ્પલ ઍન્ડ જ્ઞાતિ ટ્રસ્ટ (રજિ.) થાનાના શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલય શ્રી મણિભદ્ર હૉલ, ટેંભી નાકા, થાના (પ.)માં ટ્રસ્ટ અને શ્રી રાજસ્થાન શ્વે. મૂર્તિ. જૈન સંઘ થાના તથા પૂ. દાદા ગુરુદેવ શ્રી દર્શન ગુરુદેવ સ્મારક, ટ્રસ્ટ (મહા.) દ્વારા ગચ્છાધિપતિ દાદાગુરુદેવ આ. દેવ શ્રી દર્શન સાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ ઊજવાઈ. સાથે શ્રી ચન્દ્રાનન સાગરસૂરીશ્વરજી મ.સા.ના મહામાંગલિક, કોંકણ શત્રુંજય સ્વરૂપ થાનામાં શ્રી પરમપદ તપ અનુમોદનાર્થે શ્રી પંચાન્હિકા મહા મહોત્સવ જેમાં શ્રી મુનિસુવ્રત-શ્રી આદિનાથ-શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં શ્રી અઢાર અભિષેક, શ્રી પાર્શ્વપદ્મવતી-શ્રી શક્રસ્તવ-શ્રી ગૌતમસ્વામી ગુરુપદ મહાપૂજન, તપસ્વીઓનું સાફાચુંદડી, માળા, તીલક, શ્રીફળ, ચાંદીના સિક્કાથી બહુમાન કરવામાં આવ્યું હતું.

# સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર આઠ મહિનામાં થયેલા ૧૪૨ અકસ્માતમાં ૧૨૮નાં મોત, મૃતકની સંખ્યા મુંબઈ-પુણે એક્સપ્રેસ-વેને વટાવી ગઈ

મુંબઈઃ મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ૨૦૨૬ના પ્રથમ આઠ મહિનામાં અકસ્માતોની સ્થિતિ ચિંતાજનક રહી છે. જાન્યુઆરીથી ઓગસ્ટ દરમિયાન સમૃદ્ધિ એક્સપ્રેસવે પર કુલ ૧૪૨ અકસ્માત નોંધાયા, જેમાં ૧૨૮ લોકોનાં મોત થયાં છે.

આ મૃત્યુઆંક માત્ર આઠ મહિનામાં જ ૨૦૨૪ના સમગ્ર વર્ષમાં નોંધાયેલા ૧૨૬ મૃત્યુ કરતાં પણ વધારે છે. આ આંકડા માહિત અધિકાર હેઠળ મહારાષ્ટ્ર પોલીસના ટ્રાફિક વિભાગ પાસેથી મેળવવામાં આવ્યા છે.

સમાન સમયગાળામાં મુંબઈ-પુણે એક્સપ્રેસવેની સરખામણી કરીએ તો સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ૩૭ અકસ્માત વધુ થયા છે અને મૃત્યુઆંકમાં ૮૯નો મોટો તફાવત છે. જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ૧૦૫ અકસ્માતમાં ૩૯ લોકોનાં મોત થયાં હતાં. એટલે કે બંને એક્સપ્રેસવે પર અકસ્માતોની સંખ્યામાં બહુ મોટો તફાવત ન હોવા છતાં સમૃદ્ધિ પર મૃત્યુઆંક નોંધપાત્ર રીતે વધારે રહ્યો છે.

ગત વર્ષોના આંકડા પણ આ સ્થિતિને સમજવા માટે મહત્વના છે. ૨૦૨૫માં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ૨૦૨ અકસ્માતમાં ૧૭૩ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ૧૮૬ અકસ્માતમાં ૬૮ મૃત્યુ નોંધાયાં હતાં.

૨૦૨૪માં સમૃદ્ધિ પર ૧૩૭ અકસ્માત અને ૧૨૬ મૃત્યુ થયાં હતાં, જ્યારે મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર અકસ્માતોની સંખ્યા વધુ એટલે કે ૧૯૧ હતી અને ૯૦ લોકોનાં મોત થયાં હતાં. એટલે ૨૦૨૪માં મુંબઈ-પુણે પર અકસ્માત વધુ હતા, પરંતુ ૨૦૨૫ અને ૨૦૨૬ના ઉપલબ્ધ આંકડામાં સમૃદ્ધિ પર મૃત્યુ વધુ રહ્યાં છે.

મહારાષ્ટ્રના અન્ય હાઈવેના આંકડા પણ ચિંતાજનક છે. જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન રાજ્યના નેશનલ હાઈ-વે પર ૭,૯૮૦ અકસ્માતમાં ૪,૧૩૮ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે સ્ટેટ હાઈવે પર ૩,૮૪૨ અકસ્માતમાં ૨,૦૧૫ લોકોનાં મોત થયાં હતાં.

સમગ્ર રાજ્યના નેશનલ હાઈવે પર ૨૦૨૪માં ૧૧,૨૮૫ અકસ્માત અને ૫,૮૧૨ મૃત્યુ નોંધાયાં હતાં.

મહારાષ્ટ્રમાં એસઆઈઆરને લઈને

બોમ્બે હાઈ કોર્ટમાં પિટિશન

# પાંચમી ઓક્ટોબરે સુનાવણી; પાત્ર મતદારોના નામ ન કપાય તેવી માગણી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મતદાર યાદીના વિશેષ સઘન પુનઃનિરીક્ષણ એટલે કે એસઆઈઆરને લઈને બોમ્બે હાઈ કોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી છે. આ અરજી પર પાંચમી ઓક્ટોબરે સુનાવણી થશે. અરજદારો તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે એસઆઈઆરની પ્રક્રિયા દરમિયાન મોટી સંખ્યામાં પાત્ર મતદારોનાં નામ મતદાર યાદીમાંથી ખોટી રીતે દૂર થઈ શકે છે. અરજદારોના વકીલે એવી આશંકા વ્યક્ત કરી હતી કે રાજ્યની મતદાર યાદીમાંથી આશરે ૨.૧૦ કરોડ નામ દૂર થવાની શક્યતા છે. જોકે, આ આંકડો અરજદારો દ્વારા વ્યક્ત કરાયેલી આશંકા છે, અંતિમ રીતે નામો કપાઈ ગયા હોવાનું દર્શાવતો આંકડો નથી.

અરજદારોનું કહેવું છે કે તેઓ મહારાષ્ટ્રમાં ચાલી રહેલી એસઆઈઆર પ્રક્રિયા રોકવાની માગણી કરતા નથી. તેમની મુખ્ય માગણી પ્રક્રિયાના કાનૂની આધાર, પદ્ધતિ અને તેના હેઠળ લેવામાં આવેલા નિર્ણયોની માહિતી જાહેર કરવાની છે. અરજીમાં એસઆઈઆર કયા આદેશ અને કયા નોંધાયેલા કારણોના આધારે હાથ ધરવામાં આવી રહી છે તેની વિગતો જાહેર કરવાની માગણી કરવામાં આવી છે. સાથે જ સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા રહે અને પાત્ર મતદારોનું નામ કોઈ પ્રક્રિયાત્મક ખામીને કારણે મતદાર યાદીમાંથી દૂર ન થાય તે સુનિશ્ચિત કરવાની માગણી કરવામાં આવી છે.

અરજીમાં મતદારોને 'ગેરહાજર', 'સ્થળાંતરિત', 'મૃત' અને 'બે વાર નોંધાયેલા' જેવી શ્રેણીઓમાં મૂકવાની પ્રક્રિયા અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

હાય રે મોંઘવારી

# કાંદા પછી હવે આવ્યો લીંબુનો વારો, લીંબુના ભાવ પહોંચ્યા આસમાને

નવી મુંબઈઃ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારાની સાથે શાકભાજીના ભાવમાં દર મહિને એકાદ તો ગાયબ થઈ જાય છે. કાંદા અને ટમેટાના ભાવ અગાઉ વધ્યા પછી હવે માર્કેટમાંથી લીંબુ પણ ગાયબ થઈ રહ્યા છે, પરિણામે લીંબુના ભાવ આસમાને પહોંચતા આમજનતા પરેશાન થઈ છે.

ચોમાસાની ઋતુમાં સામાન્ય રીતે પાણીના ભાવે મળતા લીંબુના ભાવ અચાનક આસમાને પહોંચી ગયા છે. રોજિંદા રસોઈથી લઈને હોટેલ અને જ્યૂસ સેન્ટર સુધી મોટા પ્રમાણમાં વપરાતા લીંબુના ભાવમાં તોતિંગ ઉછાળો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. થોડા દિવસ પહેલાં જ્યાં ₹ ૧૦માં ત્રણથી ચાર લીંબુ મળતા હતા, ત્યાં હવે છૂટક બજારમાં એક લીંબુના ₹ ૧૦ ચૂકવવા પડી રહ્યા છે. વાશીના મુંબઈ કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ (એપીએમસી)માં હવે લીંબુની આવક ઘટતાં તેની સીધી અસર હવે ભાવ પર પડી છે.

વાશી એપીએમસીમાં હાલ દરરોજ લીંબુની માત્ર બે-ત્રણ ગાડીઓ જ આવી રહી છે. વેપારીઓના જણાવ્યા મુજબ, આ ગાડીઓમાંથી આશરે ૧૫૦ ક્વિન્ટલ લીંબુની આવક થાય છે. સામાન્યની સરખામણીએ આવકમાં ઘટાડો થતાં બજારમાં પુરવઠો ઓછો થયો છે અને તેની સીધી અસર ભાવ પર જોવા મળી રહી છે.

એપીએમસીમાં લીંબુનો પુરવઠો મુખ્યત્વે આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય પ્રદેશમાંથી થાય છે. જોકે, હાલ આ મુખ્ય ઉત્પાદક વિસ્તારોમાંથી આવતો પુરવઠો પ્રભાવિત થયો છે.

# મહારાષ્ટ્રના આ ગામે લગાવ્યાં 'ગામ વેચવાનું છે' ના બોર્ડ! ઉદ્યોગપતિઓને ખરીદી લેવા કરી અપીલ

મુંબઈઃ તમે અત્યાર સુધી કોઈ જમીનનો ટુકડો, ખેતર કે મકાન વેચાતું હોવાની જાહેરાતો જોઈ કે સાંભળી હશે, પરંતુ મહારાષ્ટ્રમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે જ્યાં ગ્રામજનોએ સમગ્ર ગામ જ વેચવા કાઢ્યું છે! ચોંકી ઉઠ્યા ને? ચાલો તમને આ વિશે જણાવીએ વિસ્તારથી...

સોલાપુર જિલ્લાના માઢા તાલુકા હેઠળ આવતા તુળશી (Tulshi) ગામના લોકોએ વર્ષો જૂની પીવાના અને સિંચાઈના પાણીની ગંભીર સમસ્યાથી કંટાળીને ગામના પ્રવેશદ્વારે ''ગામ વેચવાનું છે'' (5 5?# G — 9G) ના બોર્ડ લગાવી દીધા છે. દેશના મોટા ઉદ્યોગપતિઓને પોતાનું ગામ ખરીદી લેવા આહ્વાન કરતાં ગ્રામજનોએ સરકાર અને સ્થાનિક વહીવટીતંત્રની ઉદાસીનતા સામે આ અનોખો અને દર્દનાક આક્રોશ વ્યક્ત કર્યો છે.

તુળશી ગામથી માત્ર ૮૦૦ મીટરના અંતરેથી સિંચાઈની કેનાલ પસાર થાય છે, તેમ છતાં ગામને ખેતી કે પીવા માટે એક ટીપું પાણી મળતું નથી. સરકારી સીના માઢા લિફ્ટ ઇરિગેશન સ્કીમના કમાન્ડ એરિયામાં આ ગામનો સમાવેશ જ કરવામાં આવ્યો નથી . ગ્રામજનોએ પાણી માટે અસંખ્ય વખત ઉપવાસ, ધરણાં અને આંદોલનો કર્યા, પરંતુ દર વખતે માત્ર કાગળ પરના આશ્વાસનો આપીને આંદોલન સમેટી લેવાયા અને પરિસ્થિતિ જૈસે થે રહી.

આ ઉપરાંત ગામમાં પીવાનું પાણી પણ ઉપલબ્ધ ન હોવાથી ગ્રામજનોએ બાજુના ગામોમાંથી સાઇકલ, બળદગાડા કે ટેમ્પોમાં વાદળી રંગના પ્લાસ્ટિક ડ્રમ ભરીને પાણી લાવવું પડે છે. દરેક ઘર બહાર ખાલી ડ્રમ જોવા મળે છે. ધોમધખતા તડકામાં મહિલાઓને માઈલો સુધી ચાલીને પાણી ભરવા જવું પડે છે. ગામમાં પાણીનું ભયંકર સંકટ હોવાને કારણે આસપાસના ગામના લોકો પોતાની દીકરીઓ આ ગામમાં પરણાવવા તૈયાર થતા નથી, જેના લીધે અનેક યુવાનોના લગ્ન અટકી પડ્યા છે.

દૂધ ઉત્પાદનમાં મોટો ઘટાડો અને રોજગારની તંગીઃ

એક સમયે જે ગામમાં દરરોજ ૪૦થી ૪૫ હજાર લિટર દૂધનું કલેક્શન થતું હતું, તે આજે પાણી અને ઘાસચારાના અભાવે ઘટીને માત્ર ૧૦થી ૧૫ હજાર લિટરે આવી ગયું છે. આસપાસના સમૃદ્ધ ગામોમાં ખેતમજૂરી કરીને ગુજરાન ચલાવતા આશરે ૧૦૦ જેટલા મજૂરો માટે પણ આ વર્ષે વરસાદની ઘટને કારણે કામ મળવું બંધ થઈ ગયું છે.

છેલ્લા પાનાનું ચાલુ

## તહેવારો પહેલાં મુંબઈ-પુણેમાં

પદાર્થોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તેમાં બનાવટી અમૂલ બ્રાન્ડ હેઠળ વેચાતું ૪૩૦ કિલોગ્રામ ચીઝ પણ સામેલ છે. આ ઉપરાંત ૪૨૩ કિલોગ્રામ બદામ અને આશરે ૫.૨૭ લાખ રૂપિયાની કિંમતનો ૨,૩૯૮ કિલોગ્રામ સ્કિમ્ડ મિલ્ક પાઉડર પણ જપ્ત કરવામાં આવ્યો હતો.

મુંબઈ અને આસપાસના વિસ્તારમાં પણ ખાદ્ય સુરક્ષા અંગેની તપાસ વધુ કડક બનાવવામાં આવી છે. તાજેતરની કાર્યવાહીમાં મુંબઈમાં અનેક હૉટેલ, બેકરી અને અન્ય ખાદ્ય સંસ્થાઓ સામે સ્વચ્છતાના નિયમોના ઉલ્લંઘન બદલ લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બોરીવલીની રાધાકૃષ્ણ હૉટેલ સામે પણ ખાદ્ય સંબંધિત ફરિયાદ બાદ એફડીએએ કાર્યવાહી કરી હતી.

૨૮થી ૩૦ સપ્ટેમ્બર વચ્ચેની ત્રણ દિવસીય રાજ્યવ્યાપી કાર્યવાહીમાં આશરે ૩,૯૦૨.૨૦ કિલોગ્રામ શંકાસ્પદ, અસુરક્ષિત અને ખોટા લેબલવાળા ખાદ્ય પદાર્થો તથા ૬૧૭ લિટર દૂધ જપ્ત કરવામાં આવ્યું હતું. આ જથ્થાની કુલ કિંમત આશરે ૧૬.૨૨ લાખ રૂપિયા હોવાનું વિભાગે જણાવ્યું છે. જપ્ત કરાયેલા પદાર્થોમાં મીઠાઈ, ચીઝ, ઘી, પનીર, મલાઈ, બદામ, સ્કિમ્ડ મિલ્ક પાવડર, ખાદ્ય તેલ, કાજુ, અજમો, માવો અને મમરાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત પ્રતિબંધિત પાન મસાલા અને ગુટખા વિરુદ્ધ પણ પાંચ વિભાગમાં અલગ કાર્યવાહી કરવામાં આવી હતી. ૧૯ સંસ્થાની તપાસમાં ૧૮ સ્થળેથી પ્રતિબંધિત ઉત્પાદનો મળી આવ્યા હતા. ૬૧.૧૭ લાખ રૂપિયાનો જથ્થો અને ૬.૫૦ લાખ રૂપિયાના બે વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન ૧૪ એફઆઈઆર નોંધાઈ, ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી અને ૧૩ સંસ્થાને સીલ કરવામાં આવી હતી. એફડીએના કમિશનર તુકારામ મુંઢેએ જણાવ્યું કે અસ્વચ્છ અને અસુરક્ષિત પરિસ્થિતિમાં ખાદ્ય પદાર્થો તૈયાર કરનાર અથવા સમાપ્ત થયેલા તથા છેડછાડ કરાયેલા ખાદ્ય પદાર્થો વેચનાર સંસ્થાઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી ચાલુ રહેશે

## હિન્દુ મરણ

મહુવાવાળા હાલ અંધેરી સ્વ. જીતેન્દ્ર કેશવદાસ મોહનદાસ પારેખના ધર્મપત્ની દર્શના (દમુબેન) બેન (ઉં. વ. ૮૧) તા. ૨૯-૯-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તેરાબેન, સ્વ. યશ્વીની, નિખિલ નીતા તથા કૌશિ ધીમંત ભુતાના માતા. મૃણાલી તથા તે રાજેન પ્રિયાંશીના દાદી. સ્વ. ભાનુબેન અને વીણાબેન પ્રભુદાસ મગનલાલ સંઘવી હુબલીવાળાના સુપુત્રી. તે મોસાળ પક્ષે દયાળદાસ ડાહ્યાભાઇ ગાંધીના ભાણેજ. રશ્મી પ્રતાપ પારેખ, પ્રીતી ભરત મહેતા, તૃપ્તિ કિરણ વોરા, નિગમ પ્રભુદાસ સંઘવી તથા પ્રતિભા નરેન્દ્ર મોદીના બહેન. લૌકિક ક્રિયા બંધ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

મહુવા નિવાસી હાલ મીરારોડ, ધીરજલાલ નંદલાલ પારેખ (ઉં.વ. ૮૪) સ્વ. સમરતબહેન નંદલાલ પારેખના પુત્ર. સ્વ. રસિલાબહેનના પતિ. સંદીપ તથા સ્વ. નિશા ભાવેશ શેઠના પિતા. પ્રીતિ અને ભાવેશના સસરા. મગનલાલ અમરશી શાહના જમાઈ. સ્વ. કનુભાઈ, સ્વ. ઇન્દુબહેન, સ્વ. રમાબહેન, સ્વ. હસુભાઈ, જ્યોત્સનાબહેન, રેખાબહેનના ભાઈ. તા. ૩૦-૯-૨૬, બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૧૦-૨૬ શુક્રવારે સાંજે ૫ થી ૭, સ્વામિનારાયણ મંદિર, શાંતિનગર, સેક્ટર નં. ૧૦, મીરારોડ ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. વિશનબાઈ દેવજી ધીરાવાણી કચ્છ ગામ કોઠારા હાલે મુલુન્ડના પુત્ર સ્વ. ભાઈલાલ દેવજી ધીરાવાણીના ધર્મપત્ની રંજનબેન (ઉં.વ. ૭૪) તા. ૨૯-૯-૨૬ને મંગળવારના રામશરણ પામેલ છે. તે સ્વ. કસ્તુરબેન કરમશી ટોકરશી દનાણી ગામ વરાડીયા હાલે મુલુન્ડવાળાના પુત્રી. અસ્મિતા, દિપેશ, અમીત, કિંજલના માતુશ્રી. દેવેન્દ્ર મુકુંદલાલ જોષી, નીતા, હર્ષા, મયુર તુલસીદાસ ચંદારાણાના સાસુમા. ધ્રુવ, આર્ષીના દાદીમા. બ્રિયાના નાનીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૧૦-૨૬ને શુક્રવારે સાંજે ૫.૩૦ થી ૭. સ્થળઃ ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુન્ડ વે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

મૂળ લાલપૂરના હાલ કાંદિવલી દીલીપભાઈ ઠાકરશી આશર (ઉં.વ. ૮૩) તે સ્વ. દર્શનાબેનના પતિ. જીજ્ઞેશ, કાજલ હર્ષ આશરના પિતા. ભાવનાના સસરા. માહીરના દાદા. આર્યનના નાના. સ્વ. રણજીતભાઈ, સુરેશભાઈ, પુષ્પાબેન, કુસુમબેન હરેશભાઈ, સ્વ. હંસાબેનના ભાઈ બુધવાર, તા. ૩૦-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ભારતીબેન નૈષધકુમાર કરમશી (ઉં.વ. ૯૪) તે સ્વ. જયાલક્ષ્મી અને સ્વ. શૂરજી વલ્લભદાસના પુત્રી. સ્વ. લક્ષ્મીબેન રૂપારેલ, સ્વ. પ્રતાપસિંહ શૂરજી, સ્વ. સરસ્વતીબેન ચંદન, સ્વ. સાવિત્રીબેન પાલન, સ્વ. વિક્રમસિંહ શૂરજી, સ્વ. શાંતિબેન ઠક્કર, દિલીપભાઈ શૂરજીના બેન. નિમેશ-ગીતા, જેસમીન દીપક કોઠારીના માતા. પ્રણય-નિયંતા, રાધિકા રાજ યેલૂરીના દાદી. અક્ષય-અદિતિ, નિયતિ સિદ્ધાર્થ મુરગાઈના નાની તા. ૩૦-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૩-૧૦-૨૬ના સાંજે ૫-૬.૩૦, રંગસ્વર હોલ, વાય. બી. ચવ્હાણ સેન્ટર, નરીમાન પોઈંટ, મુંબઈ.

**હાલાઇ ભાટિયા**

કુમારી મીતા (ઉં. વ. ૬૪) તે પુષ્પા પદમશી ઉદેશીના પુત્રી. જયાબેન જીવણદાસના ભત્રીજી. તે અશોક, પરેશ અને કિશોરી (લીલીબેન) અશ્વિન ઉદ્દેશીની બેન. તે જેસલ ચેતન અને દિવ્યા હર્ષ (આનંદ)ના ફૂઇસાસુ. તે શીતલ હર્ષદ સંપટ અને અંકિતના માસી તા. ૨૪-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે.લૌકિક વ્યવહાર બંધ છે, ઠે. કાલબાદેવી, મુંબઇ-૪૦૦૦૦૨.

**ચરોતર રૂખી**

ગામ ખંભાતના વતની હાલ મુંબઇ વજીબા મોહનભાઇ પરમાર (ઉં. વ. ૮૮) તા. ૨૮-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે રાજેન્દ્રભાઇ, મહેશભાઇ, હંસાબેન, શકુબેનના માતુશ્રી. તે હિતેશ અને જયેશના દાદી. તેમનું મોસાળ નડિયાદ વજીબાના સુતક સુવાળા પ્રાર્થનાસભા તા. ૨-૧૦-૨૬ના શુક્રવારે નિવાસ સ્થાને રાખવામાં આવ્યા છે. ઠે. જે. જે. હોસ્પિટલ કમ્પાઉન્ડ, ન્યૂ પતરા ચાલ, રૂમ નં.૦૧, બી.એમ.સી. સ્કૂલની બાજુમાં, ભાયખલા.

**હાલાઇ લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન મોટલા (ઉં. વ. ૧૦૪), સોનગઢ નિવાસી હાલ મુંબઇ શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. પાનકુંવરબેનના દીકરી. સ્વ. પ્રાણજીવનભાઇ સ્વ. ઉમેશચંદ્રભાઇ, સ્વ. કાંતિલાલભાઇ તથા સ્વ. હિંમતભાઇ, સ્વ. કિશોરભાઇ તથા સ્વ. શૂરવીરભાઇના બેન. પ્રાર્થનાસભા શનિવારે સાંજે ૫થી ૬.૩૦. ઠે. સહકાર નિવાસ સંસ્કાર હોલ, તાડદેવ, મુંબઇ-૩૪ લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

**વૈષ્ણવ શ્રી સ્વામિનારાયણ વણિક**

માલપરા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. ધીરજલાલ જેચંદભાઇ મિયાણીના પૌત્ર. સ્વ. મહેન્દ્રભાઇ અને ગં. સ્વ. અનિલાબેનના પુત્ર દિવ્યાંગ (ઉં. વ. ૪૫) બુધવાર તા. ૩૦-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે અ. સૌ. અશ્વિનીબેન જીતેનકુમાર અજમેરાના ભાઇ. દિવ્યમના મામા. ભરતભાઇ, સતીશભાઇ, દિનેશભાઇ મિયાણી, શારદાબેન હિંમતલાલ ઝાટકિયા, વિનાબેન ઘનશ્યામભાઇ કોઠારીના ભત્રીજા. હરેશભાઇ, ચંદ્રકાંતભાઇ, દિનેશભાઇ દોશી તથા ભદુબેન , વિલાસબેન, શોભાબેન, ઇન્દુબેનના ભાણેજ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨ ઓક્ટોબરના સાંજે ૪થી ૬. ઠે. વિશ્વકર્મા બાગ, ૩૬-૩૭, બજાજ રોડ, સન્યાસ આશ્રમ પાસે, વિલેપાર્લે, (વેસ્ટ).

**કચ્છી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ**

સ્વ. વાડીલાલ ભગવાનજી મહેતાના સુપુત્ર નરેન્દ્રભાઇ (ઉં.વ. ૮૪) મૂળ માંડવી હાલ ચેમ્બુર મુંબઇ તા. ૨૯-૯-૨૬ મંગળવાર અરિહંતશરણ પામેલ છે. તે કુસુમબેનના પતિ. કિશોરભાઇ, બિહારીભાઇ, સ્વ. ચંદ્રકળાબેન વસંતલાલ મહેતા, કુમુદબેન પ્રવીણલાલ મહેતા, સરલાબેન ચંદ્રકાન્ત મહેતા, સ્વ. સુલોચનાબેન વિપીનચંદ્ર મહેતા, પુનિતાબેન મહેશભાઇ સ્વાલી, નીરુબેન ભરતભાઇ મહેતાના ભાઇ. સ્વ. મણીબેન વેલજી વિસનજી મહેતા (માનકુવા)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ માટુંગા મુંબઇ સ્વ. અમૃતલાલ બાલુભાઇ મહેતાનાં ધર્મપત્ની ચંપાબેન મંગળવાર, તા. ૨૯-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હસમુખભાઇ, ભરતભાઇ, સ્વ. નિતિલા, મયુરી, રૂપાના માતુશ્રી. પિયર પક્ષે સ્વ. જમનાદાસ ત્રિભોવનદાસ સંઘવીના દીકરી. ભાવનાબેન, પ્રિતીબેન, અતુલભાઇના સાસુ. રાજવી નિરવ ગાંધી, જાન્હવી નિરવ શાહ, દીપ, શુભ, કાજોલના દાદી. ધ્વનિત અને ઉન્નતીનાં નાની. પ્રાર્થનાસભા તા. ૪-૧૦-૨૬ રવિવારના સાંજે ૪થી ૬. ઠે. માનવસેવા સંઘ, ક્રીષ્ટલ બેન્કવેટ હોલ, ૨જે માળે, સાયન મેઇન રોડ, સાયન (વેસ્ટ).

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

ગામ તખતગઢ, હાલ વસઇ, સ્વ. ગંગાબહેન ભીખાભાઈ રાઠોડના પુત્ર ધરમશીભાઈ (ઉં.વ. ૯૧) સોમવાર, તા. ૨૮-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ. ગોદાવરીબહેનના પતિ. ગોપાલભાઈ, વિજયભાઈ, પુષ્પાબહેન તથા સ્મિતાબહેનના પિતા. અરૂણા તથા મનીષા, રાજેશ રતિલાલ કાચાના સસરા. પાર્થ, દિપ, નિકુંજ, નિષ્ઠા, દિવ્યા, પ્રિયંકાના દાદા. પ્રાર્થનાસભા તા. ૨-૧૦-૨૬ના રોજ સાંજે ૪ થી ૬ ક. આરના સ્વર્ણ બેન્કવેટ હોલ, યુનિટી મોલ, જૂનું નામ દત્તાણી સ્કવેર, ત્રીજા માળે, સ્માર્ટ બજારની બાજુમાં, ઉમેળમાન, વસઈ વેસ્ટ.

**દશગામ પંચાલ**

ગામ કોપરલી નિવાસી હાલ વસઈ રોડ, અ.સૌ. મંજુલાબેન અમૃતલાલ પંચાલ (ઉં.વ. ૮૪) તા. ૨૮/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે અમૃતલાલભાઈના પત્ની. નિલેશ, નીતા જીતુભાઈ પંચાલ, સોનલ મહેશભાઈ ગાંડાણી, દર્શના અમીતભાઈ પંચાલના માતુશ્રી. માયા નિલેશ પંચાલના સાસુ. આલાપ-દીપશિખા, માનસી-વિવેક, ખુશાલી-વિષ્ણુ, દીપ, મિત, અને દીપના નાની. પિયરપક્ષે સ્વ. પસીબેન નારણદાસ પંચાલના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨-૧૦-૨૬ના શુક્રવારે સાંજના ૪ થી ૬. સ્થળઃ વિશ્વકર્મા હોલ, આનંદ નગર, વસઈ રોડ વેસ્ટ.

## પારસી મરણ

દોલી પરવેઝ વારીયાવા તે મરહુમ પરવેઝના ધણીયાણી. તે મરહુમો સુનામાય હોરમસજી દસ્તુરના દિકરી. તે મરહુમો રતનબઈ પીરોજશા વારીયાવાના વહુ. તે માહારુખ, એલન, ફિરોઝાના મમા. તે કેરસી, નાતાશા ને મરહુમ સામના સાસુજી. તે બેપસી, જાલુ, અરનાવાઝ તથા મરહુમો ખુરશેદ, ફેની, ઝરીન ને મનીના બહેન. (ઉં.વ. ૯૨). રહેવાનું ઠેકાણુંઃ એ-૪૦૧, ચોથે માળે, એ વિંગ, ક્રીશવી એપાર્ટમેન્ટ, ખંબાતા લેન, ખેતવાડી, મુંબઈ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા તા. ૨-૧૦-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે બાટલીવાલા અગિયારમાં છેજી.

ગોવાહરબાનુ જે. ઈરાની તે ઝરસીસ ફરેદુન ઈરાનીના ધણીયાણી. તે મરહુમો રશીદ ખુશરૂ ઈરાની તથા હોમાય રશીદ ઈરાનીના દીકરી. તે દીનીયાર ઝરસીસ ઈરાની, રૂસ્તમ ઝરસીસ ઈરાનીના માતાજી. તે જેનીફર રૂસ્તમ ઈરાનીના સાસુજી. તે ઝોમરોડ જમશેદીયાનના મોટા બહેન. મોન્દેગર, રશીદ બોર્ઝોગ, ફરંગગીઝ ફરોખ મનીષના બહેન. (ઉં.વ. ૭૨). રહેવાનું ઠેકાણુંઃ ૧૨ પટેલ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, અગિયારી કંપાઉન્ડ, જાંબલી નાકા, થાણે - ૪૦૦૬૦૧.

કેરબાનુ વાંકડિયા (ઉં.વ. ૭૬) તા. ૨૯-૯-૨૬ના ગુજરી ગયાં છે. તે મહુમ દરિયસના પત્ની. મરહુમ પેસ્તનજી અને પિરોજા જુજવાલાના દીકરી. રોની, નિલોફર, પિનાઝના માતુશ્રી. ડેલનાઝ, સિદ્ધાર્થના સાસુ. યઝીશના ગ્રાન્ડ મધર. ઠે.: ૪૪-એ, બાટલીવાલા વિલા, ગ્રાઉન્ડ ફલોર, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (વેસ્ટ), મું.-૭.

ફિરોઝ મોટાજી અંકલેશ્વરીયા તે મરહુમ રોશન ફિરોઝ અંકલેશ્વરીયાના ખાવીંદ. તે મરહુમો મોટાજી તથા કુંવરબાઇ અંકલેશ્વરીયાના દીકરા. તે ઝીનત તથા બરજીસ અંકલેશ્વરીયાના બાવાજી. (ઉં. વ. ૮૨) રે. ઠે. જહાંગીર મેનશન, એ પોદાર માર્ગ, ફલેટ નં-૨, પાંચમે માળે, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૧૦-૨૬ના દિવસે સાંજે ૩.૪૫ એ અંધેરી સોલસેતની અગિયારીમાં કરવામાં આવશેજી.

## જૈન મરણ

ધ્રાંગધ્રા નિવાસી હાલ મુંબઇ સ્વ. કાંતિલાલ ઉજમશી શાહના પુત્રવધુ તે સ્વ. અમરચંદ કપૂરચંદ દોશીના સુપુત્રી ચારુલતા અશ્વિનકુમાર શાહ (ઉં. વ. ૮૨) તે સ્વ. અશ્વિનકુમારના પત્ની. કાર્તિકના માતુશ્રી. કૃતિ (પિંકી) ના સાસુ. દેવ અને ક્રિશના દાદી. સરયુબેન જીતેન્દ્રભાઇ લાઠીયાના વેવાણ. તા. બુધવાર, તા. ૩૦-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

ગામ બરવાળા - હાલ ઘાટકોપર વિપુલ પારેખ (ઉં.વ. ૬૩) તે સ્વ. હંસાબેન રમણીકલાલ પારેખના પુત્ર. અલ્પાબેનના પતિ. પાર્થ, શિવાંગીના પિતા. વિશાલ, ઓડેટના સસરા. સ્વ. મુકેશ, નીતા, સોનલ, રૂપલના ભાઈ. વિંછીયા નિવાસી મહેન્દ્રભાઈ હરગોવિંદદાસ ગોસલીયાના જમાઈ મંગળવાર, તા. ૨૯-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાલનપુરી (સાગરાસણા) જૈન**

સુભાષભાઇ ફોજાલાલ ઝવેરી (ઉં. વ. ૮૪) તે ફોજાલાલ કચરાભાઇ ઝવેરી તથા ધર્મીબેન ઝવેરીના સુપુત્ર. સ્વ. સુરભિબેનના પતિ. તે હંસાબેન, અજયભાઇ, વિમળાબેન, શાંતાબેન, અનિલાબેન, સ્વ. મધુકાંતભાઇ, સ્વ. પ્રવીણભાઇ, અભયભાઇ, અમલભાઇના ભાઇ. અપૂર્વ તથા કવિતા, અમીબેન સંદીપભાઇના કાકા. તા. ૩૦-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાનાં ભવાનજી શીવજી ગાલા (ઉં.વ. ૮૨) તા. ૩૦-૯-૨૬નાં અવસાન પામેલ છે. તે હાંસબાઇ શીવજી મોણશીના સુપુત્ર. ઉર્મીલાબેનના પતિ. રાહુલ, જીતેશના પિતાશ્રી. પત્રીના વિજયાબેન પોપટલાલ દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાહુલ ગાલા, એ-૫૦૩, શિવ પાર્વતી, સત્યનગર, જૈન મંદિરની પાછળ, બોરીવલી (વેસ્ટ).

શેરડીના ગં.સ્વ. રેવંતીબેન દેવજી કરમશી દેઢીયા (ઉં.વ. ૮૬) તા. ૩૦-૯-૨૬નાં અવસાન પામેલ છે. મેઘબાઇ કરમશી વેરશીના પુત્રવધૂ. દેવજી કરમશીના ધર્મપત્ની. જયા, પ્રવિણા, દક્ષા, સ્વ. રશ્મીકાંત, નયના, જ્યોત્સનાના માતુશ્રી. કેસરબેન કાનજીના પુત્રી. મીના હેમચંદ, ચંચલ તલકશી, દમયંતી, ધીરજ, રંજન મણીલાલ, સાભરાઇ લક્ષ્મી નવિનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હંસા દેઢીયા, બીંગો પ્લાઝા નં. ૧, રૂમ નં. ૧૦૮, શ્રીખંડે વાડી, ડોંબીવલી (ઇ.).

દેશલપુર (કંઠી)ના દામજી દેવજી ગંગર (ઉં.વ. ૮૭) તા. ૨૯-૯-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન દેવજી ગંગરના પુત્ર. લક્ષ્મીબેનના પતિ. જીતેન્દ્ર, શીલા, કેતકી, રાજીવના પિતાશ્રી. જવેરબેન જેઠાલાલના ભાઈ. પ્રતાપુર રાણબાઈ મોરારજી બોરીચાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : રાજીવ ગંગર, ૧૦૩, આનંદ મીલન, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ).

છસરાના નાનાલાલ વેલજી ગંગર (ઉં.વ. ૭૮) તા. ૨૯-૯-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. દેવકાબાઈ નાનબાઈ વેલજી જેસંગના પુત્ર. ચંદ્રિકાના પતિ. સમીર અર્ચના પારસના પિતા. ભાણજી, મગનલાલ, તલક્શી, (પત્રી) સુંદરબેન વિશનજી, સં.પ. દિવ્યાગિરાશ્રીજી, શાંતા સ્ટેફન, કાંતા લહેરચંદના ભાઈ (ગુંદાલા) હાંસબાઈ ડુંગરસી ખીસીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પારસ ગંગર, બી-૬૦૧, સાઈ દર્શન કોમ્પ્લેક્સ, મામલતદાર વાડી રોડ નં. ૧ મલાડ (પશ્ચિમ).

ભુજપુર હાલે માંડવીના ડો. નવીન લખમશી ગોગરી (ઉં.વ. ૮૪) તા. ૩૦-૯-૨૬ના નિધન પામેલ છે, મણીબેન લખમશીના પુત્ર. ડો. ઉષાબેનના પતિ. એન્જિનિયર ડેનિશના પિતાજી. પ્રવીણભાઈ અને દમયંતીબેનના મોટાભાઈ. સ્વ. તારાબેન ચુનીલાલ લાલનના જમાઈ. સ્વ. રમેશભાઈ લાલનના બનેવી. પ્રાર્થના સભાઃ તા. ૨/૧૦/૨૬, બપોરેઃ ૪ઃ ૦૦ થી ૫.૦૦. શુક્રવાર, જૈનપુરી, માંડવી-કચ્છ. ઠે. ડો. પારૂલબેન ડેનીશ ગોગરી, કે.ટી. શાહ રોડ, દેરાસર શેરી, દોશી ફળીયો, ઉપાસના, માંડવી, કચ્છ-૩૭૦૪૬૫.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ૩જી સપ્ટેમ્બરના આદેશોનો અનાદર કરવા બદલ હાઈ કોર્ટે બૅંકની ઝાટકણી કાઢી

**ચેતવણી પછી સોસાયટીનું સ્થગિત કરેલું ખાતું આખરે અનફ્રીઝ કરવામાં આવ્યું. કોર્ટે વહીવટી અવરોધો પર દિશાનિર્દેશોની સર્વોપરિતા પર ભાર મૂક્યો**

ન્યાયિક સત્તાના બંધનકર્તા સ્વભાવને ધ્યાનમાં રાખીને એક આશ્ચર્યજનક પ્રકરણમાં, મુંબઈની એક સહકારી હાઉસિંગ સોસાયટીએ અઠવાડિયાના વિક્ષેપ પછી તેના બૅંક ખાતાની ઍક્સેસ પાછી મેળવી લીધી છે.

૩૧મી ઑગસ્ટના રોજ જિલ્લા ડેપ્યુટી રજિસ્ટ્રાર (પી વોર્ડ) ના આદેશ દ્વારા ફ્રીઝ કરાયેલ નિર્માણ કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, મલાડ વેસ્ટનું ખાતું ૧૮મી સપ્ટેમ્બરના રોજ અનફ્રીઝ કરવામાં આવ્યું હતું, જે બૉમ્બે હાઈ કોર્ટે બૅંકના આસિસ્ટન્ટ મેનેજરને તિરસ્કારની કાર્યવાહીની ચેતવણી આપ્યા પછી અનફ્રીઝ કરવામાં આવ્યું હતું.

૩જી સપ્ટેમ્બરના રોજ હાઈ કોર્ટે એકાઉન્ટને તાત્કાલિક અનફ્રીઝ કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ બૅંકે પાલનમાં વિલંબ કર્યો હતો. ડેપ્યુટી રજિસ્ટ્રાર પાસેથી વધુ સૂચનાઓ માગી હતી. આ સ્થગિતતાને કારણે સ્ટાફના પગાર, સુવિધાઓના બિલ અને બીએમસીના મિલકત વેરામાં ₹૮ લાખ રૂપિયાની ચુકવણી ખોરવાઈ ગઈ હતી.




## વિવાદની પૃષ્ઠભૂમિ

### જિલ્લા ડેપ્યુટી રજિસ્ટ્રારનો આદેશ (૩૧મી ઑગસ્ટ ૨૦૨૬):

મહારાષ્ટ્ર કો-ઑપરેટિવ સોસાયટીઝ એક્ટ, ૧૯૬૦ ની કલમ ૭૭એ હેઠળ અધિકૃત અધિકારીની નિમણૂક કરી, જેનાથી સોસાયટીના ખાતા ફ્રીઝ થયા હતા.

### હાઈ કોર્ટનો હસ્તક્ષેપ (૩જી સપ્ટેમ્બર):

જસ્ટિસ સંદીપ વી. માર્નેએ ડીડીઆરના આદેશ પર સ્ટે મૂક્યો હતો, કલમ ૧૫૪-બી(૨૨) હેઠળ કોરમ નિયમો સ્પષ્ટ કર્યા હતા, અને સ્થગિતતાને તાત્કાલિક ઉઠાવી લેવાનો નિર્દેશ આપ્યો.

### બૅંકનો ઇનકાર:

કો-ઑપરેટિવ બૅંકના અધિકારીઓએ આગ્રહ કર્યો કે સોસાયટી સબ-રજિસ્ટ્રાર પાસેથી વધુ સૂચનાઓ મેળવે, હાઇ કોર્ટના નિર્દેશ કરતાં વહીવટી આદેશને અસરકારક રીતે શ્રેષ્ઠ ગણીને.

### અનાદરની ચેતવણી (૧૭મી સપ્ટેમ્બર):

કોર્ટે બૅંકના આસિસ્ટન્ટ મેનેજર પર ભારે ઝાટકણી કાઢી હતી.
પાલન ન કરવા બદલ અવમાનની કાર્યવાહીની ચેતવણી આપી હતી.

### અંતિમ પાલન (૧૮મી સપ્ટેમ્બર):

બૅંકે એક પત્ર જારી કર્યો જેમાં પુષ્ટિ કરવામાં આવી હતી કે હાઈ કોર્ટના આદેશ અવલોકનો અનુસાર ખાતું અનફ્રીઝ કરવામાં આવ્યું છે.
નિર્માણ કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટી (મલાડ પશ્ચિમમાં)

## હાઈ કોર્ટના મુખ્ય નિર્દેશો

- ડિવિઝનલ સંયુક્ત રજિસ્ટ્રાર સમક્ષ અપીલ દાખલ કરવાની સ્વતંત્રતા સાથે રિટ અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો
- ૩૧મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વાંધાજનક આદેશ અપીલના નિકાલ સુધી સ્થગિત કરવામાં આવ્યો હતો
- બૅંક ખાતા પરનો સ્થગિત આદેશ તાત્કાલિક ઉઠાવી લેવાનો આદેશ આપવામાં આવ્યો હતો
- ડિવિઝનલ સંયુક્ત રજિસ્ટ્રારને છ અઠવાડિયામાં સ્ટે અરજીનો નિર્ણય લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો
- હાઇ કોર્ટના અવલોકનોથી પ્રભાવિત થયા વિના અપીલનો નિર્ણય સ્વતંત્ર રીતે લેવો જોઈએ



## 'કોર્ટના આદેશોને રદ કરી શકાતા નથી'

**સમાજનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ જેનિલ શાહએ** બંધારણીય સિદ્ધાંત પર ભાર મૂક્યો ''બંધારણીય અદાલતોના આદેશો તેમની સાચી ભાવનામાં અમલમાં મૂકવા જોઈએ અને તેને વહીવટી સત્તાઓના અર્થઘટન અથવા વધુ પરવાનગીને આધીન બનાવી શકાતા નથી.''

### ''હાઈ કોર્ટનું વલણ એ યાદ અપાવે છે કે ન્યાયિક સત્તા વહીવટી ખચકાટને આધીન ન હોઈ શકે''

પાલન કરવાની ફરજ પાડીને અને તિરસ્કારની ચેતવણી આપીને, કોર્ટે ખાતરી આપી કે સોસાયટીના અધિકારોનું રક્ષણ થાય અને તેની કામગીરી પુનઃસ્થાપિત થાય એમ એડવોકેટ જેનિલે જણાવ્યું હતું.

(જા.×ખ.)

*You will always be a part of us*
*in our hearts & our prayers.*

We will miss you and always remember you
in every moment of our lives.



# Shreelekha Harish Khot

W/O Harish Bhadrasen Khot.
D/O Pramila & Niranjan Deliwala.
14th November 1940 - 01st October 2026

**Sister in law of**
Late Rajtej & Late Kokila Khot
Manhar & Bharti Khot

*Fondly remembered by*

| CHILDREN | GRANDCHILDREN |
|---|---|
| Priti Shah | Dharav & Radhika Shah |
| Priya & Mihir Mehta | Mansi & Yagnesh Shah |
| Neha & Miren Mehta | Yash & Jahanvi Mehta |
| | Shalv & Sheil Mehta |

**GREAT GRANDDAUGHTER**
Nitara Dharav Shah.

**PRAYER MEETING**
Saturday, October 3rd 2026 | Time: 4PM - 6PM
**Address:**
Hiravati hall
Tagore road
Santacruz west
Mumbai - 400054

# મહારાષ્ટ્રથી રાજકીય પરિવર્તનની શરૂઆત થશે: કૉંગ્રેસના નવા પ્રભારી સિરીવેલ્લા પ્રસાદ

મુંબઈ: મહારાષ્ટ્રના કૉંગ્રેસના નવા નિયુક્ત પ્રભારી સિરીવેલ્લા પ્રસાદે ગુરુવારે કહ્યું કે દેશમાં લોકશાહીના રક્ષણ માટે રાજકીય પરિવર્તનની જરૂર છે અને તેની શરૂઆત મહારાષ્ટ્રથી થશે.

મહારાષ્ટ્રની પાંચ દિવસીય મુલાકાતે આવેલા પ્રસાદે રાજ્ય કૉંગ્રેસના મુખ્યાલય 'તિલક ભવન' પહોંચતા પહેલા શિવાજી પાર્કમાં છત્રપતિ શિવાજી મહારાજ અને ચૈત્યભૂમિ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ઔપચારિક રીતે કાર્યભાર સંભાળ્યા બાદ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે આક્ષેપ કર્યો હતો કે છેલ્લાં કેટલાક વર્ષોથી દેશમાં લોકશાહી અને બંધારણને નબળું પાડવાની પ્રક્રિયા ચાલી રહી છે.

તેમણે આરોપ લગાવ્યો કે નરેન્દ્ર મોદી સરકાર સ્વાયત્ત સંસ્થાઓની સ્વતંત્રતા પર અંકુશ લાવી રહી છે અને ચૂંટણી પંચ ભાજપનું ''એજન્ટ'' બની ગયું છે.

પ્રસાદે કહ્યું હતું કે, ''હવે આ સ્થિતિ બદલવાનો સમય આવી ગયો છે. દેશમાં લોકશાહી અને બંધારણના રક્ષણ માટે પરિવર્તનની જરૂર છે અને આ પરિવર્તનની શરૂઆત મહારાષ્ટ્રથી થશે.''

તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે રાજ્યમાં ખેડૂતોની આત્મહત્યા અને દલિતો, લઘુમતીઓ તથા મહિલાઓ વિરુદ્ધ અત્યાચારોમાં વધારો થયો છે, જ્યારે ઉદ્યોગો રાજ્યની બહાર જઈ રહ્યા છે અને બેરોજગારી વધી રહી છે. તેમણે કહ્યું કે કૉંગ્રેસના કાર્યકરોએ ખેડૂતો, કામદારો, દલિતો, લઘુમતીઓ અને યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે કહ્યું હતું કે પાર્ટી બૂથ, ગામ અને મંડળ સ્તરે સંગઠનના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને ૩૧ ડિસેમ્બર સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરશે.

સપકાળે કહ્યું હતું કે, ભાજપ અને તેના સહયોગીઓને હરાવવા એ અમારું લક્ષ્ય હોવું જોઈએ. તેમણે એવો દાવો કર્યો હતો કે રાજ્યમાં ભાજપ સરકાર વિરુદ્ધનું વાતાવરણ છે.

સપકાળે એવી માગણી કરી હતી કે ચાલુ દુષ્કાળને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં તાત્કાલિક ધોરણે પશુઓ માટે ઘાસચારાનાં કેન્દ્રો શરૂ કરવામાં આવે, પીવાનું પાણી પૂરું પાડવામાં આવે, ખેડૂતોને પ્રતિ હેક્ટર ૧ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક ફી માફ કરવામાં આવે.

તેમણે ખેત મજૂરો માટે મફત એલપીજી સિલિન્ડર અને આર્થિક સહાયની પણ માગણી કરી હતી. કૉંગ્રેસના મહાસચિવ મુકુલ વાસનિકે આક્ષેપ કર્યો હતો કે સરકારે જ્ઞાનેશ કુમારની મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિમણૂકને સરળ બનાવવા માટે કાયદો બદલવામાં આવ્યો હતો અને ત્રણ સભ્યોની પસંદગી સમિતિમાંથી ભારતના મુખ્ય ન્યાયાધીશને દૂર કર્યા હતા.

તેમણે દાવો કર્યો હતો કે કુમાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ''મહોરા'' (પ્યાદા) તરીકે કામ કરી રહ્યા હતા અને ચૂંટણી કમિશનરોને કાયદાકીય કાર્યવાહીથી સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી.

રાજ્ય કૉંગ્રેસ ધારાસભ્ય પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે આક્ષેપ કર્યો હતો કે ભાજપ ''મતની ચોરી'' દ્વારા સત્તામાં આવ્યું છે અને ચૂંટણી કમિશનર પર ભાજપના ''એજન્ટ'' તરીકે કામ કરવાનો આરોપ મૂક્યો હતો.

તેમણે કહ્યું કે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી વડા પ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની ''સરમુખત્યારશાહી'' સામે લડી રહ્યા હતા.

વડેટ્ટીવારે એવી આશા વ્યક્ત કરી હતી કે ૨૦૨૯માં સરકાર બદલાશે. તેમણે દુષ્કાળ રાહત માટે તેમના એક વર્ષના ધારાસભ્ય તરીકેના પગારનું દાન કરવાની પણ જાહેરાત કરી હતી.

વરિષ્ઠ નેતા અને કૉંગ્રેસ કાર્યકારી સમિતિના સભ્ય બાળાસાહેબ થોરાતે કહ્યું કે પાર્ટી લોકશાહી અને બંધારણની રક્ષા માટે લડી રહી છે. તેમણે કહ્યું કે દુષ્કાળ દરમિયાન ખેડૂતોની સાથે મક્કમતાથી ઊભા રહેવાની જરૂર છે.

# સાયન્સ સેન્ટરથી પ્લૅનેટોરિયમ વચ્ચેના બ્રિજનું નિર્માણ ચાર મહિનામાં કરવાનું પાલિકાનું લક્ષ્ય

## ફ્લાયઓવર અને સબવે તૈયાર થયા પછી વરલી નાકા ખાતેનો ટ્રાફિક ઓછો થવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વરલી નાકા ખાતેની ટ્રાફિકની સમસ્યા હલ થઈ શકે અને વાહનધારકો કોસ્ટલ રોડ સહેલાઈથી પહોંચી શકે તે માટે નહેરુ સાયન્સ સેન્ટરથી નહેરુ પ્લૅનેટોરિયમ દરમિયાન નિર્માણાધીન ફ્લાયઓવર અને સબવેનું કામ ચાર મહિનામાં પૂરું કરવાનું લક્ષ્ય મુંબઈ મહાનગરપાલિકાએ રાખ્યું છે. પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે નિર્માણકાર્યની ગતિ વધારી ૩૧ જાન્યુઆરી સુધીમાં કામ પૂરું કરવાના નિર્દેશ આપ્યા હતા.

નહેરુ સાયન્સ સેન્ટર ફ્લાયઓવરનું બાંધકામ પૂર્ણ થયા પછી મુસાફરોનો સમય બચશે. હાલમાં આ માર્ગે જનારા વાહનચાલકોએ વરલી નાકાથી વળાંક લઈને જવું પડે છે. પ્રસ્તાવિત બ્રિજથી પ્રવાસનો સમય ઓછામાં ઓછો ૧૫ મિનિટ ઘટી જવાની અપેક્ષા છે, એવું પાલિકાનું કહેવું છે.

આ ફ્લાયઓવરથી ઈ મોઝેસ રોડથી સીધા ઍની બેસન્ટ રોડ તેમ જ કોસ્ટલ રોડ જવું સહેલું થઈ જશે. લોઅર પરેલ, મહાલક્ષ્મી અને કરી રોડથી આવનારાં વાહનો આ પુલનો ઉપયોગ કરી શકશે. પરિણામે વરલી નાકા પરિસરમાં ટ્રાફિક જૅમની સમસ્યામાંથી ઘણે અંશે રાહત મળવાની સંભાવના છે.

પાલિકાના એડિશનલ કમિશનર બાંગર બુધવારે બ્રિજ અને સબવેના બાંધકામના સ્થળે ગયા હતા અને અહેવાલ મેળવ્યો હતો. સાયન્સ સેન્ટર અને જીજામાતા નગર, બન્ને તરફનું ૧,૨૦૦ મિલીમીટર વ્યાસના મુખ્ય પાઈલિંગનું કામ પૂરું થઈ ગયું છે તો અન્ય ૭૦ ટકા જેટલું કામ પૂર્ણતાને આરે છે.

પોર્ટલ બીમ અને ગર્ડર નિર્માણનું કામ પ્રોજેક્ટના સ્થળે તેમ જ કારખાનામાં ચાલી રહ્યું છે. પોર્ટલ બીમ અને ગર્ડર સ્પૅન ગોઠવવાનું કામ પણ ગતિ પર હોવાનું જણાયું હતું. વધુમાં ડેક સ્લૅબ કોન્ક્રીટાઈઝેશનનું કામ અડધાથી વધુ થઈ ગયું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

## કેતન અગ્રવાલ હત્યાકેસ

# ૨૦૨૫માં યુવતીના મોત વિશે પૂરતી ઑનલાઈન સર્ચ પછી કેતનની હત્યા માટે લોહગડની પસંદગી કરાઈ

પુણે: ૨૦૨૫માં થયેલા યુવતીના મોત સંબંધી અહેવાલોનો ઑનલાઈન અભ્યાસ કર્યા પછી પુણેના રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન અગ્રવાલની હત્યા માટે તેની વાગ્દત્તા સિયા ગોયલ અને કથિત પ્રેમી ચેતન ચૌધરીએ લોહગડની પસંદગી કરી હતી, એવું પુણે ગ્રામીણ પોલીસે વડગાંવ માવળ કોર્ટમાં દાખલ કરેલી ચાર્જશીટમાં જણાવાયું હતું.

પુણેના લોહગડ ફોર્ટ પરથી ૧૮ જૂને પડેલા અગ્રાવાલ (૨૬)નું મૃત્યુ થયું હતું. શરૂઆતમાં તે અકસ્માતે કિલ્લા પરથી પડ્યો હોવાનું માનવામાં આવ્યું હતું, પરંતુ તપાસમાં તેને જાણીજોઈને ધક્કો મારવામાં આવ્યું હોવાનું જણાયું હતું.

આ હત્યા કેસમાં કોર્ટમાં રજૂ કરાયેલા ૫,૦૫૩ પાનાંના આરોપનામામાં આરોપી તરીકે સિયા ગોયલ, તેના પ્રેમી ચેતન ચૌધરી અને રિતેશ હાંગેનાં નામ છે. મોબાઈલ ફોન ડેટા, કૉલ ડિટેલ્સ રેકોર્ડ, સોશિયલ મીડિયા પરની સામગ્રી, મેસેજીસ, તસવીરો સહિતના ડિજિટલ પુરાવા ઉપરાંત સાક્ષીઓનાં નિવેદન અને ટેક્નિકલ એનાલિસીસ સર્ટિફિકેટ્સનો પણ આરોપનામામાં સમાવેશ થાય છે. આરોપનામા અનુસાર સિયા કેતન સાથે લગ્ન કરવા માગતી નહોતી. તેમ છતાં ચાલુ વર્ષની ૧૯ ફેબ્રુઆરીએ તેણે કેતન સાથે સગાઈ કરી હતી. સિયાએ ચેતન અને રિતેશ સાથે મળીને કેતનને પતાવી નાખવાનું કાવતરું ઘડ્યું હતું અને આ હત્યાને અકસ્માત મૃત્યુમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો.

સિયા અને ચેતને મૃત્યુ, ટ્રૅકિંગ દરમિયાન થતી દુર્ઘટનાઓ અને પુરાવા ન રાખવાના માર્ગો વિશેની માહિતી માટે ગૂગલ, યુટ્યૂબ અને અન્ય સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ્સ પર ખાસ્સું સર્ચ કર્યું હતું, એવું ચાર્જશીટમાં જણાવાયું છે. પોલીસે એવો પણ દાવો કર્યો હતો કે આરોપીઓએ રાજા રઘુવંશીના મેઘાલય હનીમૂન મર્ડર કેસની વિગતો માટે ઑનલાઈન સર્ચ કર્યું હતું. જોકે પછી ફોન અને ઑનલાઈન ડેટા તેમણે ડિલીટ કરી નાખ્યો હતો.

આરોપીના ગૂગલ, યુટ્યૂબ અને સોશિયલ મીડિયા સર્ચમાં ડેથ કૅપ મુશરૂમ ઈન્ડિયા, કોઈને મારી નાખવાનો સહેલો માર્ગ, સોનમ કેસ, લોહગડ ફોર્ટ, આઈફોનને કઈ રીતે ફોર્મેટ કરવો, કૉલ્સની હિસ્ટ્રી ન મળવી, ગૂગલ એકાઉન્ટ કઈ રીતે ડિલીટ કરવું, ટ્રૅકિંગ ઘટનાનો સમાવેશ થાય છે, એવું ચાર્જશીટમાં નોંધવામાં આવ્યું છે.

કેતનની હત્યાની કથિત યોજનાનો મહત્ત્વનો ભાગ એટલે આરોપીઓએ સાંગવીની ૨૧ વર્ષની યુવતી માનસી ગોવિંદપુરકરના મૃત્યુ વિશે કરેલો અભ્યાસ છે. કૉલેજમાં જતી હોવાનું કહીને ૧૮ માર્ચ, ૨૦૨૫ના રોજ ઘરેથી નીકળેલી યુવતી ગુમ થઈ ગઈ હતી. તેનું મોબાઈલનું છેલ્લું લૉકેશન લોહગડ હતું.

સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં માનસી એકલી ટૅક્સીમાં આવતી અને લોહગડ ફોર્ટ પ્રવેશતી નજરે પડી હતી. પોલીસ અને શિવદુર્ગ રેસ્ક્યૂ ટીમે હાથ ધરેલા સર્ચ ઑપરેશનમાં બે દિવસ પછી તેનો મૃતદેહ લોહગડની તળેટીમાં નવગ્રહ મંદિર પરિસર પાસેથી મળી આવ્યો હતો. તપાસમાં પોલીસને જણાયું હતું કે સ્વાસ્થ્યની સમસ્યા અને એલએલબીના ત્રીજા વર્ષની પરીક્ષા આપવામાં અક્ષમતાને કારણે માનસીએ કથિત આત્મહત્યા કરી હતી.

ફરિયાદ પક્ષ અનુસાર સિયાએ ફેસબુક પરથી ગોવિંદપુરકરના મૃત્યુ સંબંધી બધી માહિતી મેળવી હતી અને ચૌધરી સાથે લોહગડ પર કાવતરાને અંજામ આપવા અંગે ચર્ચા કરી હતી. (પીટીઆઈ)

# વાણગાંવમાં બે સગીરે ઘેનયુક્ત પીણું પીવડાવી કિશોરી સાથે આચર્યું દુષ્કર્મ

પાલઘર: પાલઘર જિલ્લાના વાણગાંવમાં ૧૭ વર્ષની કિશોરીને ઘેનયુક્ત પીણું પીવડાવીને બે સગીરે તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી હતી. કિશોરીના પિતાએ આ પ્રકરણે ફરિયાદ નોંધાવ્યા બાદ બંને સગીર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

વાણગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ચિંચણી વિસ્તારમાં ૨૬ સપ્ટેમ્બરે આ ઘટના બની હતી.

૧૨મા ધોરણમાં અભ્યાસ કરતી કિશોરીના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની પુત્રી સવારે કોલેજ જવા પહેલા ખાનગી કોચિંગ ક્લાસીસમાં જવા માટે ઘરેથી નીકળી હતી.

કિશોરીના પિતાને બપોરે ૩.૩૦ વાગ્યે તેની પત્નીએ કૉલ કર્યો હતો અને કહ્યું હતું કે તેને સ્થાનિક દુકાનદારે જાણ કરી હતી કે તેમની પુત્રીને તેણે વાણગાંવ નાકા નજીક બે સગીર સાથે ફૂડ સ્ટોલ ખાતે જોઇ હતી. દુકાનદારે એમ પણ કહ્યું હતું કે બંને સગીરે કિશોરીને ઘેનયુક્ત પીણું પીવા માટે બળબજરી કરી હતી અને બાદમાં તેઓ તેને વાહનમાં ચિંચણી બીચ તરફ લઇ ગયા હતા. દરમિયાન કિશોરીનો પરિવાર દરિયાકિનારે પહોંચ્યો ત્યારે તે બેભાન અવસ્થામાં મળી આવી હતી અને સગીર તેની સાથે અશ્લીલ વર્તન કરી રહ્યો હતો.

કિશોરીના પિતાએ આક્ષેપ કર્યો હતો કે તેની પુત્રીને ઘેનયુક્ત પીણું પીવડાવ્યા બાદ તેની સાથે દુષ્કર્મ આચરવા બંને સગીર તેને બીચ પર લઇ આવ્યા હતા. વાણગાંવ પોલીસ સ્ટેશનમાં બંને સગીર સામે ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)

# મહારાષ્ટ્ર સરકારે આદિવાસી વિસ્તારોના વિકાસ માટે ₹ ૨૫,000 કરોડ ફાળવ્યા

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે પાર્લામેન્ટરી ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ આદિવાસી વિસ્તારોના વિકાસ માટે રૂ. ૨૫,૦૦૦ કરોડની ફાળવણી કરી છે, તેમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. આ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા તેમણે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ હેઠળ તૈયાર કરવામાં આવેલી કાર્યયોજનાઓને અમલમાં મૂકવા માટે રાજ્ય સરકાર પૂરેપૂરી તૈયાર છે.

ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે આદિવાસી વિસ્તારોનો વિકાસ, લોકોના જીવનધોરણમાં સુધારો, રોજગારીનું સર્જન અને સ્થળાંતર રોકવું એ આ પ્રોજેક્ટના મુખ્ય ઉદ્દેશ્યો છે. તેમણે આદિવાસી વિસ્તારો માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓને એકીકૃત કરવા તથા વ્યક્તિગત ગામડાંઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ગામડાંઓના ક્લસ્ટર બનાવીને સંકલિત વિકાસનો અભિગમ અપનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટમાં લોકોની જીવનગુણવત્તા સુધારવાના ઉદ્દેશ્યથી વિવિધ પહેલોનો સમાવેશ કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો વિચાર પાંચ-છ વર્ષ પહેલાં તૈયાર કરવામાં આવ્યો હતો અને હવે તેનો અમલ થઈ રહ્યો છે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

# મુંઢવા જમીન સોદામાં પાર્થ પવારને લાભ નહોતો મળ્યો? બૉમ્બે હાઇ કોર્ટનો સરકારને સવાલ

## કંપનીમાં માત્ર એક જ ટકા ભાગીદારી ધરાવતી વ્યક્તિને કેસમાં બનાવાયો આરોપી

મુંબઈ: પુણેના મુંઢવા જમીન સોદા મામલે બોમ્બે હાઇ કોર્ટે ગુરુવારે મહારાષ્ટ્ર સરકારને સવાલ કર્યો કે જે કંપનીએ સરકારી જમીન ખરીદી તેમાં ૯૯ ટકા હિસ્સો ધરાવતા પાર્થ પવારને આ સોદાથી કોઈ લાભ મળ્યો નહોતો? ન્યાયમૂર્તિ માધવ જામદારે આ સવાલ ઉઠાવ્યો હતો. પાર્થ પવાર અમેડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપીમાં બહુમતી ભાગીદાર છે, જેણે પુણેના મુંઢવા વિસ્તારમાં ૪૦ એકર સરકારી જમીન તેની વાસ્તવિક કિંમત કરતાં ઘણી ઓછી કિંમતે ખરીદી હતી.

કોર્ટની ખંડપીઠે નોંધ્યું હતું કે કંપનીમાં માત્ર એક ટકા હિસ્સો ધરાવતા વ્યક્તિને આ કેસમાં આરોપી બનાવવામાં આવ્યા છે, જ્યારે ૯૯ ટકા હિસ્સો ધરાવતા પાર્થ પવાર વિરુદ્ધ તપાસમાં કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી. આ સવાલ પુણેના તહસીલદાર સૂર્યકાંત યેવલેની આગોતરા જામીન અરજી પર સુનાવણી દરમિયાન ઉઠાવવામાં આવ્યો હતો. યેવલે પર સત્તાના કથિત દુરુપયોગ દ્વારા આ વિવાદાસ્પદ વ્યવહારને સરળ બનાવવાનો આરોપ છે. તેમણે સોદામાં પોતાની કોઈ ભૂમિકા હોવાનો ઈનકાર કર્યો છે અને પોતાને ખોટી રીતે ફસાવવામાં આવ્યા હોવાનો દાવો કર્યો છે.

ગત મહિને કોર્ટે યેવલેની અરજીમાં કરાયેલા દાવા અંગે મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક પાસેથી જવાબ માગ્યો હતો. આ દાવામાં કહેવામાં આવ્યું હતું કે પાર્થ પવાર પ્રભાવશાળી વ્યક્તિ હોવાથી તેમને કેસમાં આરોપી બનાવવામાં આવ્યા નથી. પોલીસ મહાનિર્દેશક સદાનંદ દાતેએ કોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં જણાવ્યું હતું કે આ મામલે વધુ વ્યાવસાયિક અને વિગતવાર તપાસની જરૂર છે અને તેથી પુણે પોલીસ કમિશનરને વધુ તપાસ કરવાની સૂચના અપાઈ છે. કોર્ટે ગુરુવારે આ નિવેદન સ્વીકાર્યું હતું, પરંતુ પોલીસની તપાસ અંગે ગંભીર સવાલ ઉઠાવ્યા હતા.

કોર્ટ સમક્ષ રજૂ થયેલા કેસ મુજબ મુંઢવાની જમીન 'મહાર વતન' જમીનની શ્રેણીમાં આવતી સરકારી મિલકત હતી અને તે વનસ્પતિ સર્વેક્ષણ વિભાગને ભાડે આપવામાં આવી હતી. આરોપ મુજબ આ જમીન સરકારની ફરજિયાત મંજૂરી વિના અમેડિયા એન્ટરપ્રાઇઝિસને ઓછી કિંમતે વેચવામાં આવી હતી. પાર્થ પવાર આ કંપનીના ડિરેક્ટર છે. આ ૪૦ એકર જમીનનો સોદો આશરે ૩૦૦ કરોડ રૂપિયામાં થયો હતો અને ગયા વર્ષના અંતમાં આ વ્યવહાર તપાસ હેઠળ આવ્યો હતો.

અહેવાલ મુજબ કંપનીને આશરે ૨૧ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટીમાંથી પણ મુક્તિ આપવામાં આવી હતી. જુલાઈમાં પુણેની સિવિલ કોર્ટે આ વિવાદાસ્પદ મુંઢવા જમીન સોદાના વેચાણ દસ્તાવેજને રદ કરવાનો આદેશ આપ્યો હતો. દરમિયાન, બોમ્બે હાઇ કોર્ટે પુણેના તહસીલદાર સૂર્યકાંત યેવલેને આગોતરા જામીન મંજૂર કર્યા છે. જમીન સોદા મામલે પોલીસની વધુ તપાસ ચાલુ છે અને ૯૯ ટકા હિસ્સો ધરાવતા પાર્થ પવાર અંગે તપાસમાં લેવાયેલા વલણ પર હાઈ કોર્ટ દ્વારા ઉઠાવવામાં આવેલા સવાલો બાદ આ મામલો વધુ ચર્ચામાં આવ્યો છે.

# મુંબઈ એરપોર્ટ પરથી ૨૧ કરોડનું ડ્રગ્સ પકડાયું: પ્રવાસીની ધરપકડ

મુંબઈ: કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) મુંબઈ એરપોર્ટ પરથી ૨૧ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને પ્રવાસીની ધરપકડ કરી હતી.

થાઇલેન્ડના ફૂકેટ જવા માટેની ફ્લાઇટ પકડવા પ્રવાસી બુધવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવ્યો ત્યારે એઆઇયુના અધિકારીઓએ તેને શંકાને આધારે આંતર્યો હતો.

પ્રવાસીની તલાશી લેવામાં આવી હતી, પણ કશું જ મળ્યું નહોતું. બાદમાં તેના સામાનની તલાશી લેવામાં આવતાં ૨૧ કરોડ રૂપિયાની કિંમતનું સાત કિલો કેટામાઇન ડ્રગ્સ મળી આવ્યું હતું. આથી પ્રવાસી વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. પ્રવાસીએ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કઇ વ્યક્તિ સુધી તે પહોંચાડવાનો હતો, તેની તપાસ કરાઇ રહી છે.

દરમિયાન મુંબઇ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલે (એએનસી) ચેમ્બુર વિસ્તારથી ૮૪ લાખ રૂપિયાનો ગાંજો જપ્ત કરીને મરિઅમ્મા પેરિઆનંદ દેવેન્દ્ર (૪૦) નામની મહિલાની ધપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એએનસીના ઘાટકોપર યુનિટનો સ્ટાફ બુધવારે ચેમ્બુરમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે માનખુર્દ-ઘાટકોપર લિંક રોડ પર છેડાનગર ખાતે તેમની નજર મહિલા પર પડી હતી. મહિલાને તાબામાં લઇ તેની તલાશી લેવાતાં ગાંજો મળી આવ્યો હતો, જે વેચવા માટે આવી હતી.

# ટ્રકની અડફેટમાં આવી મૃત્યુ પામેલા બાળકની માતાને ₹ પાંચ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણે: થાણે જિલ્લામાં મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૨૧માં પાલિકાની કચરાની ટ્રક નીચે કચડાઇ મૃત્યુ પામેલા ૧૨ વર્ષના બાળકની માતાને વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે પાંચ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલના સભ્ય આર.વી. મોહિતેએ સોમવારે ધ ન્યૂ ઇન્ડિયા એશ્યુરન્સ કંપની લિ.ને દાવેદારને પ્રથમ વળતર ચૂકવવાનો અને બાદમાં વીમા પોલિસીની શરતોના સ્પષ્ટ ઉલ્લંઘન બદલ ટ્રકમાલિક, થાણે જિલ્લાના કલ્યાણ-ડોંબિવલી પાલિકા કમિશનર, પાસેથી સંપૂર્ણ રકમ વસૂલવાનો નિર્દેશ આપ્યો હતો.

અમિત જગદીશ ધાકડ (૧૨) ૨૨ મે, ૨૦૨૧ના રોજ કલ્યાણમાં રહેણાક ઇમારતની સામે રસ્તા પર રમી રહ્યો હતો ત્યારે કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી)ની કચરાની ટ્રકે પૂરઝડપે રિવર્સ લેતી તેને ટક્કર મારી હતી, જેમાં તેને ગંભીર ઇજા થઇ હતી.

પોતાના બચાવમાં કેડીએમસી દ્વારા દલીલ કરાઇ હતી કે ટ્રકના ડ્રાઇવરને ખાનગી કોન્ટ્રેક્ટર વિશાલ એક્સપર્ટ સર્વિસીસ પ્રા.લિ.એ પૂરો પાડ્યો હતો. એ સાથે દાવો કરવામાં આવ્યો હતો કે કોવિડ-૧૯ મહામારી (જ્યારે અકસ્માત થયો હતો) દરમિયાન સરકારી ઠરાવની માર્ગદર્શિકા હેઠળ વાહનની ફિટનેસ અને ડ્રાઇવિંગ લાઇસન્સની માન્યતા લંબાવવામાં આવી હતી.

જોકે આરટીઓના રેકોર્ડસ પરથી જાણવા મળ્યું હતું કે ટ્રકનું ફિટનેસ સર્ટિફિકેટ ૧૦ માર્ચ, ૨૦૧૩ના રોજ સમાપ્ત થઇ ગયું હતું અને તે ક્યારેય રિન્યુ કરાવવામાં આવ્યું નહોતું. ઉપરાંત ડ્રાઇવરનું ટ્રાન્સપોર્ટ ક્લાસ ડ્રાઇવિંગ લાઇસન્સ પણ ૧૩ ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ સમાપ્ત થઇ ગયું હતું, જે કોવિડ મહામારીને કારણે લોકડાઉન અમલમાં આવ્યું તે પહેલાની વાત છે. (પીટીઆઇ)

# ૨૪૨ કરોડ રૂપિયાના બૅન્ક ફ્રૉડ કેસમાં યવતમાળમાં નવ સ્થળે ઈડીની સર્ચ

મુંબઈ: બાબાજી દાતે મહિલા સહકારી બૅન્કના ૨૪૨ કરોડ રૂપિયાના ફ્રોડ અને મની લૉન્ડરિંગ પ્રકરણમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)ના મુંબઈ ઝોનના અધિકારીઓએ યવતમાળમાં નવ અલગ અલગ સ્થળે સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું.

યવતમાળના અવધુતવાડી પોલીસ સ્ટેશનમાં બાબાજી દાતે મહિલા સહકારી બૅન્કના અધિકારીઓ-કર્મચારીઓ અને લોન લેનારાઓ વિરુદ્ધ નોંધાયેલા અનેક એફઆઈઆરને આધારે ઈડી મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે.

બાબાજી દાતે મહિલા સહકારી બૅન્ક લિમિટેડ, યવતમાળ મૂળમાં મહારાષ્ટ્ર કો-ઓપ સોસાયટીઝ ઍક્ટ, ૧૯૬૦ની કલમ ૯(૧) હેઠળ નોંધાયેલી હતી. આરબીઆઈ દ્વારા ૨૦૨૨માં બૅન્કનું લાઈસન્સ રદ કરવામાં આવ્યું હતું.

ફ્રોડ અને ડિપોઝિટર્સનાં નાણાંનો ખોટી રીતે ઉપયોગ કરવા સંબંધી અનેક ફરિયાદોના આધાર પર રાજ્ય સરકાર દ્વારા સ્પેશિયલ ઓડિટનો આદેશ આપવામાં આવ્યો હતો. ઓડિટમાં જણાયું હતું કે સીઈઓ, ચૅરમૅન, ડિરેક્ટરો અને બૅન્ક અધિકારીઓએ કરજદારો, વેલ્યૂઅર્સ અને ઓડિટર્સ સાથે સાઠગાંઠ કરીને યોગ્ય જામીન અને પુનઃચુકવણીની ક્ષમતાની પૂરતી આકારણી વિના લોન આપી હતી અને આ લોન ભંડોળને પછીથી બૅન્કના બાય-લૉઝ/નીતિ અને આરબીઆઈની માર્ગદર્શિકાથી વિપરીત ઉદ્દેશ માટે ઉપયોગમાં લેવાયું હતું. તપાસમાં એવું પણ જણાયું હતું કે ચૅરપર્સન અને બૅન્ક અધિકારીઓએ લોન લાભાર્થીઓ સાથે મળીને ૨૪૨ કરોડ રૂપિયાનું ફ્રોડ કર્યું હતું.

ઈડીની તપાસમાં આ કથિત છેતરપિંડીમાં બૅન્ક અધિકારીઓ અને કરજદારોની સાઠગાંઠનો ખુલાસો થયો હતો. તપાસમાં એવું પણ જણાયું હતું કે કરજદારો લેવામાં આવેલા લોન ભંડોળની ઉચાપત વ્યક્તિગત ઉપયોગ માટે કરાઈ હતી. લોનની રકમ બૅન્ક અધિકારીઓનાં ખાતાંમાં ટ્રાન્સફર કરાઈ હતી. આ પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી હોવાનું ઈડીનું કહેવું છે.

## એન્ટિલિયા નજીક વિસ્ફોટકો

# ખટલા દરમિયાનના પરમબીર સિંહના નિવેદન પર આધાર નહીં રખાય: એનઆઈએએ કોર્ટમાં જણાવ્યું

મુંબઈ: ૨૦૨૧ના એન્ટિલિયા નજીક વિસ્ફોટકો અને મનસુખ હિરેન હત્યા કેસના ખટલા દરમિયાન મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે આપેલા નિવેદન પર પોતે આધાર નહીં રાખે, એવું નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ કોર્ટમાં જણાવ્યું હતું. દક્ષિણ મુંબઈમાં આવેલા ઉદ્યોગપતિ મૂકેશ અંબાણીના નિવાસસ્થાન 'એન્ટિલિયા' નજીક સ્કોર્પિયોમાં વિસ્ફોટકો મળી આવ્યા હતા. બાદમાં સ્કોર્પિયાના માલિક એવા બિઝનેસમૅન મનસુખ હિરેનો મૃતદેહ પાંચમી માર્ચ, ૨૦૨૧ના રોજ થાણે પાસેની ખાડીને કિનારેથી મળી આવ્યો હતો. કેન્દ્રીય તપાસ એજન્સીએ તાજેતરમાં એનઆઈએની વિશેષ અદાલતમાં કમ્પ્લાયન્સ રિપોર્ટ રજૂ કર્યો હતો, જેમાં અવિશ્વાસુ સાક્ષીઓનાં નિવેદનો, દસ્તાવેજો અને નિષ્પક્ષ ખટલો ચલાવવાનાં હિતોમાં અવરોધ ઊભો કરતી સામગ્રીનો સમાવેશ થાય છે. એનઆઈએએ સાક્ષીઓનાં ૨૯ નિવેદનોની માહિતી કોર્ટમાં આપી હતી, જેના પર તપાસ એજન્સી આધાર નહીં રાખે. આમાં ૨૯ અને ૩૦ ઑગસ્ટ, ૨૦૨૨માં નોંધાયેલાં પરમબીર સિંહનાં નિવેદનોનો સમાવેશ હોવાનું રિપોર્ટમાં જણાવાયું હતું. (પીટીઆઈ)

# સોશ્યલ મીડિયા પરથી અભિનેત્રી સમન્થા રુથ પ્રભુ સંબંધિત ડીપફેક્સ

## અનધિકૃત સામગ્રી દૂર કરવાનો હાઇ કોર્ટનો આદેશ

મુંબઈ: મુંબઈ હાઇ કોર્ટે ગુરુવારે અભિનેત્રી સામન્થા રૂથ પ્રભુના નામ, છબી અને અન્ય વ્યક્તિત્વ લક્ષણોનો દુરુપયોગ કરતી ડીપફેક્સ અને અનધિકૃત સામગ્રી સોશ્યલ મીડિયા પરથી તત્કાળ દૂર કરવાનો આદેશ આપ્યો હતો.

જસ્ટિસ માધવ જામદારની સિંગલ બેન્ચે પ્રભુ દ્વારા દાખલ કરાયેલી અરજી પર વચગાળાનો આદેશ આપ્યો હતો જેમાં તેમના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કરવાની માગણી કરવામાં આવી હતી અને અનેક વેબસાઇટ્સ અને સોશ્યલ મીડિયા પર તેમના નામ, છબી, અવાજ અને અન્ય વ્યક્તિત્વ લક્ષણોના કથિત દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

અભિનેત્રીએ અનેક મોર્ફ કરેલી સામગ્રી અને ડીપફેક્સનો પણ ઉલ્લેખ કર્યો હતો.

બેન્ચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા બનાવવામાં આવેલા ડીપફેક્સ સહિત અભિનેતાના નામ, છબી અને અવાજનો અનધિકૃત ઉપયોગ કરતી વાંધાજનક સામગ્રીના પ્રકાશન પર રોક લગાવી હતી.

વાદીના વ્યક્તિત્વ અધિકારો તેના મૂળભૂત અધિકારો દ્વારા સુરક્ષિત છે, જેમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર, જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર, ગોપનીયતાનો અધિકાર અને માનવ ગૌરવનો અધિકાર શામેલ છે, એમ હાઇ કોર્ટે જણાવ્યું હતું.

''વાદી (પ્રભુ) ના આ બધા મૂલ્યવાન અધિકારોનું ઉલ્લંઘન થાય છે અને પ્રતિવાદીઓનાં કાર્યોથી તેના પર પ્રતિકૂળ અસર થાય છે,'' એમ તેમાં જણાવવામાં આવ્યું હતું.

પ્રભુના વકીલ રશ્મિન ખાંડેકરે મોર્ફ કરેલા અને ડીપફેક ફોટોગ્રાફ્સ, એઆઈ વોઇસ જનરેશન, અશ્લીલ વીડિઓઝ અને ઇન્ટરેક્ટિવ એઆઈ ચેટબોટ્સ દ્વારા અભિનેતાને વાંધાજનક ઠેરવતા તેમના અધિકારોના ઉલ્લંઘન તરફ અદાલતનું ધ્યાન દોર્યું હતું.

પાલનપૂરી (સાગરાસણા) જૈન



**શ્રી સુભાષભાઈ ફોજાલાલ ઝવેરી**

(ઉ.વ. ૮૪) તા. ૩૦.૦૯.૨૦૨૬ બુધવારના અરિહંત શરણ પામેલ છે.

તેઓ શ્રી ફોજાલાલ કચરાભાઈ ઝવેરી તથા ધર્મીબેન ફોજાલાલ ઝવેરી ના સુપુત્ર, સ્વ. સુરભિબેન ના પતિ, હંસાબેન, અજયભાઈ, વિમળાબેન, શાંતાબેન, અનિલાબેન, સ્વ. મધુકાંતભાઈ, સ્વ. પ્રવિણભાઈ, અભયભાઈ, અમલભાઈ ના ભાઈ, અપૂર્વ તથા કવિતા, અમીબેન સંદીપભાઈ ના કાકા.

લૌકિક વ્યવહાર બંધ છે

# નાગરિકોને મતદાન કરાવવું એ જ મુખ્ય ઉદ્દેશ્ય

## ફોર્મ-૮ રદ કરવા બદલ હાઈ કોર્ટનો ચૂંટણી પંચને સવાલ

પણજી: બૉમ્બે હાઈ કોર્ટે ગુરુવારે જણાવ્યું કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ અને ભારતના ચૂંટણી પંચનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો મતદાન કરી શકે તે સુનિશ્ચિત કરવાનો છે, જેને અવગણી શકાય નહીં.

જોકે, મતદાર યાદીમાંથી જેમના નામ હટાવી દેવામાં આવ્યા હતા તેવા એક જ પરિવારના છ સભ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશનની સુનાવણી કરતી વખતે, જસ્ટિસ વાલ્મિકી મિનેઝીસ અને જસ્ટિસ અમિત એસ. જામસંડેકરની હાઇ કોર્ટની ગોવા ખંડપીઠે ટિપ્પણી કરી હતી કે, ચૂંટણી પંચ દ્વારા જે કરવામાં આવ્યું છે તે તેના મૂળ ઉદ્દેશ્યને અનુરૂપ નથી.

સાંતાક્રુઝ મતવિસ્તારમાં ઘર બદલ્યા બાદ સરનામું અપડેટ કરવા માટે 'ફોર્મ ૮' ભરનારા એક જ પરિવારના છ લોકોનું ફોર્મ ઈલેક્ટોરલ રેકોર્ડ ન મળતાં રદ કરવામાં આવ્યું હતું, જેનાથી મતદાર યાદીમાંથી તેમના નામ નીકળી ગયા. ચૂંટણી પંચ તરફથી એડવોકેટ ગૌરીશ અગ્નિની દલીલો સાંભળતી વખતે ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે 'ફોર્મ ૮' રદ કરવાનો અર્થ એ છે કે મતદાર યાદીમાં તે વ્યક્તિનું નામ રહેશે નહીં, અને ઉમેર્યું હતું કે, અમને આ સામે વાંધો છે. હાઈ કોર્ટે ચૂંટણી પંચને સવાલ કર્યો હતો કે એસઆઇઆર દરમિયાન 'ફોર્મ ૮' રદ કરવાને બદલે પેન્ડિંગ કેમ ન રાખી શકાય, કારણ કે ફોર્મ રદ કરવાથી પાત્ર મતદારો યાદીમાંથી બહાર થઈ જાય છે. ચૂંટણી પંચના વકીલે દલીલ કરી હતી કે ગણતરીના સમયગાળામાં ફોર્મ ન ભરાયા હોવાથી તે રદ કરાયા હતા. ■

# રાજ્યના ૩૦૦થી વધુ આરટીઓ અધિકારીઓને વાહન નિરીક્ષણમાં અનિયમિતતા બદલ નોટિસ

મુંબઈ: અન્ય રાજ્યમાં હાથ ધરાયેલા નિરીક્ષણને આધારે વાહનોને ફિટનેસ સર્ટિફિકેટ જારી કરીને અનિયમિતતા આચરવા માટે રાજ્યભરના ૩૦૦થી વધુ આરટીઓ (રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસીસ) અધિકારીઓને મહારાષ્ટ્ર મોટર વેહિકલ ડિપાર્ટમેન્ટ દ્વારા કારણ દર્શાવો નોટિસ ફટકારવામાં આવી છે. રાજ્યભરમાં ફરજ બજાવતા મોટર વેહિકલ ઇન્સપેક્ટર, આસિસ્ટન્ટ રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર અને ડેપ્યુટી આરટીઓ અને આરટીઓને આ નોટિસ અપાઇ છે.

પહેલી જાન્યુઆરી, ૨૦૨૪થી પાંચમી માર્ચ, ૨૦૨૬ વચ્ચે અન્ય રાજ્યમં ટ્રાન્સપોર્ટ પ્રશાસન દ્વારા 'ફોર્મ ૩૮એ'માં જારી નિરીક્ષણ અહેવાલને આધારે ફોર્મ ૩૮ થકી વાહનના ફિટનેસ સર્ટિફિકેટના નવીનીકરણમાં અનિયમિતતાની તપાસ કરવા અગાઉ રાજ્ય સરકારે સમિતિ નીની હતી. નિયમ અનુસાર વાહનનું રજિસ્ટ્રેશન થયું હોય તે સિવાયના રાજ્ય અથવા કેન્દ્ર શાસિત પ્રદેશમાં મુકરર ફિટનેસ ટેસ્ટ હાથ ધરાય ત્યારે ફોર્મ ૩૮એમાં નિરીક્ષણ અહેવાલ અપલોડ કરવાનું આવશ્યક છે અને તે નોંધણીકર્તા પ્રશાસનને મોકલવું જરૂરી છે.

નોંધણીકર્તા પ્રશાસને પંદર દિવસમાં ફોર્મ ૩૮માં ફિટનેસ સર્ટિફિકેટ જારી કરવાનું આવશ્યક હોય છે. આમાં મોટી નિયમિતતા તપાસ સમિતિને મળી આવી હતી. આને આધારે ૩૩૫ અધિકારીઓને હવે નોટિસ જારી કરવામાં આવી છે. સમિતિની તપાસમાં પાંચ શ્રેણીમાં ગેરરીતિ જોવા મળી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. આ ગેરરીતિઓ ઉપરાંત ઍક્ય ફોર્મ પ્રક્રિયા ન કરનારા આરટીઓ અધિકારીઓને પણ નોટિસો ફટકારવામાં આવી હતી. આને કારણે અધિકારીઓની સંખ્યા વધી છે. એક વરિષ્ઠ આરટીઓ અધિકારીએ જણાવ્યું હતું કે વાહનની નોંધણીના રાજ્યની બહાર આરટીઓ કે અધિકૃત પરીક્ષણ સુવિધા ખાતે ફિટનેસ પરીક્ષણ હાથ ધરવા માટે કમર્શિયલ વાહનમાલિકોને મંજૂરી આપતી જોગવાઇ વાહનમાલિકોની સુવિધા માટે છે. (પીટીઆઇ)■

# જાલનામાં ૩૨ મહિનામાં ૬૪ વખત પ્રતિબંધાત્મક હુકમ લાદવામાં આવ્યા: આરટીઆઈમાં ખુલાસો

જાલના: જાલનામાં ૩૨ મહિનાના સમયગાળામાં ૬૪ વખત પ્રતિબંધાત્મક હુકમો લાગુ કરવામાં આવ્યા હતા, જેમાં કુલ ૯૫૩ દિવસોમાંથી ૮૯૬ દિવસો આવરી લેવામાં આવ્યા હોવાનો ખુલાસો એક આરટીઆઇ અરજીના જવાબમાં થયો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે આ હુકમો મહારાષ્ટ્ર પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) અને ૩૭(૩) હેઠળ લાદવામાં આવ્યા હતા, જે સત્તાવાળાઓને ચોક્કસ સંજોગોમાં અમુક જાહેર મેળાવડા અને પ્રવૃત્તિઓનું નિયમન કરવા અથવા તેના પર પ્રતિબંધ મૂકવાની સત્તા આપે છે. આરટીઆઇ અરજી દાખલ કરનાર કાર્યકર્તા નારાયણ કાલેએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે એક સમયે ૧૫ દિવસ માટે આ આદેશો બહાર પાડવામાં આવતા હતા. ઘણી વખત અગાઉના આદેશની મુદત પૂરી થયાના ૨૪ થી ૪૮ કલાકની અંદર જ નવા આદેશો જાહેર કરી દેવાતા હતા, એવો તેમણે દાવો કર્યો હતો.

કાલેએ જણાવ્યું હતું કે આવા પ્રતિબંધોથી જાહેર સભાઓ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને અસર પહોંચવા ઉપરાંત અઠવાડિક બજારો અને નાના વ્યવસાયો પર પણ માઠી અસર પડી હતી, જેના કારણે આર્થિક અને સામાજિક મુશ્કેલીઓ ઊભી થઈ હતી.

તેમણે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો હવાલો આપ્યો હતો, જેમાં ઠેરવવામાં આવ્યું છે કે વારંવાર પ્રતિબંધાત્મક આદેશોનો ઉપયોગ સત્તાના દુરુપયોગ સમાન ગણી શકાય. ■





ઊર્જા સંરક્ષણ પર રાષ્ટ્રીય ચિત્રકલા સ્પર્ધા-૨૦૨૬

વિષય-વસ્તુ

શાળા તથા ઘરમાં ઊર્જા બચાવો

ઊર્જા સંરક્ષણ જ ઊર્જા સુરક્ષાની ચાવી છે

ગ્રૂપ એ: ૫મું, ૬ઠ્ઠું અને ૭મું ધોરણ

ગ્રૂપ બી: ૮મું, ૯મું & ૧૦મું ધોરણ

ચિત્રકલા હેતુ પુરસ્કાર

| પુરસ્કાર શ્રેણી | રાજ્ય/કેન્દ્ર શાસિત સ્તર પુરસ્કાર | | |
|---|---|---|---|
| | પુરસ્કારની સંખ્યા | ગ્રૂપ એ | ગ્રૂપ બી |
| પ્રથમ પુરસ્કાર/ સુવર્ણ પદક | ૧ | ₹ ૫૦,૦૦૦/- | ₹ ૫૦,૦૦૦/- |
| દ્વિતીય પુરસ્કાર/ રજત પદક | ૧ | ₹ 30,000/- | ₹ 30,000/- |
| તૃતિય પુરસ્કાર/ કાંસ્ય પદક | ૧ | ₹ ૨૦,૦૦૦/- | ₹ ૨૦,૦૦૦/- |
| પ્રશંસા પુરસ્કાર | ૧૦ | ₹ ૭,૫૦૦/- | ₹ ૭,૫૦૦/- |

| પુરસ્કાર શ્રેણી | રાષ્ટ્રીય સ્તરના પુરસ્કાર | | |
|---|---|---|---|
| | પુરસ્કારની સંખ્યા | ગ્રૂપ એ | ગ્રૂપ બી |
| પ્રથમ પુરસ્કાર/ સુવર્ણ પદક | ૧ | ₹ ૧,૦૦,૦૦૦/- | ₹ ૧,૦૦,૦૦૦/- |
| દ્વિતિય પુરસ્કાર/ રજત પદક | ૧ | ₹ ૫૦,૦૦૦/- | ₹ ૫૦,૦૦૦/- |
| તૃતીય પુરસ્કાર/ કાંસ્ય પદક | ૧ | ₹ 30,000/- | ₹ 30,000/- |
| પ્રશંસા પુરસ્કાર | ૧૦ | ₹ ૧૫,૦૦૦/- | ₹ ૧૫,૦૦૦/- |

રાષ્ટ્રીય વિજેતાઓને લેપટોપ/ટેબલેટ પણ મળશે તથા તેઓને ભારતમાં સ્ટડી ટૂર માટે તક પણ મળશે

CBC 34106/13/0011/2627

ચિત્રકલા પ્રસ્તુત કરવાની છેલ્લી તારીખ: ૧૫મી ઓકટોબર, ૨૦૨૬



Government of India

ગાંધીજી અને શાસ્ત્રીજીને તેમની જન્મજયંતી પર કૃતજ્ઞ રાષ્ટ્રના કોટિ-કોટિ વંદન



2 ઑક્ટોબર, 2026

મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતી પર, રાષ્ટ્ર એ બે મહાન નેતાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે જેમણે પોતાનું જીવન રાષ્ટ્રની સેવામાં સમર્પિત કર્યું હતું.

"જ્યાં ગાંધીજીએ સાહસ, સાદગી, સેવા અને કરુણાની શક્તિનો માર્ગ બતાવ્યો, ત્યાં શાસ્ત્રીજીનું જીવન અને નેતૃત્વ આપણને એક સશક્ત અને આત્મનિર્ભર રાષ્ટ્રના નિર્માણ માટે પ્રેરિત કરતું રહેશે."

- નરેન્દ્ર મોદી



CBC 6310/13/0015/2627

# ‘ત્રાસવાદી’ કૉ-પાઈલટનો ઈરાદો શું હતો?

જેરુસલેમઃ સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના દુબઈથી ઇઝરાયલના તેલ અવીવ જતી ફ્લાયદુબઈની ફ્લાઇટને કોઇ જગ્યાએ અથડાવીને ૯/૧૧નું પુનરાવર્તન કરવાનો ત્રાસવાદીનો પ્રયાસ ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છર દ્વારા નિષ્ફળ બનાવાયા બાદ પકડાયેલા ઓમાનના સહ-પાઇલટના ઇરાદા અંગે સઉદી અરેબિયા, યુએઇ, ઓમાન, અમેરિકા અને ઇઝરાયલે તપાસ શરૂ કરી છે.

એક પ્રાદેશિક અધિકારીએ પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે જણાવ્યું હતું કે પકડાયેલો ઓમાનનો નાગરિક સઉદી અરેબિયાના સત્તાવાળાઓના કબજામાં છે. ઇઝરાયલ, યુએઇ, અમેરિકા અને ઓમાનના અધિકારીઓ આ ઘટનાની તપાસ કરી રહ્યા છે. ‘ત્રાસવાદી’ પાઇલટના કહેવાતા ત્રાસવાદના ઇરાદાથી લઇને માનસિક અસમતુલા સુધીના દરેક પાસાં તપાસવામાં આવી રહ્યા છે. ઇઝરાયલના જાસૂસી અને સુરક્ષા અધિકારીઓ સઉદીમાંના ‘ત્રાસવાદી’ પાઇલટની તપાસમાં જોડાયા છે. સઉદી અને ઇઝરાયલ વચ્ચે સત્તાવાર રાજદ્વારી સંબંધ નથી, પરંતુ વૈકલ્પિક માર્ગે તપાસમાં સહકાર સાધવામાં આવી રહ્યો છે. વિમાનમાં શોટા મુસયેવ નામનો દાંતનો ડૉક્ટર મુસાફર હતો. તેણે વિમાનમાંની ઘટનાનો વીડિયો તૈયાર કર્યો હતો. તેણે ઘાયલ પાઇલટ કેપ્ટનની સારવાર પણ કરી હતી. તેને શૂટ કરેલા વીડિયોમાં ‘ત્રાસવાદી’ સહપાઇલટ ઘૂંટણ પર બેઠેલો દેખાતો હતો અને તેના હાથ પાછળ બાંધેલા હોવાનું જોઇ શકાતું હતું. આ સહપાઇલટનું નામ તાત્કાલિક જાહેર નહોતું કરાયું.

ફ્લાઇટમાંના એક મુસાફરે ઘટનાનું વર્ણન કરતા જણાવ્યું હતું કે અમે ફ્લાઇટ ઊડી રહી હતી ત્યારે નિઃસહાય બની ગયા હતા. અમે ઉગરી ગયા એ જ મોટી વાત છે.

યુએઇના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે અમારા અધિકારીઓ આ ઘટનાને બારીકાઇથી તપાસી રહ્યા છે. યુએઇના એટર્ની જનરલ કાઉન્સેલર હમદ અલ શામસીએ ઘટનાની તપાસ માટે ઉચ્ચ અધિકારીઓની ટીમ રચવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી)

# કેપ્ટન સ્મિત પર કુહાડી વડે હુમલો કરવામાં આવ્યો હતો?

તેલ અવીવઃ ૧૭૪ પેસેન્જરને લઈ જતા ફ્લાયદુબઈ વિમાનને નીચે તોડી પાડવાના પ્રયાસમાં સહપાઈલટે ભારતીય પાઈલટ સ્મિત મચ્છર પર કુહાડી વડે હુમલો કર્યો હોવાનો ઘટસ્ફોટ ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કર્યો છે.

આ બનાવ બુધવારે બન્યો હતો. સહપાઈલટે પાઈલટ પર હુમલો કર્યો હતો અને વિમાને ૩૦ સેકન્ડમાં ૧૪,૦૦૦ ફૂટ (૪,૨૬૭ મીટર) જેટલી ઊંચાઈ ગુમાવી હતી. પાઈલટ અને પેસેન્જરે કોકપિટમાં આવીને સહપાઈલટના પ્રયાસને વિફળ બનાવ્યો હતો. આને લીધે એ જ વિમાનમાં મુસાફરી કરી રહેલા ફ્લાયદુબઈના પાઈલટની બીજી જોડીએ કમાન સંભાળી હતી અને વિમાન સઉદી અરેબિયાના તબૂકમાં સહીસલામત ઊતર્યું હતું. એક ચેનલને મુલાકાત આપતા ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું હતું કે એવી સંભાવના છે કે સહપાઈલટે ભારતીય પાઈલટ પર કુહાડી વડે હુમલો કર્યો હતો. એરલાઈન્સ તાકીદના કારણસર કોકપિટમાં કુહાડી રાખવી પડે છે. આનો ઉપયોગ બચવા માટે બારી તોડવા કે આગ સુધી પહોંચવા પેનલ ખોલવા માટે થાય છે. વડા પ્રધાને કહ્યું હતું કે દુબઈની ફ્લાઈટ ઈઝરાયલ તરફ આવતી હતી ત્યારે સહપાઈલટે મુખ્ય પાઈલટ પર હુમલો કર્યો હતો. એવું પ્રતીત થાય છે સહપાઈલટે તેને છરી મારી હતી અથવા તો કુહાડી વડે પ્રહાર કર્યો હતો.

કોકપિટમાં ખાણાની સેવા માટે ધાતુની છરી કે કુહાડી રાખવામાં આવે છે.

જોકે વિમાનના પેસન્જરે કહ્યું હતું કે એક પાઈલટ રક્તરંજીત થઈને ઘાયલ પડ્યો હતો અને બાજુમાં એક માણસના હાથમાં છરી હતી. નેતન્યાહુએ કહ્યું હતું કે સહપાઈલટ ઓમાનનો નાગરિક છે અને તેની ધરપકડ કરાઈ છે. સઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતે અમુક નિવેદનો કરીને કહ્યું છે કે તપાસ ચાલુ છે.

# આ ચાર પણ હીરો...


અસાફ રાજુઆન


યાનિવ હાયુન


ઝવિકા મેનેસ

## ફ્લાયદુબઈની ફ્લાઈટમાં પ્લમ્બરથી લઈને બૅન્કના સીઈઓ સુધીના અન્યોએ પણ કટોકટીમાં અદ્ભુત કામ કર્યું

તેલ અવીવઃ સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના દુબઈથી ઇઝરાયલના તેલ અવીવ જતી ફ્લાયદુબઈની ફ્લાઇટને કોઇ જગ્યાએ અથડાવીને ૯/૧૧નું પુનરાવર્તન કરવાનો ત્રાસવાદીનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છરને મદદ કરનારા વિમાનમાંના અન્ય ચાર ‘હીરો’માં પ્લમ્બરથી લઇને બૅન્કના સીઇઓનો સમાવેશ થાય છે.


શોટા મુસયેવ

(૧) યાનિવ હાયુન પ્લમ્બર છે. તેઓ આ ફ્લાઇટના કૉકપિટમાં પ્રવેશનારા સૌપ્રથમ મુસાફર હતા. તેમણે જણાવ્યું હતું કે અમે કૉકપિટમાં પહોંચ્યા તે પહેલાં તેનો દરવાજો ખુલ્લો હતો. પાઇલટ કેપ્ટન સ્મિત ઘાયલ થઇને ફરસ પર પડતા પહેલાં કૉકપિટનો દરવાજો ખોલવામાં સફળ થયા હતા.

તેમણે જણાવ્યું હતું કે અમે કૉકપિટમાં ઓમાનના સહ-પાઇલટને વિમાનની કન્ટ્રોલ સિસ્ટમને નુકસાન પહોંચાડવાની કોશિશ કરતા જોયો હતો. અમે તેને પકડી લીધો હતો. અમારો એક સાથી પ્રવાસી પાઇલટ હતો, તેણે વિમાનનું નિયંત્રણ સંભાળી લીધું હતું.

(૨) વિમાનમાંનો બીજો ‘હીરો’ અસાફ રાજુઆન છે. તે વીમાની એજન્સીનો માલિક છે. તેણે જણાવ્યું હતું કે અમે રેસ્ટરૂમની નજીક ચીસ સાંભળી હતી. વિમાન ૯૦ અંશના ખૂણે નીચે જતું હતું.

તેમણે જણાવ્યું હતું કે અમે કૉકપિટમાં જઇને હુમલાખોરને પકડી લીધો હતો. વિમાન સઉદીમાં ઊતર્યું તેની પહેલાની પચાસ મિનિટ અમે તેને પકડી રાખ્યો હતો. તે મજબૂત બાંધાનો હોવાથી તેને પકડવામાં મુશ્કેલી પડી હતી.

(૩) વિમાનમાં ત્રીજો ‘હીરો’ ઝવિકા મેનેસ હતા. તે બૅન્કના સીઇઓ છે. તેઓ ચીસાચીસ સાંભળીને સહ-મુસાફરોની સાથે કૉકપિટ ભણી ધસી ગયા હતા.

તેમણે જણાવ્યું હતું કે અમે ત્રાસવાદીને પકડી રાખવા વિમાનમાંના હેડફોનના કેબલ્સ પણ વાપર્યા હતા. વિમાનમાં પ્રવાસ કરી રહેલા ડૉક્ટર અને નર્સે ઘાયલ પાઇલટની સારવાર કરી હતી.

(૪) ફ્લાઇટમાં ચોથા ‘હીરો’ શોટા મુસયેવ હતા. શોટા મુસયેવ દાંતના ડૉક્ટર છે. તેમણે વિમાનમાંની ઘટનાનો વીડિયો તૈયાર કર્યો હતો. તેમણે ઘાયલ પાઇલટ કેપ્ટનની સારવાર પણ કરી હતી.

ડૉક્ટરે જણાવ્યું હતું કે ઘાયલ પાઇલટ (સ્મિત મચ્છર)ના માથા અને હાથમાંથી ઘણું લોહી નીકળતું હતું. મેં લોહી નીકળતું બંધ કરાવ્યું હતું. તે ઘણો ઘાયલ હતો, પરંતુ ફરસ પર પડીને પણ ભાનમાં હતો.

તેમણે શૂટ કરેલા વીડિયોમાં ‘ત્રાસવાદી’ સહપાઇલટ ઘૂંટણ પર બેઠેલો દેખાતો હતો અને તેના હાથ પાછળ બાંધેલા હોવાનું જોઇ શકાતું હતું. (એજન્સી)

# સ્મિત મચ્છરની હાલત સ્થિર

દુબઇઃ ફ્લાયદુબઇની ફ્લાઇટને ક્રેશ કરવાના કો-પાઇલટના કથિત પ્રયાસને નિષ્ફળ કરતી વખતે ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છર ગંભીર રીતે ઘાયલ થયા હતા. હવે તેમની હાલત સ્થિર હોવાનું અને સઉદી અરેબિયાની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. અત્રે નોંધનીય છે કે બુધવારે દુબઇથી તેલ અવીવ જઇ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઇટ એફઝેડ૧૦૭૩ના કોકપિટમાં કો-પાઇલટે મચ્છર પર ચાકુ વડે હુમલો કરીને તેમને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. આ વિમાનમાં ૧૭૪ લોકો સવાર હતા. રિયાધમાં ભારતીય દૂતાવાસે સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે પાઇલટને ઉત્તર-પશ્ચિમ સઉદી અરેબિયાના તાબુક શહેરની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે.

મિશને જણાવ્યું કે તેમના સ્વાસ્થ્ય વિશે વિગતવાર માહિતીની રાહ જોવાઇ રહી છે. પરંતુ તેમની હાલત સ્થિર છે. જેદ્દાહમાં ભારતીય દૂતાવાસ અને કોન્સ્યુલેટ જનરલ મચ્છરના સ્વાસ્થ્ય પર જીણવટભરી નજર રાખી રહ્યા છે. તેમજ તેમના પરિવારના સંપર્કમાં હોવાનું જણાવાયું છે.

# મેં તો મારી ફરજ બજાવી...

## કૅપ્ટન સ્મિતની પ્રશંસનીય વિનમ્રતા

નવી દિલ્હીઃ ફ્લાયદુબઇ એરલાઇન્સની ફ્લાઇટમાં કટોકટી સમયે મુસાફરોના જીવ બચાવનાર કૅપ્ટનની અત્યારે વિશ્વભરમાં ચર્ચાઓ થઈ રહી છે ગુજરાતી મૂળના ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છરે દેશવાસીઓ અને વિશ્વભરના શુભચિંતકોનો આભાર માનતું નિવેદન જાહેર કર્યું છે. કેપ્ટન સ્મિતે જણાવ્યું કે, આ મુશ્કેલ સમયમાં જે લોકોએ તેમના માટે પ્રાર્થના કરી, સમર્થન આપ્યું અને પ્રેમ તેમજ પ્રોત્સાહનના સંદેશાઓ મોકલ્યા તે બદલ તેઓ તમામના હૃદયપૂર્વક આભારી છે. તેમણે ખાસ કરીને પોતાના ભારતીય ભાઈ-બહેનો, સાથી સહકર્મીઓ, ફ્લાઇટના મુસાફરો, ક્રૂ મેમ્બર્સ અને મુશ્કેલીની આ ક્ષણમાં તેમની પડખે ઊભા રહેનારા તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. પોતાની બહાદુરી વિશે વાત કરતા કેપ્ટન સ્મિત મચ્છરે અત્યંત નમ્રતાપૂર્વક કહ્યું કે, એક પાઇલટ તરીકે હું માત્ર મારી ફરજ બજાવી રહ્યો હતો અને મને આનંદ છે કે વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ થયું તથા તમામ લોકો સહી-સલામત છે. તેમણે ઉમેર્યું કે, લોકોની પ્રાર્થનાઓ અને સાથ-સહકાર તેમના માટે એટલા મૂલ્યવાન છે જે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.

**પ્રાર્થના :**
ફ્લાયદુબઈના પાઈલટ સ્મિત મચ્છર પર વિમાનના કોકપિટમાં બુધવારે સાથી પાઈલોટે છરીથી હુમલો કર્યો હતો. આમ છતાં ઘાયલ સ્મિતે કોકપિટનો દરવાજો ખોલી દીધો હતો જેથી ૧૭૪ પેસેન્જર અને ક્રૂના જાન બચ્યા હતા. કૅપ્ટન મચ્છર ઝડપથી સાજો થાય એ માટે વારાણસીમાં ગુરુવારે ખાસ પ્રાર્થના રખાઈ હતી. (પીટીઆઈ)



# પાઈલટ સ્મિતની રગોમાં ગુજરાતી ખુમારી, વિશિષ્ટ ગુજરાત ગરિમા અવોર્ડ એનાયત કરાશે!: ભૂપેન્દ્ર પટેલે કર્યાં વખાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દુબઈથી ઈઝરાયલના તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટને હાઈજેક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ભારતીય પાઇલટ સ્મિત મચ્છર અને કેટલાક બહાદુર ઈઝરાયલી નાગરિકોની હિંમત અને સમયસૂચકતાના કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. મૂળ ગુજરાતના પાઇલટ કેપ્ટન સ્મિતના ઇઝરાયલના વડા પ્રધાનથી લઈને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વખાણ કર્યા છે. ત્યારે હવે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પણ સ્મિત મચ્છરના વખાણ કરીને તેનું સન્માન કરવાની જાહેરાત કરી છે. ઇઝરાયલ જઈ રહેલી ફ્લાઈટ પર થયેલા હુમલામાં ગંભીર રીતે ઘાયલ અને લોહીલુહાણ હોવા છતાં ૧૭૪ મુસાફરનો જીવ બચાવનાર મૂળ ગુજરાતના પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છરના અદમ્ય સાહસની આજે સમગ્ર દુનિયામાં પ્રશંસા થઈ રહી છે. ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ટ્વિટ કરીને તેમની આ શૌર્યગાથાને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે કેપ્ટનની રગોમાં વહેતી ગુજરાતી ખુમારી પર રાજ્ય અને દેશને અત્યંત ગર્વ છે. પોતાના શૌર્યથી સમગ્ર વિશ્વમાં દેશનું નામ રોશન કરનાર કેપ્ટન સ્મિતના આ અસાધારણ સાહસ અને માનવતાભર્યા કાર્યની કદર રૂપે, ગુજરાત સરકાર દ્વારા તેમને ‘વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ’થી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ જાંબાઝ નાયક ઝડપથી સાજા થાય તે માટે સમગ્ર દેશ અને ગુજરાતવાસીઓ પ્રાર્થના કરી રહ્યા છે. કેપ્ટન સ્મિત મચ્છારના ઝડપી સ્વાસ્થ્ય લાભ અને દીર્ઘાયુ માટે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં વિશેષ મહાપૂજા અને ‘આયુષ્ય મંત્રજાપ અનુષ્ઠાન’ કરવામાં આવી રહ્યું છે.

# ૧૭૪ મુસાફરોના જીવ બચાવનાર કેપ્ટન સ્મિત મચ્છરનો સાવરકુંડલા સાથે છે ખાસ સંબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ દુબઇ થી ઇઝરાયલ જઈ રહેલી ફ્લાઇટમાં ૧૭૪ મુસાફરોને જીવ બચાવનારા પાયલટ સ્મિત મચ્છરની જિંદાદિલીની ચારેતરફ ચર્ચાઓ દેશ વિદેશના રાજનેતાઓ કરી રહ્યા છે ત્યારે આ સ્મિત મચ્છરના અમરેલી જિલ્લાના સાવરકુંડલા સાથે જોડાયેલા પરિવાર માટે ગૌરવની બાબત બની છે. સાવરકુંડલાના જમાઈ અને ભારતીય પાઇલોટ કેપ્ટન સ્મિત મચ્છર દુબઈથી ઈઝરાયલ જઈ રહેલી ફ્લાઈટમાં બનેલી ગંભીર ઘટનામાં ઈજાગ્રસ્ત થયા હોવા છતાં વિમાનમાં સવાર મુસાફરોની સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ફ્લાઈટમાં આશરે ૧૭૪ મુસાફરો સવાર હોવાના અહેવાલો સામે આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે, ફ્લાઈટ દુબઈથી તેલ અવિવ તરફ જઈ રહી હતી. ઉડાન દરમિયાન કોકપિટમાં પાયલટ્સ વચ્ચે હિંસક ઘટના બની હતી અને વિમાનમાં ઇમર્જન્સી તથા હાઈજેક સંબંધિત એલર્ટ પણ જારી થયું હતું. ત્યારબાદ વિમાનને ઈઝરાયલના બદલે સઉદી અરેબિયાના તબુક એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. અહેવાલો અનુસાર, કેપ્ટન સ્મિત મચ્છર પર ચપ્પુથી હુમલો કરવામાં આવ્યો હતો અને તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમ છતાં તેમણે પરિસ્થિતિને સંભાળી વિમાનને સુરક્ષિત રીતે લેન્ડ કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આ ઘટનામાં મુસાફરો અને ક્રૂના સભ્યોએ પણ હુમલાખોરને કાબૂમાં લેવામાં મદદ કરી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. કેપ્ટન સ્મિત મચ્છરનો પરિવાર સાવરકુંડલા સાથે જોડાયેલો છે. તેમના સગા સાળા હિરેન જોગીના જણાવ્યા પ્રમાણે, ઘટનાની જાણ થતાં પરિવાર ચોંકી ગયો હતો, પરંતુ સ્મિતે મુશ્કેલ પરિસ્થિતિમાં મુસાફરોની સુરક્ષા માટે જે હિંમત બતાવી તેના કારણે પરિવારને તેમના પર ગર્વ છે. કેપ્ટન સ્મિત મચ્છર પાસે લાંબો ઉડ્ડયન અનુભવ હોવાનું પણ જણાવાયું છે. અહેવાલો અનુસાર, તેમણે ૧૧ વર્ષથી વધુ સમય સુધી સ્પાઈસજેટમાં પાયલટ તરીકે કામ કર્યું છે અને ૯,૫૦૦થી વધુ ફ્લાઈંગ કલાકનો અનુભવ ધરાવે છે. તેમાં ૬,૪૦૦થી વધુ કલાક પાયલટ-ઈન-કમાન્ડ તરીકેની ફરજનો સમાવેશ થાય છે. હાલ કેપ્ટન સ્મિત મચ્છરની સઉદી અરેબિયામાં સારવાર ચાલી રહી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

# કેપ્ટનની ‘મસલ મેમરી’ એ બચાવ્યા ૧૭૪ મુસાફરોના જીવ ?

## ઘાયલ પાઈલટ સ્મિત મચ્છરની સમયસૂચકતા પાછળ તાલીમે ભજવી ભૂમિકા

મુંબઈઃ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ઉડાનને મોટી દુર્ઘટનાથી બચાવનારા ભારતીય પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છરની ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા પાછળ તેમની તાલીમ અને ‘મસલ મેમરી’ની ભૂમિકા રહી હોવાનું તેમના મિત્ર અને પાડોશી તબીબ જિનિત શાહે જણાવ્યું છે. સહ-પાઈલટના હુમલામાં ઘાયલ થયા બાદ પણ સ્મિતે પરિસ્થિતિ સંભાળવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં સ્મિતના પરિવારના પાડોશી ડોક્ટર જિનિત શાહે તેમને દયાળુ, પરિપક્વ અને જવાબદાર વ્યક્તિ ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સ્મિત તાજેતરમાં દુબઈ સ્થાયી થયા હોવાથી તેમના નિયમિત સંપર્કમાં નહોતા, પરંતુ તેઓ જ્યારે પણ માતા-પિતાને મળવા મુંબઈ આવતા ત્યારે તેમની સાથે વાતચીત થતી હતી.

શાહના જણાવ્યા મુજબ સ્મિત એક પ્રેમાળ પિતા છે અને તેમના પરિવારમાં બે બાળકો સહિત ચાર સભ્યો છે.

# ફ્લાયદુબઈના હીરોના સન્માનમાં મુંબઈગરા ઊમટ્યા, સર્વોચ્ચ સન્માનની કરી માગ

મુંબઈઃ ફ્લાયદુબઈ વિમાનમાં ગંભીર પરિસ્થિતિ વચ્ચે અનેક મુસાફરોના જીવ બચાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા કેપ્ટન સ્મિત મચ્છરના સન્માનમાં આજે મુંબઈના તિલકનગરમાં તેમના નિવાસસ્થાન બહાર મોટી સંખ્યામાં નાગરિકો એકત્ર થયા હતા. હાથમાં તિરંગો અને સ્મિત મચ્છરના ફોટોગ્રાફ્સ સાથે પહોંચેલા લોકોએ તેમના સાહસને બિરદાવ્યું હતું અને તેમના ઝડપથી સાજા થવા માટે પણ પ્રાર્થના કરી હતી.

સ્વસ્તિક હાઈટ્સ કોમ્પ્લેકસની બહાર એકત્ર થયેલા લોકોએ ‘ભારત માતા કી જય’ના નારા લગાવ્યા હતા. કેટલાક નાગરિકોએ સ્મિત મચ્છરને શૌર્ય ચક્ર જેવા શૌર્ય પુરસ્કાર અથવા દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી સન્માનિત કરવાની પણ માગ કરી હતી

સ્મિતના પડોશી દૌલતભાઈ વોરાએ જણાવ્યું હતું કે તેઓ સ્મિતને બાળપણથી ઓળખે છે અને તેમનો પરિવાર પણ તેમના માટે ખૂબ નજીકનો છે. તેમણે કહ્યું કે સ્મિતના ધૈર્ય અને સમયસૂચકતાએ ગંભીર દુર્ઘટના ટાળવામાં મદદ કરી હતી. તેમણે સ્મિતના માતા-પિતાએ બંને પુત્રોને ખૂબ સારી રીતે ઉછેર્યા હોવાનું જણાવતાં પરિવાર પર ગર્વ વ્યક્ત કર્યો હતો.

સ્મિતના બાળપણના મિત્ર પ્રતીક ગાંધીએ તેમના વિષે જણાવતા કહ્યું કે તે મહત્ત્વાકાંક્ષી પરંતુ સરળ અને વિનમ્ર વ્યક્તિ છે. તેમણે જણાવ્યું હતું કે બંને સાથે ક્રિકેટ રમતા હતા અને સ્મિતની કારકિર્દી તથા આગળ વધવાની તેની મહેનતને તેમણે નજીકથી જોઈ હતી. તેમના બાળપણના અન્ય એક મિત્ર અમિત સોનીએ સ્મિતને ખુશમિજાજ અને જીવંત સ્વભાવનો વ્યક્તિ ગણાવ્યો હતો.

# ઓમાનના હુમલાખોર અંગે ખતરનાક ખુલાસા

## એ રોજ અનેક વાર બંદગી કરતો, મહિલાઓ સાથે હૅન્ડશેક ટાળતો

તેલ અવીવઃ ૧૭૪ પેસેન્જરને લઈ જતા ફ્લાયદુબઈ વિમાનને નીચે તોડી પાડવાના પ્રયાસમાં ભારતીય પાઈલટ સ્મિત મચ્છર પર હુમલો કરનાર સહપાઈલટ કટ્ટરપંથી વિચારધારા ધરાવતો હોવાનો ઘટસ્ફોટ ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કર્યો છે. નેતન્યાહુએ કહ્યું હતું કે આગામી થોડા દિવસોમાં ખબર પડશે કે ઓમાનના આ પાઈલટને ઇરાન સાથે સંબંધ હતો કે નહીં. અત્યાર સુધી ઓમાની પાઈલટની ઓળખાણ જાહેર કરાઈ નથી. ઓમાની પાઈલટના એક સાથી પાઈલટે તેને કટ્ટરપંથી ગણાવ્યો હતો. ઈઝરાયલ આ ઘટનાને ‘જિહાદી આતંકવાદી હુમલો’ ગણાવી રહ્યું છે. મોસાદ સહિત સુરક્ષા અને ગુપ્તચર એજન્સીને આની તપાસ કરવાનું કામ સોંપ્યું છે. સાથી પાઈલટના જણાવ્યા મુજબ ઓમાનનો પાઈલટ દિવસમાં અનેક વાર બંદગી કરતો હતો અને મહિલાઓ સાથે હાથ મિલાવતો નહીં. જોકે તેણે આ કારણથી વિમાન ક્રેશ કરવાનું વિચાર્યું હતું.

# ‘મુંબઈના પુત્ર, તમે પ્રેરણારૂપ છો’, પાઈલટ સ્મિત મચ્છરની બહાદુરીની મુખ્ય પ્રધાન ફડણવીસે કરી પ્રશંસા

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભારતીય પાઈલટ અને કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરી અને સમયસૂચકતાની પ્રશંસા કરી છે. દુબઈથી તેલ અવીવ જતી ઉડાન દરમિયાન સહ પાઈલટે ચાકુથી ગંભીર રીતે ઘાયલ કર્યા હોવા છતાં પોતાના જીવની બાજી લગાવીને પણ સ્મિત મચ્છરે ઘાયલ અવસ્થામાં ભારે હિંમતનું અનન્ય પ્રદર્શન કરીને અનેક મુસાફરોના જીવ બચાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પ્રાથમિક તપાસ સૂચવે છે કે ઓમાની પાઈલટનો ઈરાદો વિમાનને હાઈજેક કરીને તેને ક્રેશ કરવાનો હતો. આ સમગ્ર ઘટનાક્રમ બાદ જોતજોતમાં કેપ્ટન સ્મિત હીરો બનીને ઊભર્યા છે, અને દેશ વિદેશના નેતાઓ, લોકો તેમની બહાદુરીને બિરદાવી રહ્યા છે, ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં સ્મિત મચ્છરને મુંબઈનો પુત્ર ગણાવી તેના પર ગર્વ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ હોવા છતાં સ્મિતે જે રીતે સમયસૂચકતા અને અનન્ય સાહસનું પ્રદર્શન કર્યું તે અસાધારણ છે. મુખ્ય પ્રધાને મુશ્કેલ પરિસ્થિતિ દરમિયાન એકસાથે મળીને તેને સંભાળવામાં અને સુરક્ષિત રીતે બહાર આવવામાં સહયોગ આપનારા મુસાફરોની પણ પ્રશંસા કરી હતી. તેમણે સ્મિત મચ્છર ઝડપથી સ્વસ્થ થાય અને સકુશળ ઘરે પાછા ફરે તે માટે શુભેચ્છા પણ પાઠવી હતી. ફડણવીસે સ્મિત મચ્છરને પ્રેરણારૂપ ગણાવતાં કહ્યું હતું કે મહારાષ્ટ્ર અને ભારતને તેમના પર ગર્વ છે.

# ભાજપના વિધાનસભ્યે કહ્યું અમે એક જ શાળામાં હતા, મારો જુનિયર હતો

મુંબઈઃ ભાજપના ધારાસભ્ય પરાગ શાહ, જે ઘાટકોપરના નિવાસી છે, ત્યાં જ પાઇલટનો પરિવાર રહે છે, તેમણે કહ્યું કે મચ્છરની સઉદી અરેબિયામાં સારવાર કરવામાં આવી રહી છે અને તે ખતરાની બહાર છે. શાહે જણાવ્યું હતું કે, ‘‘સ્મિત અને હું એક જ શાળામાંથી ભણ્યા છીએ. તે મારાથી જુનિયર હતો. તેના માતા-પિતા અહીં છે. આ ઘટના બન્યા બાદ તેના માતા-પિતા દુબઈ ગયા હતા,’’ ધારાસભ્યએ જણાવ્યું હતું કે તેણે મચ્છરના કાકા સાથે વાત કરી હતી, જેઓ અન્ય લોકો સાથે વાતચીત કરવાની માનસિક પરિસ્થિતિમાં નહોતા અને તેમની પાસે આ ઘટના વિશેની તમામ વિગતો નથી. ‘‘ હાલ ફ્લાયદુબઈના વરિષ્ઠ અધિકારીઓ સ્મિત સાથે છે, અને તેઓ દર કલાકે પરિવારને અપડેટ કરી રહ્યા છે.’’ ધારાસભ્ય પરાગ શાહે જણાવ્યું હતું કે સ્મિતનો પરિવાર દુબઈ પહોંચી ગયો છે, પરંતુ હજુ સુધી તેઓ તેને મળી શક્યા નથી.



# ૨ ઑક્ટૉબર
# ગાંધી જયંતી

**પૂજ્ય મહાત્મા ગાંધીજીની**
જન્મ જયંતીના અવસરે
**સર્વધર્મ પ્રાર્થના સભા**

**: ગરિમામયી ઉપસ્થિતિ :**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**તારીખઃ** ૨ ઑક્ટૉબર, ૨૦૨૬, શુક્રવાર
**સમયઃ** સવારે ૮-૦૦ વાગે
**સ્થળઃ** મહાત્મા ગાંધી જન્મ સ્થળ, કીર્તિમંદિર, પોરબંદર



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સ્વચ્છ ભારત
एक कदम स्वच्छता की ओर

## સ્વદેશી વ્રત
## આ યુગનું મહાવ્રત છે
- મહાત્મા ગાંધી

**મહાત્મા ગાંધીજીને જન્મ જયંતી**
**નિમિત્તે શત્ શત્ નમન**



"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- **નરેન્દ્રભાઈ મોદી**, વડાપ્રધાન





**સ્વચ્છતા**
અને
**સ્વદેશી**
અપનાવીએ

સ્વચ્છતા અને સ્વદેશીનો સંકલ્પ એ માત્ર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ **'આત્મનિર્ભર ગુજરાત'** અને **'વિકસિત ભારત'** ના નિર્માણનો સૌથી મજબૂત પાયો છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# વિમાની ઈંધણ, કમર્શિયલ એલપીજીના ભાવમાં વધારો

નવી દિલ્હીઃ સરકારી માલિકીની ઑઇલ કંપનીઓના જણાવ્યા અનુસાર, આંતરરાષ્ટ્રીય બજારના ભાવમાં થયેલા વધારાને પગલે ગુરુવારથી એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં પ્રતિ લિટર ૧૬ રૂપિયાનો નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે, જ્યારે કમર્શિયલ એલપીજીના ભાવમાં ૧૯ કિલોના સિલિન્ડરદીઠ ૬૨.૫૦ રૂપિયાનો વધારો કરાયો છે. પેટ્રોલની નિકાસ પરના વિન્ડફૉલ ટૅક્સને હાલ તો યથાવત રાખવામાં આવ્યો છે પણ ડીઝલના એક્સપોર્ટ પરની ડ્યૂટીને લિટરદીઠ ૨૦ રૂપિયાથી ઘટાડીને ૧૬ રૂપિયા કરવામાં આવી છે. ઘરગથ્થુ વપરાશમાં લેવાતા એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે પ્રતિ ૧૪.૨-કિલોના સિલિન્ડર દીઠ ₹૯૪૨ પર યથાવત રહ્યા છે. આ સાથે સ્થાનિક એરલાઇન્સ માટે એટીએફના ભાવ પ્રતિ લિટર ₹૧૨૧થી વધારીને ₹૧૩૭ કરવામાં આવ્યા છે. આ તાજેતરનો ભાવ વધારો સપ્ટેમ્બરમાં એટીએફના ભાવમાં પ્રતિ લિટર ₹૬.૨૮ અને ઓગસ્ટમાં પ્રતિ લિટર ₹૫ના વધારા બાદ કરવામાં આવ્યો છે.

સપ્ટેમ્બરમાં કોમર્શિયલ એલપીજીના ભાવમાં પ્રતિ ૧૯-કિલોના સિલિન્ડર દીઠ ₹૯.૫૦નો વધારો થયો હતો; તે પહેલાં ઓગસ્ટમાં ₹૧૯૨ અને જુલાઈમાં ₹ ૧૮૩.૫૦નો ઘટાડો સતત બે મહિના સુધી કરવામાં આવ્યો હતો. આ તાજેતરના ફેરફારો આંતરરાષ્ટ્રીય બજારના ભાવ અને રૂપિયા-ડોલરના વિનિમય દરમાં થતા ફેરફારો પર આધારિત છે. એટીએફ અને એલપીજીના ભાવમાં દર મહિનાના પ્રથમ દિવસે ફેરફાર કરવામાં આવે છે અને વેટ જેવા સ્થાનિક કરને કારણે વિવિધ રાજ્યોમાં તેના ભાવ અલગ-અલગ હોઈ શકે છે.

### ૨૦૦૮ અમદાવાદ બ્લાસ્ટઃ

# આઈએમના આતંકવાદીની ફાંસીની સજા સામે સ્ટે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ૨૦૦૮ના અમદાવાદ સિરિયલ બૉમ્બ ધડાકાના કેસમાં ઈન્ડિયન મુજાહિદ્દીનના સક્રિય સભ્યને ફાંસીની સજા આપવા પર મનાઈ હુકમ આપ્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ, એ. જી. મસિહ અને સંદીપ મહેતાની બેન્ચે અમદાવાદ હાઈ કોર્ટના ચુકાદા સામે અહમદ બાવા ઉર્ફે અબ્બુ અબુબકર બાર્લેવીની અરજી પર ગુજરાત સરકારને નોટિસ આપી હતી. ટ્રાયલ કોર્ટે આપેલી ફાંસીની સજાને હાઈ કોર્ટે માન્ય રાખી હતી. સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટના રેકર્ડ મગાવીને ફાંસીની સજા પર મનાઈ હુકમ આપ્યો હતો.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આમાં દલીલ કરતા કહ્યું હતું કે આ ગંભીર કેસ છે. હાઈ કોર્ટે સાત જુલાઈએ ઈન્ડિયન મુજાહિદ્દીન (આઈએમ)ના ૩૮ સભ્યને ૨૦૦૮ના કેસમાં કરાયેલી ફાંસીની સજા માન્ય રાખી હતી. હાઈ કોર્ટે સજા બરકરાર રાખવા માટે મોટી સંખ્યામાં જાનહાનિ, વિશાળ કાવતરું અને વ્યાપક પ્રમાણમાં આતંક ફેલાવાના હેતુના કારણો આપ્યા હતા. હાઈ કોર્ટે બીજા ૧૧ દોષીની આજીવન કેદની સજા યથાવત્ રાખતા કહ્યું હતું કે કાવતરામાં ગુજરાત અને કેરળમાં તાલીમ શિબિરમાં તેમની ભૂમિકા અને મહત્ત્વનો ટેકો સાબિત થયો છે.

૨૬ જુલાઈ, ૨૦૦૮એ અમદાવાદમાં ૭૦ મિનિટના સમયમાં ૨૧ બૉમ્બધડાકા થયા હતા. આમાં ૫૬ જણ માર્યા ગયા હતા અને બીજા ૨૦૦ જણને ઈજા થઈ હતી. (એજન્સી)

# ફૉર્મ-૬માં ગેરકાયદે ફેરફારનો આદેશ કોણે આપ્યો?: રાહુલ

નવી દિલ્હીઃ કોંગ્રેસે ઓનલાઇન વોટર રજિસ્ટ્રેશન ફોર્મ-૬માં ફેરફાર અંગે ચૂંટણી પંચ ઉપરાંત ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ સામે પણ સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે પૂછ્યું કે ફોર્મમાં ફેરફાર કરવાનો આદેશ કોણે આપ્યો હતો અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ(ટીસીએસ)ના કયા અધિકારીએ તેને મંજૂરી આપી હતી? તેમણે એમ પણ પૂછ્યું કે શું કંપની ઉપર ફેરફાર કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા પર કહ્યું કે ઓનલાઇન ફૉર્મ-૬માં ગેરકાયદે ફેરફાર કરવામાં આવ્યા હતા. જેનો ઉલ્લેખ ખુદ ચૂંટણી કમિશનરોએ તેમના રેકોર્ડમાં કર્યો છે. ઇસીઆઇમાં કોણે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસને આ ફેરફારો કરવાનો આદેશ આપ્યો હતો?

દરમિયાન કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે આરોપ લગાવ્યો કે જુલાઇ ૨૦૨૬ના મધ્યમાં મુખ્ય ચૂંટણી કમિશનરે ફોર્મમાં ગેરબંધારણીય સુધારો કર્યો હતો. આનો હેતુ જેન-ઝી એટલે કે યુવા મતદારોને મતદાર યાદીમાંથી બાકાત રાખવાનો હતો. આ કામ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહના ઇશારે થયું હોવાનો જયરામ રમેશે આરોપ મૂક્યો હતો.

એક મીડિયા રિપોર્ટ અનુસાર ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ આ ફેરફાર સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ નિર્ણયો અને આદેશો તેમની જાણ કે ભલામણ વિના જારી કરવામાં આવ્યા હતા.

## ક્લાસિફાઈડ

### !? ૫. અંગત

**શ્રાદ્ધમાં અન્નદાન**

બોરીવલીના મારું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા બોરીવલી કાંદિવલી મલાડમાં દરરોજ ૧૫૦ ગરીબોને રૂપીયા ૧૧માં ભરપેટ નાસ્તો આપવામાં આવશે. દાતાઓ સંપર્ક દિલીપભાઈ 9323725870 પ્રીતીબહેન 9867266949. (બી-૧૮૧૪૪)

### ૧૨. યાત્રા સહેલગાહ




(બી-૧૮૧૨૦)

### ૧૪. નોકરી ખાલી છે

**REQUIRED PART TIME Freelancer with knowledge of Stock Market Churchgate. Whatsup 7021831500. (B-18153)**

### ૧૭. જગ્યા આપવી છે

**જુહુ**

3 બેડરૂમ, 1475', નવી બિલ્ડિંગ, હાયર ફ્લોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૧૪-બી)

**BANDRA (EAST)**

**3 BHK 1450 Carpet, Near BKC & Western Express, Opp. MIG Club, Security CCTV 1.8 Lack / Month, Vegetarians only. Outright 6.25 Cr. No Broker. Manish 9820064383. (1426-A)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ-કામણ**

**સાતીવલી - વાલીવ - હાઈવે - સિરસાડ - પોમણ - બાપાને - સસુનવઘર - ઈન્ડસ્ટ્રીયલગાળા - શેડ - યુનિટ - પ્લોટ - લેવા - વેચવા - ભાડેથી - ગોપીભાઈ - 9326472399, જીતેન્દ્રભાઈ 9320404145 (૧૨૯૨-સી)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

53 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (બી-૧૮૦૬૩)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૮૧૫૮)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# ઈ-ચલાન ન ભર્યું તો વાહન કરાશે જપ્તઃ સુપ્રીમ કોર્ટ ભડકી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે માર્ગ સલામતીના નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ઇલેક્ટ્રોનિક મોનિટરિંગ સિસ્ટમ લાગુ કરવા, પેન્ડિંગ ઇ-ચલણ હોય તેવા વાહનો માટે ઓનલાઇન સેવાઓ બંધ કરવા અને વારંવાર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ટ્રાફિક દંડ ન ભરવાથી ગાડીની અનેક જરૂરી સેવાઓ રોકવામાં આવવી જોઈએ. કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યો હતો કે બાકી દંડની રકમ માટે ડ્રાઇવિંગ લાઇસન્સ રિન્યુઅલ, રજિસ્ટ્રેશન અને પોલ્યુશન સર્ટિફિકેટ (પીયુસી) જાહેર ન કરવામાં આવે. ફિટનેસ સર્ટિફિકેટ અને માલિકી ટ્રાન્સફર પર પણ પ્રતિબંધ રહેશે. વધુમાં આવા વાહનોને વેચાણ અથવા ટ્રાન્સફર અટકાવવા માટે સેન્ટ્રલ ટ્રાન્સપોર્ટ પોર્ટલ પર બ્લેકલિસ્ટ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે આદેશ આપ્યો છે કે જે ગાડીઓ પર ઇ-ચલાન બાકી છે તેને સેન્ટ્રલ ટ્રાન્સપોર્ટ પોર્ટલ પર બ્લેકલિસ્ટ કરવામાં આવે જેથી તેના વેચાણ અથવા ટ્રાન્સફર ન થઈ શકે. કોઇ પણ સેન્ટરને જ્યાં સુધી પીયુસી આપવાની મંજૂરી મળશે નહીં જ્યાં સુધી તેના બધા દંડ ચૂકવવામાં ન આવે. કોર્ટે નિર્દેશ આપ્યો કે વારંવાર નિયમોના ઉલ્લંઘનના કિસ્સામાં ડ્રાઇવિંગ લાઇસન્સ રિન્યુઅલ બંધ કરવામાં આવે અને હાલના લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવે કોર્ટે જણાવ્યું હતું કે દંડ વસૂલ ન થાય ત્યાં સુધી ફક્ત લાખો ઇ-ચલાન જાહેર કરવા પૂરતા નથી. કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે ઇ-ચલાન પર આશરે ૪૯,૧૯૪ કરોડ રૂપિયા બાકી હતા જેમાંથી અત્યાર સુધીમાં ૨૬,૧૭૫ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે. બેન્ચે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે અધિકારીઓએ જમીન સ્તરે કાર્યવાહી કરવી જોઈએ. જે ગાડીઓના દંડની રકમ બાકી છે તેમની ઓનલાઈન સેવાઓ બંધ કરવી જોઈએ. રજિસ્ટ્રેશન રિન્યૂ, ડુપ્લિકેટ નોંધણી અને સરનામાંમાં ફેરફાર માટેની વિનંતીઓ ધ્યાનમાં લેવી જોઈએ નહીં. દંડ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી ફિટનેસ પ્રમાણપત્ર જાહેર કરવા જોઈએ નહીં.

# આજે 'નો યુપીઆઇ ડે'નું સુરસુરિયું?

### બે મોટા વેપારી સંગઠન વચ્ચે આ મામલે મતભેદઃ નાણાં પ્રધાન સાથેની મીટિંગ પછી અમુક વેપારી સંસ્થાએ આ હાકલ પાછી લીધી

નવી દિલ્હીઃ આજે બીજી ઓક્ટોબરના રોજ પ્રસ્તાવિત 'નો યુપીઆઇ ડે'ને લઈને વેપારી સંગઠનોમાં મતભેદ જોવા મળી રહ્યા છે અને બે મોટા સંગઠનોએ તેના પર અલગ અલગ વલણ અપનાવ્યું છે. જ્યાં એક તરફ ભાજપના સાંસદ પ્રવીણ ખંડેલવાલના નેતૃત્વ હેઠળના 'કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ' (સીએઆઈટી) એ સ્પષ્ટ કર્યું છે કે તેમણે આવું કોઈ આહવાન કર્યું નથી. ત્યાં બીજી તરફ દિલ્હીના 'ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી' (સીટીઆઈ) એ જાહેરાત કરી હતી કે તેઓ કેટલાક ટ્રાન્ઝેક્શન પર પ્રસ્તાવિત 'મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ' (એમડીઆર) ના વિરોધમાં આજે નો યુપીઆઇ ડે હશે.

'ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ફેડરેશન' અને 'ઓલ ઈન્ડિયા મોબાઈલ રિટેલર્સ એસોસિએશન' એ શુક્રવારે 'નો યુપીઆઇ ડે' ના પોતાના પ્રસ્તાવિત આહવાનને પાછું ખેંચવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય નવી દિલ્હીમાં ભાજપના સાંસદ અને સીએઆઈટીના મહાસચિવ પ્રવીણ ખંડેલવાલના નેતૃત્વમાં લગભગ ૨૦ વરિષ્ઠ વેપારી નેતાઓના પ્રતિનિધિમંડળ અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ વચ્ચે થયેલી બેઠક બાદ લેવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણે પ્રતિનિધિમંડળને ખાતરી આપી હતી કે સરકાર તમામ હિતધારકોના હિતોનું રક્ષણ કરવાની સાથે ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

સીએઆઈટીનું કહેવું છે કે 'નો યુપીઆઈ ડે' માટે કોઈ આહવાન કરવામાં આવ્યું નથી. આજ રોજ 'નો યુપીઆઈ ડે' પાળવા અંગે તેમણે કોઈ નિર્ણય લીધો નથી કે કોઈ ઠરાવ પસાર કર્યો નથી. વેપારી સંગઠને કહ્યું કે આવી કોઈ પ્રવૃત્તિ કે દિવસ પાળવા અંગે સંસ્થા તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સીટીઆઈનું કહેવું છે કે વેપારીઓ 'નો યુપીઆઈ ડે' પાળશે. વેપારીઓએ 'નો યુપીઆઈ ડે'નું આહવાન પાછું ખેંચ્યું નથી.

તેણે જણાવ્યું હતું કે ૧૦૦થી વધુ મુખ્ય વેપારી સંગઠનો આ અભિયાનને સમર્થન આપશે અને દાવો કર્યો હતો કે દેશભરમાં ૨,૦૦૦થી વધુ સ્થળોએ આ દિવસ પાળવામાં આવી શકે છે. સીટીઆઈએ દુકાનદારો અને વેપારીઓને અપીલ કરી છે કે તેઓ ૨ ઓક્ટોબરના રોજ તેમના યુપીઆઈ મશીનોને કાળા કપડાથી ઢાંકી દે અને તે દિવસે માત્ર રોકડમાં જ ચૂકવણી

# ઉત્પાદન ક્ષેત્રનો વૃદ્ધિદર વધીને સાત મહિનાની ટોચે

નવી દિલ્હીઃ જાહેર થયેલા એક માસિક સર્વેક્ષણ મુજબ, મજબૂત માગને કારણે સપ્ટેમ્બરમાં ભારતના ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં વૃદ્ધિ સાત મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હતી. નવા ઓર્ડર અને ઉત્પાદનમાં થયેલા વધારાને કારણે ફેક્ટરીઓમાં રોજગારીમાં નોંધપાત્ર વિસ્તરણ જોવા મળ્યું હતું. આ ઉપરાંત, વ્યવસાયિક આશાવાદ પણ ચાર મહિનાની ટોચ પર પહોંચ્યો હતો.

સીઝનલી-એડજસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઇ) સપ્ટેમ્બરમાં બે પોઈન્ટથી આગળ વધીને ૫૫.૧ (ઓગસ્ટમાં ૫૨.૮) પર પહોંચ્યો હતો, જે છેલ્લા સાત મહિનામાં આ ક્ષેત્રની સ્થિતિમાં સૌથી મજબૂત સુધારો સૂચવે છે. પર્ચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સમાં, ૫૦થી ઉપરનો આંકડો વિસ્તરણ સૂચવે છે, જ્યારે ૫૦થી નીચેનો સ્કોર સંકોચન દર્શાવે છે. કિંમતોની વાત કરીએ તો, કાચા માલનો ઇનપુટ ખર્ચ અને વેચાણ કિંમતો બંનેમાં ઝડપી વધારો જોવા મળ્યો હતો, પરંતુ ઐતિહાસિક ધોરણો મુજબ ફુગાવાનો દર મધ્યમ રહ્યો હતો. કંપનીઓએ ઉત્પાદન પ્રક્રિયામાં ઉપયોગ માટે અને સ્ટોક વધારવા માટે વધુ સામગ્રીની ખરીદી પણ કરી હતી. એકંદરે ખરીદીનું સ્તર ઓગસ્ટની સરખામણીમાં વધુ ઝડપથી વધ્યું હતું. ઇલેક્ટ્રોનિક્સ, ખાદ્યપદાર્થો, ફાર્મા અને ટેક્સટાઈલ ક્ષેત્રે મજબૂત માંગને કારણે કુલ વેચાણ વૃદ્ધિ ફેબ્રુઆરી પછીના સર્વોચ્ચ સ્તરે પહોંચી હતી. આ ઉપરાંત, બ્રાઝિલ, યુરોપ, યુએઈ અને અમેરિકાના ગ્રાહકો તરફથી મળતા નિકાસ ઓર્ડરમાં પણ ઝડપી વૃદ્ધિ જોવા મળી હતી. સર્વેમાં સામેલ નિષ્ણાતોના મતે, અગાઉના મહિનામાં આવેલા કામચલાઉ ઘટાડા બાદ સપ્ટેમ્બરમાં રોજગારીમાં ફરી વૃદ્ધિ જોવા મળી હતી; રોજગારીમાં વિસ્તરણની ગતિ મજબૂત હતી અને મે મહિના પછી સૌથી વધુ નોંધપાત્ર રહી હતી.

## સિટી ન્યૂઝ

# દાદર સ્ટેશન પર સુરક્ષા સઘન

### શિવાજી પાર્ક વિરોધ પ્રદર્શન પહેલાં રેલવેએ એડિશનલ ફોર્સ તહેનાત કરી

મુંબઈઃ ગાંધી જયંતીના દિવસે બીજી ઓક્ટોબરે શિવાજી પાર્ક ખાતે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને મુંબઈના દાદર રેલવે સ્ટેશન પર સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન મોટી સંખ્યામાં લોકોની અવરજવર કરવાની સંભાવનાને પગલે રેલવે તંત્રએ એડિશનલ કર્મચારીઓ અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ના જવાનોને તહેનાત કર્યા છે.

દાદર સ્ટેશન વેસ્ટર્ન અને સેન્ટ્રલ રેલવે બંને નેટવર્કનો મહત્વપૂર્ણ હિસ્સો છે અને દેશના સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશનોમાં તેની ગણના થાય છે. શિવાજી પાર્કની સૌથી નજીકના મુખ્ય રેલવે સ્ટેશનોમાં દાદરનો સમાવેશ થાય છે. તેથી પ્રસ્તાવિત વિરોધને ધ્યાનમાં રાખીને સ્ટેશન પર સુરક્ષા અને મુસાફરોની વ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યું હતું કે દાદર સ્ટેશન પર આશરે ૪૦ એડિશનલ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે, જેમાં આરપીએફના જવાનોનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ, પશ્ચિમ રેલવેના પ્રવક્તાએ જણાવ્યું કે સ્ટેશન પર ૫૦ વધુ કર્મચારીઓ અને આરપીએફના જવાનોની ડ્યૂટી લગાવવામાં આવી છે.

જોકે, મુંબઈ પોલીસે આ પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શનને પરવાનગી આપી નથી. પોલીસના જણાવ્યા અનુસાર, શિવાજી પાર્કમાં જાહેર સભા અને મેળાવડા અંગે લાગુ પડતા પ્રતિબંધો, જરૂરી નાગરિક પરવાનગીનો અભાવ તેમ જ ટ્રાફિક અને ઇમરજન્સી વાહનોની અવરજવર અંગેની ચિંતાઓને કારણે મંજૂરી આપવામાં આવી નથી.

# જ્ઞાનેશકુમારે રાજીનામું આપવું જ જોઈએઃ દીપકે

મુંબઈઃ 'કોક્રૉચ જનતા પાર્ટી' (સીજેપી) ના સ્થાપક અભિજિત દીપકેએ ગુરુવારે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણી કરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે જો કુમાર પદ છોડશે નહીં, તો દેશભરમાં વિરોધ પ્રદર્શનો શરૂ કરવામાં આવશે અને ત્યારબાદ ઓક્ટોબરના અંતથી દિલ્હીના જંતર-મંતર ખાતે આંદોલન કરવામાં આવશે.

દીપકેએ એમ પણ કહ્યું કે સીજેપીએ છ ઓક્ટોબરે ચૂંટણી પંચ વિરુદ્ધ વિપક્ષના વિરોધ પ્રદર્શનમાં જોડાશે નહીં અને એક સ્વતંત્ર આંદોલન તરીકે કાર્યરત રહેશે.

મુંબઈ પ્રેસ ક્લબ ખાતેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, સીઈસીના રાજીનામાની માગણી માટે સીજેપી શહેરના દાદર વિસ્તારમાં આવેલા શિવાજી પાર્ક ખાતે વિરોધ પ્રદર્શન કરશે.

''જ્ઞાનેશ કુમાર દેશદ્રોહી છે. જ્યાં સુધી તેઓ તેમના પદ પરથી રાજીનામું નહીં આપે ત્યાં સુધી અમે જંતર-મંતરથી હટીશું નહીં. જ્ઞાનેશકુમારે રાજીનામું આપવું જોઈએ અને તેમની સામે ફોજદારી કાર્યવાહી થવી જોઈએ,'' એમ પણ દીપકેએ કહ્યું હતું.

''ગોવા, બેંગ્લૂરુ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, પટના અને રાંચીમાં વિરોધ પ્રદર્શનો યોજાશે. જો કુમાર રાજીનામું નહીં આપે, તો ઓક્ટોબરના અંતથી દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે,'' એમ સીજેપીના નેતા અર્જિંક્ય શિંદેએ જણાવ્યું હતું. છ ઓક્ટોબરે ચૂંટણી પંચ સામે વિપક્ષી સાંસદો દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શન વિશે પૂછવામાં આવતા, દીપકે કહ્યું કે સીજેપી (સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ) કોઈપણ રાજકીય કાર્યક્રમનો ભાગ બનશે નહીં અને એક સ્વતંત્ર ચળવળ તરીકે કાર્યરત રહેશે.

# માતા-પિતાએ ન્યાય માટે સંઘર્ષ કરવો પડે તે શરમજનકઃ દીપકે

મુંબઈઃ 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ ગુરુવારે કહ્યું હતું કે ગયા મહિને આઈઆઈટી બોમ્બેના એક વિદ્યાર્થીએ કરેલી આત્મહત્યાને માત્ર એક અલગ કે છૂટીછવાઈ ઘટના તરીકે ન જોવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હાંસિયામાં ધકેલાયેલા સમુદાયના લોકોને ત્યાં (સંસ્થામાં) પોતાપણું અનુભવાય તે દિશામાં કંઈક કરવાની જરૂર છે.

૧૮ સપ્ટેમ્બરના રોજ ૨૨ વર્ષીય સાહિલ વાકોડેએ કરેલી આત્મહત્યા અંગેના પ્રશ્નના જવાબમાં દીપકેએ આ વાત કહી હતી. સાહિલના માતા-પિતા પ્રોફેસર સૂર્યનારાયણ ડુલ્લા

અને આઈઆઈટી બોમ્બેના ડિરેક્ટર શિરીષ કેદારેની ધરપકડની માગણી સાથે ભૂખ હડતાળ પર બેઠા છે. દીપકેએ કહ્યું હતું કે શરમજનક બાબત એ છે કે કોઈએ પોતાનું સંતાન ગુમાવ્યું હોય અને છતાં તેમણે ન્યાય માટે સંઘર્ષ કરવો પડે.

''આપણે આ (આત્મહત્યાની ઘટના) ને કોઈ અલગ કે છૂટીછવાઈ ઘટના તરીકે ન જોવી જોઈએ. આઈઆઈટીમાં ઘણા વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. આ ભારતની ટોચની સંસ્થાઓ છે. જો તમે પ્રવેશ દર (એનરોલમેન્ટ રેટ), અભ્યાસ અધવચ્ચે છોડી દેવાનો દર (ડ્રોપઆઉટ રેટ) અને સ્ટાફની સ્થિતિ જુઓ, તો શું તેમાં હાંસિયામાં ધકેલાયેલા સમુદાયોનું પૂરતું પ્રતિનિધિત્વ છે? જવાબ છે - ના. આ લોકો ત્યાં પોતાપણું અનુભવે તે માટે કંઈક કરવાની જરૂર છે,'' એમ દીપકેએ જણાવ્યું હતું.

સીજેપીના સ્થાપકે વધુમાં સવાલ કર્યો હતો કે, કોઈ વિદ્યાર્થીએ પરીક્ષામાં ગેરરીતિ (ચીટિંગ) કરી હોય તે કારણસર તેના મૃત્યુને કેવી રીતે યોગ્ય ઠેરવી શકાય?

# અમિત શાહે ૨૦ જુલાઈએ જે ભૂલ કરી તે તમારે ન કરવી જોઈએ

### અભિજીત દીપકેનો મુખ્ય પ્રધાન ફડણવીસને જવાબ

મુંબઈઃ કોકરોચ જનતા પાર્ટીનું આંદોલન શુક્રવારથી શરૂ થઈ રહ્યું છે અને અમે દેશભરમાં તેનો વિરોધ કરીશું, ત્યારબાદ અમે જંતર-મંતર પર બેસીશું. જ્ઞાનેશ કુમાર દેશદ્રોહી છે, તેથી ૨૦૨૫ની એસઆઈઆર યાદી ફ્રીઝ કરો, દીપકેએ પણ માંગ કરી. આ દરમિયાન, તેમણે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની પણ ટીકા કરતા કહ્યું કે જો મુંબઈમાં આંદોલન દરમિયાન તેમની ધરપકડ કરવામાં આવે તો તે ભૂલ હશે. જે રીતે અમિત શાહે ૨૦ જુલાઈએ ભૂલ કરી હતી, તમારે પણ એ જ ભૂલ ન કરવી જોઈએ, દીપકેએ પણ કહ્યું.

અમિત શાહે ૨૦ જુલાઈએ જે ભૂલ કરી હતી, તમારે પણ એ જ ભૂલ ન કરવી જોઈએ. અભિજીત દીપકેએ મુખ્ય પ્રધાન અને ગૃહ ખાતાનો હવાલો સંભાળતા દેવેન્દ્ર ફડણવીસ પર વળતો જવાબ આપતા કહ્યું હતું કે, ''જો તમે અમારી ધરપકડ કરવા માગતા હો, તો હમણાં જ કરો.''

અભિજીત દીપકેએ એવી માગણી કરી હતી કે કાલે શક્ય તેટલા લોકો ભેગા થાય અને ચૂંટણી ફક્ત ૨૦૦૫ ની મતદાર યાદી પર જ થવી જોઈએ.

અમે લોકશાહી માટે વિરોધ કરી રહ્યા છીએ, તેઓ અમને સરકાર સામે વિરોધ કેવી રીતે કરવાની મંજૂરી આપશે? ગાંધીજી અંગ્રેજો સામે લડતા હતા, અને અંગ્રેજો આવા વિરોધનો વિરોધ કરતા હતા, દીપકે કહ્યું, ''પરવાનગી મળે કે ન મળે, અમે વિરોધ કરીશું.'' ઉપરાંત, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કહે છે કે ત્રણ દિવસ પછી જેલમાં ગયા પછી, તમને જામીન મળે છે, પરંતુ જો ૩ દિવસ માટે નહીં, તો મને ત્રણ મહિના માટે જેલમાં રાખો... હું રસ્તા પર પાછો આવીશ, હું વારંવાર આવીશ.. એમ કહીને દીપકેએ ફડણવીસ પર પણ કટાક્ષ કર્યો. દેવેન્દ્ર ફડણવીસ શિવાજી પાર્કમાં રેલી કરી શકે છે, તો પછી અમે શિવાજી પાર્કમાં વિરોધ કેમ ન કરી શકીએ. તમે શિવાજી પાર્કમાંથી મત માંગી શકો છો, તો પછી અમે વિરોધ કેમ ન કરી શકીએ, દીપકેએ આ પ્રશ્ન પણ પૂછ્યો. હું શાહરૂખ ખાનનો ચાહક છું. હું ૩૦,૦૦૦ રૂપિયાના જૂતા પહેરું છું કારણ કે મને પરવડી શકે છે એમ અભિજીત દીપકેએ ૩૦,૦૦૦ રૂપિયાના જૂતા વિશે સમજાવતા કહ્યું હતું. હું શાહરૂખ ખાનનો મોટો ચાહક છું, તેના માટે એક રીલ હતી, એક ચાહક ક્ષણ હતી.

# સોશ્યલ મીડિયા પોસ્ટમાં વાંદા દર્શાવી દીપકે શિવાજી મહારાજનું અપમાન કર્યુંઃ નીતેશ રાણે

મુંબઈઃ ભાજપના નેતા નીતેશ રાણેએ ગુરુવારે દાવો કર્યો હતો કે કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ પોતાના વિરોધ પ્રદર્શન અંગેની એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં શિવાજી મહારાજના પૂતળાની નીચે વાંદા દર્શાવી, છત્રપતિ શિવાજી મહારાજનું અપમાન કર્યું છે. નીતેશ રાણેએ સ્પષ્ટતા કરતા કહ્યું કે, શિવાજી મહારાજના પૂતળા નીચે વાંદા બતાવીને અભિજિત દીપકે હકીકતમાં શિવાજી મહારાજ સાથે સ્વરાજ્ય માટે લડનારા શૂરવીર યોદ્ધાઓનું અપમાન કર્યું છે. રાણેએ આક્ષેપ કર્યો હતો કે આંદોલનના બહાને મહાન યોદ્ધાઓની સરખામણી વાંદાઓ સાથે કરવામાં આવી છે. રાણેએ જણાવ્યું હતું કે તેમનો વિરોધ દીપકે કે સૌરવ દાસ સામે નથી, પરંતુ જેલમાં બંધ કાર્યકર્તા ઉમર ખાલિદ અને ભારતની છબી ખરડવાનો, લોકશાહી સામે સવાલો ઉઠાવવાનો કે શરિયા કાયદો લાગુ કરવાનો પ્રયાસ કરતી રાષ્ટ્રવિરોધી તાકાતોને સમર્થન આપવાના પ્રયાસો સામે છે.

# પુર્ણેકરની હત્યાની તપાસ માટે એસઆઈટી

થાણેઃ થાણેમાં શિવસેના (યુબીટી)ના માનપાડા વિભાગ પ્રમુખ પ્રદીપ પુર્ણેકરની ગોળી મારીને હત્યા કરવાના કેસની તપાસ માટે થાણે પલીસે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એસઆઈટી) નીમી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ પુર્ણેકર હત્યા કેસની તપાસ માટે ગુરુવારે બપોરે એસઆઈટી નીમવામાં આવી હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર અમરસિંહ જાધવના વડપણ હેઠળની આ એસઆઈટીમાં બે આસિસ્ટન્ટ કમિશનર, ત્રણ સિનિયર ઈન્સ્પેક્ટર, છ એપીઆઈ, ત્રણ સબ-ઈન્સ્પેક્ટર, એક આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર અને આઠ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે.

ગુરુવારે સાંજે સાડાચાર વાગ્યાની આસપાસ એસઆઈટીની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી મહત્ત્વના પુરાવા ભેગા કરવામાં આવ્યા હતા. અધિકારીઓની ૧૦ ટીમ રાજ્યમાં અને બાકીની રાજ્ય બહાર આરોપીની શોધમાં મોકલવામાં આવી હતી. બાકીના આરોપીને વહેલીતકે પકડી પાડવામાં આવશે, એવું ડીસીપી જાધવે જણાવ્યું હતું.

પુર્ણેકરની હત્યા મામલે હજુ સુધી માત્ર પપ્પા શિંદેની જ ધરપકડ કરાઈ છે, જ્યારે બાકીના ત્રણ આરોપીની ઓળખ થઈ હોવાથી પોલીસ તેમની શોધમાં લાગી છે. હત્યામાં કથિત રીતે સંડોવાયેલા ફરાર આરોપી સંતોષ કનોજિયા ઉર્ફે ટલ્લીના કુટુંબની ચાર વ્યક્તિને પોલીસે પૂછપરછ માટે તાબામાં લીધી હતી. ચારેયને મીરા રોડ પરિસરમાંથી તાબામાં લેવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે હત્યા બાદ આરોપીઓ બાઈક પર ફરાર થયા હતા. કાંદિવલીના સમતાનગર પરિસરમાં બાઈક છોડી આરોપી કારમાં દહિસરની દિશામાં ગયા હતા. પોલીસે ગુનામાં વપરાયેલી બે બાઈક જપ્ત કરી હતી. આ બાઈક કાપૂરબાવડી પોલીસ સ્ટેશને લાવવામાં આવી હતી. પોલીસ બાઈકના માલિકની વિગતો મેળવી રહી છે.

# ઉદ્ધવ ઠાકરેએ પુર્ણેકરના પરિવારની મુલાકાત લઈ સાંત્વના આપી

થાણેઃ બે દિવસ પહેલાં હત્યા કરાયેલા પક્ષના નેતા પ્રદીપ પુર્ણેકરના પરિવારને શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ તેમના નિવાસસ્થાને જઈને સાંત્વના આપી હતી. આ સમયે મોટી સંખ્યામાં કાર્યકરો અને સ્થાનિકો એકઠા થયા હતા અને સ્વર્ગસ્થ નેતાની યાદમાં નારા લગાવ્યા હતા.

''હું અહીં પરિવારને સાંત્વના આપવા, તેમને હિંમત આપવા અને આ સંકટની ઘડીમાં અમે તેમની સાથે મક્કમતાથી ઊભા છીએ તેવી ખાતરી આપવા આવ્યો છું. આ જઘન્ય અપરાધ પાછળના ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવામાં ન આવે અને ફાંસી આપવામાં ન આવે ત્યાં સુધી અમે જંપીને નહીં બેસીએ,'' ઠાકરેએ જણાવ્યું હતું.

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# ગાંધીજીનું ગીત ઝીણા માટે... સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય!

## પાકિસ્તાને હિન્દી ફિલ્મ ‘જાગૃતિ’ની આબેહૂબ ઉઠાંતરી કરી બાપુ માટે લખેલું ગીત ઝીણા પર ફિટ બેસાડવાની બેહૂદી કોશિશ કરી હતી !



ફિલ્મ ‘જાગૃતિ’નું ‘દે દી હમે આઝાદી બિના ખડગ બિના ઢાલ’ રતન કુમાર પર ફિલ્માવાયું હતું

મોહનદાસ કરમચંદ ગાંધી અને મોહમ્મદ અલી ઝીણા. ગાંધીજી પ્રખર રાષ્ટ્ર પુરુષ, મહાત્મા અને બાપુ તરીકે ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત. બીજા ધર્મનિરપેક્ષ પાકિસ્તાનની કલ્પના કરનારા કાયદ - એ - આઝમ અને પાકિસ્તાનમાં સીમિત લોકપ્રિયતા અને પાકિસ્તાનની બહાર તો ગાંધીજીની તુલનામાં રતીભાર પણ આદર - સન્માન નહીં. બ્રિટિશ હુકૂમતના અંત સાથે ગાંધીજી અખંડ ભારત ઈચ્છતા હતા, જ્યારે મુસ્લિમો માટે અલગ રાષ્ટ્રની માગણી કરનારા ઝીણા ભાગલાની તરફેણમાં હતા. ઝીણાએ મુસ્લિમ રાષ્ટ્રની કલ્પના સાકાર કરી, પણ આપણા દેશનો અમુક હિસ્સો છીનવીને. ૧૯૪૭માં આપણને સ્વતંત્રતા મળી, પણ પાકિસ્તાન લગાતાર આપણો પ્રદેશ પચાવી પાડવાની કોશિશ કરતું રહ્યું છે.

આ વાત વિસ્તરી ચિત્રપટ સૃષ્ટિમાં પણ જોવા મળી. ફિલ્મોની દુનિયામાં પણ ચોરી - ઉઠાંતરીના કિસ્સા લોલિવૂડ (લાહોર + હોલિવૂડ) તરીકે ઓળખાતી પાકિસ્તાન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દેશના ભાગલા પછીના પ્રારંભિક કાળમાં જોવા મળ્યા હતા. પાકિસ્તાની સિનેમાએ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની અનેક બ્લોકબસ્ટર ફિલ્મોની અઘોષિત નકલ કરી છે. એક દલીલ એવી થઈ હતી કે ભાગલા પહેલાં બંનેના સિનેમા ઇતિહાસમાં સામ્ય હોવાથી લોકો જેને નકલ કે ઉઠાંતરી સમજતા હતા એ વાસ્તવમાં સાંસ્કૃતિક મૂળિયાં સમાન હોવાનું પરિણામ હતું.

જોકે, ૧૯૫૬માં પાકિસ્તાનમાં રિલીઝ થયેલી ‘બેદારી’ નામની ફિલ્મ તો હિન્દી ફિલ્મની બેઠી ઉઠાંતરી હતી. અને હદ તો એ વાતની હતી કે હિન્દી ફિલ્મના ગાંધીજીને સમર્પિત એક બેહદ લોકપ્રિય ગીતના શબ્દોમાં થોડો ફેરફાર કરી પાકિસ્તાનના મોહમ્મદ અલી ઝીણાને એ ગીત સમર્પિત કરવામાં આવ્યું હતું. જોકે, અંતે સૂંઠને ગાંગડે ઝીણાને ગાંધીજી જેવા મહાન ચીતરવાનો પ્રયાસ માથે પડ્યો, કારણ કે ફિલ્મ પર સરકારે જ પ્રતિબંધ મૂકી દીધો - મૂકવો પડ્યો.

આ વાત વિગતે જાણવી જોઈએ. ૧૯૪૭ - ૧૯૫૬ એ આઝાદી પછીના પ્રથમ દાયકામાં હિન્દી ફિલ્મોના નિર્માણમાં દેશભક્તિ ફિલ્મોના નિર્માણને પ્રાધાન્ય હતું. એ સમયની હિન્દી ફિલ્મોના નિર્માણમાં અગ્રેસર ફિલ્મીસ્તાન કંપનીના શશધર મુખરજીએ ‘જાગૃતિ’ (૧૯૫૪) ફિલ્મનું નિર્માણ કર્યું હતું. સત્યેન બોઝ દિગ્દર્શિત આ ફિલ્મ એમના જ બંગાળી ચિત્રપટ ‘પરિબર્તન’ની રિમેક હતી. ‘જાગૃતિ’ને ખાસ્સી સફળતા મળતા પાકિસ્તાનના મેકરોની દાઢ સળકી. એ લોકો દ્વારા ‘બેદારી’ નામથી એની બેઠી નકલ કરવામાં આવી.આખેઆખી સ્ક્રિપ્ટની નકલથી આગળ વધી ‘બાપાનો માલ’ સમજી ફિલ્મના ગીત - સંગીતની પણ ઉઠાંતરી કરી. હિન્દીમાં લખાયેલા ડાયલોગનું ઉર્દૂ સંસ્કરણ કરવામાં આવ્યું. ભારતીય પ્રતીકો અને મહાનુભાવોની જગ્યાએ પાકિસ્તાની પ્રતીકો અને મહાનુભાવોને ગોઠવી દેવાનો ભદ્દો પ્રયાસ કરવામાં આવ્યો.

ચોરીના મામલાની શરૂઆત ફિલ્મના ટાઈટલથી જ કરવામાં આવી. પાકિસ્તાની ફિલ્મનું નામ હતું ‘બેદારી’ જેનો અર્થ થાય છે જાગૃતિ. રસપ્રદ વાત એ છે કે ‘જાગૃતિ’માં દિવ્યાંગ બાળકનો રોલ કરનારા રતન કુમારે ‘બેદારી’ ફિલ્મમાં પણ એ જ બાળકનો રોલ કર્યો હતો. રતન કુમારનું અસલી નામ સૈયદ નઝીર અલી રિઝવી હતું. ‘જાગૃતિ’ રિલીઝ થયા પછી એ પાકિસ્તાન જતો રહ્યો હતો. સંભવ છે કે તેણે જ સુપરહિટ ફિલ્મની ઉઠાંતરીનો આઈડિયા આપ્યો હશે.

ઉઠાંતરીની સૌથી ચોંકાવનારી વાત હતી ગીતોની. ‘જાગૃતિ’ ફિલ્મનું ગીત ‘આઓ બચ્ચો તુમ્હે દિખાએ ઝાંકી હિન્દુસ્તાન કી’ ના કેટલાક શબ્દો બદલાવી ‘આઓ બચ્ચો તુમ્હેં કરાએં સૈર પાકિસ્તાન કી’ કરી નાખ્યું અને ગાંધીજીને સમર્પિત સુપરહિટ સોંગની જગ્યાએ મોહમ્મદ અલી ઝીણાને બેસાડી દેવા ‘દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ, સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ’ને ફેરવી ‘યૂં દી હમેં આઝાદી કી દુનિયા હુઈ હૈરાન, અય કાયદ - એ - આઝમ તેરા એહસાન હી એહસાન’ કરવાની ધૃષ્ટતા કરી. ‘બેદારી’ને પાકિસ્તાનમાં ધૂમ સફળતા મળી, પણ જ્યારે પાકિસ્તાન સેન્સર બોર્ડને ભારતીય ફિલ્મની નકલની ખબર પડી એ સાથે તાબડતોબ ‘બેદારી’ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો. વાત આટલેથી પૂરી નથી થઈ જતી. આ નાપાક હરકતનો વધુ એક મણકો હજી બાકી છે.

સમય સાથે પાકિસ્તાનીઓ ‘બેદારી’ ફિલ્મનાં ગીતો ભૂલી સુધ્ધાં ગયા. પણ નકલ કરનારાઓની અકલ હજી સાબૂત હતી. વધુ એક હરકત કરવાની ધૃષ્ટતા રોકી ન શકાઈ. ૪૦ વર્ષ પછી ૧૯૯૦ના દશકમાં ‘યૂં દી હમેં આઝાદી કી દુનિયા હુઈ હૈરાન’ ગીતને થોડા ફેરફાર સાથે રિમિક્સ કરી રજૂ કરવામાં આવ્યું. જોકે, કોઈએ ચાડી ખાધી કે આ ગીત તો ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને સમર્પિત ગીતની આબેહૂબ નકલ છે એટલે સેન્સર બોર્ડ સફાળું જાગ્યું અને ગીત પર ફરી મનાઈહુકમ ફરમાવી દીધો.

આ સમગ્ર મામલે પાકિસ્તાન સેન્સર બોર્ડના ભૂતપૂર્વ સભ્ય સૈયદ જી.બી. શાહ બુખારીએ પાકિસ્તાનના ફિલ્મ ઉદ્યોગ વિશે એક લેખ લખ્યો હતો , જેમાં ‘જાગૃતિ’ અને ‘બેદારી’નો પણ ઉલ્લેખ હતો. બુખારીએ લખ્યું હતું કે ‘ભારતીય ફિલ્મોની આયાત અને પ્રદર્શન પર પાકિસ્તાનમાં પ્રતિબંધ હોવાને કારણે તકનો લાભ લઈ ૧૯૫૬માં લાહોરના ફિલ્મ પ્રોડ્યુસરોએ ભારતીય ફિલ્મ ‘જાગૃતિ’ની કથા અને ગીતની બેઠી નકલ કરી ‘બેદારી’ નામની ફિલ્મ બનાવી નાખી.’ ભારતીય ફિલ્મો સાથે નાતો યેનકેન પ્રકારે જાળવી રાખવાની આ મથામણ જ હતી ને! ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# ગાંધીજીઃ ધ ‘સુપરસ્ટાર’

## ૧૫૭મી જન્મજયંતી અવસરે એક સુપર મહાત્માનો સુપર ક્લોઝ-અપ

*ગાંધીની અહિંસા નબળાઈ નહીં, સક્રિય શક્તિ હતી.*

*- નેલ્સન મંડેલા*

----------

*મારામાં રમૂજવૃત્તિ ના હોત તો મેં ક્યારનીય આત્મહત્યા કરી લીધી હોત.*

*-ગાંધી*

----------



દરેક ફિલ્મી હીરોની ખાસ એન્ટ્રી હોય છે. કોઈ ઘોડા પર આવે, કોઈ ધૂળ ઉડાડતી કારમાં, કોઈ મોટરસાઇકલ પર. આ હીરોની એન્ટ્રીમાં તો તેને ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકાનાં એક સ્ટેશન પર પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં ઘસડીને ઉતારી મૂકવામાં આવ્યો! દેખાવમાં જરાય હીરો નહીં. શરમાળ સ્વભાવ, સામાન્ય અવાજ, નબળું શરીર. મોહનદાસ ગાંધી એ રાતે અપમાન ગળીને ભારત પાછા ફરી શક્યા હોત, પણ નહીં. રંગભેદ સામે લડ્યા ને બીનગોરાઓ માટે ભેદભાવભર્યા પાસપોર્ટની હોળી કરીને જગતને પહેલીવાર ‘સત્યાગ્રહ’ શબ્દ આપ્યો. અહીંથી ગાંધીની નાયક રૂપે હીરોગીરીની મૌલિક ભાષા જન્મીઃ

‘તમારી પાસે સત્તા છે, મારી પાસે ‘ના’ કહેવાની હિંમત છે.’

બીજા સ્ટાર્સ ખાસ કપડાં બનાવીને સ્ટાઇલ બનાવે, ગાંધીએ કપડાં ઘટાડીને ઇમેજ બનાવી!

લંડનનો સૂટ પહેરતો વકીલ પછી ધોતી, ખુલ્લું શરીર, ગોળ ચશ્માં અને લાકડી સુધી આવી ગયો.

ફિલ્મી હીરો પાસે ઘોડો, કાર કે બાઇક હોય; ગાંધીની છબી સાથે બકરી જોડાઈ ગઈ, કારણ કે બકરીનું

દૂધ પીતા. હાથમાં રિવોલ્વર નહીં પણ પાસે ચરખો. ગાંધી સામે વિલન મામૂલી નહોતા, આખું બ્રિટિશ સામ્રાજ્ય હતું, જેની પાસે સેના, પોલીસ, જેલ, કાયદો ને બંદૂકો હતાં, જ્યારે ગાંધી પાસે એકેય હથિયાર નહોતું. ગાંધીના હીરોઇઝમમાં આ ‘અસમાન શક્તિ’નો મુકાબલો જ મોટો ડ્રામા હતો.



ભારતના ચંપારણમાં ૧૯૭૭માં નીલની ખેતી કરતા ખેડૂતો માટે લડવા ગયા ત્યારે અંગ્રેજોએ વિસ્તાર છોડવાનો આદેશ આપ્યો, પણ ગાંધી ગયા નહીં ને સજા સ્વીકારવાની તૈયારી બતાવી. પછી ખેડા, અમદાવાદ, અસહકાર અને દાંડીયાત્રાની ભવ્ય ચળવળ, જાણે એકદમ સુપરસ્ટારની લડતની સિક્વન્સ. ગાંધી મોટા રાજકારણને સામાન્ય માણસ સમજી શકે એમ સૌને એકઠા કરીને ભવ્ય દૃશ્યમાં ફેરવી નાખતા. બ્રિટિશ સામ્રાજ્ય સામે સાબરમતીથી દરિયા સુધી ચાલીને એક મુઠ્ઠી મીઠું ઉપાડ્યું ને સામાન્ય માણસને સમજાયું કે જાલિમ સામ્રાજ્યનો કાયદો તોડી પણ શકાય છે.

ફિલ્મી હીરોને કે આજના નેતાઓને તાળીપીટ સંવાદો જોઈએ, પણ ગાંધી માત્ર ‘કરો અથવા મરો’ કે ‘ભારત છોડો’ જેવા પંચ કહીને કરોડોને ભેગા કરી શકતા!

નોર્મલ હીરો દુશ્મનને મારે, પણ આ હીરો પોતાને જ પીડે ને ખુદને ભૂખ્યો રાખે! મજૂરોનો પ્રશ્ન હોય, અસ્પૃશ્યતા હોય કે કોમી હિંસા, શબ્દો કામ ન કરે ત્યારે ‘ઉપવાસ’ના અસરકારક હથિયાર દ્વારા પોતાનું શરીર જ દાવ પર મૂકી દે. ગાંધી માત્ર અંગ્રેજો સામે લડતા રાજકીય નેતા નહોતા- એ અસ્પૃશ્યતા, સ્વચ્છતા, ધાર્મિક એકતા, ખાદી કે ગ્રામ ઉદ્ધાર જેવા સામાજિક પ્રશ્નો પણ ઉઠાવતા.

દરેક હીરોની જેમ ગાંધીના સંગીતની ઓળખ હતીઃ નરસિંહ મહેતાનું ‘વૈષ્ણવ જન તો તેને કહીએ રે’ અને પ્રાર્થનાસભાઓમાં ‘રઘુપતિ રાઘવ રાજારામ’. ચરખો, મીઠું, મૌન, ભજન અને ઉપવાસ જેવી સાવ સામાન્ય વસ્તુઓને આ હીરોના સ્ટાઇલ સ્ટારસ્ટેટમેંટ્સ હતા. પણ ગાંધીજીમાં ઘણાં મો.ક.ગાંધી હતા!

કોઇપણ ક્લાસિક ફિલ્મમાં હીરોની નબળાઈ કે હાર દેખાય ત્યારે જ એ પાત્ર માનવીય અને ઊંડું બને. ‘મહાત્મા’ની અંદરનો મોહનદાસ ગૂંચવાયેલો હતો. કસ્તુરબા સાથે પ્રેમ હતો, પણ યુવાનીમાં અધિકારભાવ પણ હતો. પછી બંગાળી લેખિકા સંગીતકાર સરલાદેવી ચૌધુરાણી સાથે ગાઢ ભાવનાત્મક નિકટતા થઈ ને એક તબક્કે ગાંધીએ સરલાદેવીને ‘આધ્યાત્મિક પત્ની’ કહેલા. અહીં મહાત્માની પાછળ આકર્ષણ અને આત્મસંયમ વચ્ચે સંઘર્ષ કરતો હાડચામનો માણસ છે. ગાંધીના બ્રહ્મચર્યની કસોટી માટે ગાંધીએ યુવાન સ્ત્રીઓ સાથે નિર્વસ્ત્ર એક જ પથારીમાં સૂવાના ‘ખતરનાક’ પ્રયોગ કર્યા.

ગાંધી માટે એ આત્મપરીક્ષા હતી, પરંતુ આજેય એ વાત પર પ્રશ્નો ઉઠતા રહે છે.

આખો દેશ જેને ‘બાપુ’ કહેતો એ મહાત્મા ગાંધીનો મોટો પુત્ર હરિલાલ બેરિસ્ટર બનવા માગતો હતો, પરંતુ પિતાના આદર્શો ને પુત્રની ઇચ્છાઓ વચ્ચે અંતર વધ્યું. પછી દારૂ, આર્થિક મુશ્કેલીઓ અને વેરવિખેર જીવન. દેશનો બાપુ, ખુદના દીકરા સુધી કેમ ન પહોંચી શક્યો? ‘ગાંધી, માય ફાધર’ ફિલ્મમાં આ જ કરુણતા દર્શાવી છે.





ગાંધીની પોલિટિકલ પટકથામાં બીજા પાત્રોયે જેવાંતેવાં નહોતા. સરદાર પટેલ વ્યવહારુ ને મજબૂત સહયોદ્ધા હતા. જવાહરલાલ નહેરુ પ્રિય, પરંતુ આધુનિક ભારત વિશે જુદું જ વિચારતા સાથી અને રાજકીય વારસદાર. સુભાષચંદ્ર બોઝને આઝાદી ગાંધી જેટલી જ વહાલી હતી, ગાંધી માટે પૂજ્યભાવપ્રેમ હતો, પરંતુ રસ્તો જુદો હતો. ડૉ. આંબેડકરના ઘર્ષણમાં અસ્પૃશ્યતા બંનેને અસ્વીકાર્ય હતી, પરંતુ આંબેડકર દલિતોની મુક્તિને માત્ર હૃદયપરિવર્તન નહીં, રાજકીય પ્રતિનિધિત્વ ને કાનૂની અધિકારોનો પ્રશ્ન માનતા હતા. એટલે એ મુદ્દે આંબેડકર ગાંધીમાં મતભેદ હતા જે ગાંધી ઉપવાસ સુધી ગયેલા. હિંદુવાદીઓ અને ઝીણા સામે તો અંત સુધી લડતા રહ્યા.

સિનેમાએ પણ ગાંધીને અનેક રીતે જોયા છે. એટનબરોની ‘ગાંધી’માં બેન કિંગ્સલેનો મહાત્મા મહાકાવ્યનો નાયક બન્યો ને ફિલ્મે આઠ ઓસ્કર જીત્યા. ‘ધ મેકિંગ ઑફ ધ મહાત્મા’એ દક્ષિણ આફ્રિકાનો મોહનદાસ શોધ્યો, ગાંધી, ભારતમાં પ્રતિબંધિત ‘નાઇન અવર્સ ટુ રામા’એ હત્યારા ગોડસે પર નજર ફેરવી ને ‘લગે રહો મુન્નાભાઈ’એ મહાત્માને ઇતિહાસની બોરિંગ બુક્સમાંથી બહાર કાઢીને નવી પેઢીને ‘ગાંધીગીરી’ આપી. હજી વેબસિરીઝ ને આવનારી ફિલ્મોમાં ગાંધી ‘પ્રગટ’ થતાં જ રહેશે.

પણ ગાંધી જેવા ખૂબ આદરણીય, મેદની એકઠી કરતા લોકનાયક કે અકલ્પનીય સુપરસ્ટારની સૌથી મોટી કરુણતા તેમની જીતમાં નહીં, તેની હારમાં છે. ૧૯૪૬માં પ.બંગાળના નોઆખાલીમાં હિન્દુ-મુસ્લિમ હિંસામાં ગામો સળગી રહ્યાં હતાં. બ્રિટિશરો સામે અહિંસાથી જીતનાર માણસ હવે પોતાના જ દેશવાસીઓને એકબીજાને મારતા કાપતા લાચારીથી જોઈ રહ્યો હતો. ૭૭ વર્ષના ગાંધી કોઈ સેના કે સત્તા વગર ગામેગામ દંગાઓ અટકાવવા પગપાળા ફર્યા, લોકોએ પથ્થરો ફેંક્યા, માર્ગમાં કાચ વેર્યા, મળમૂત્રથી નવડાવ્યા, પણ ગાંધી ચાલતા રહ્યા.

હીરો ગાંધીની કથાનો ક્લાઇમેક્સ પણ એક્શન પેકઃ ૧૫ ઑગસ્ટ ૧૯૪૭એ દિલ્હી ઉજવણીમાં ઝગમગતું હતું, પરંતુ આઝાદીના હીરો ગાંધી પશ્ચિમ બંગાળમાં રખડતા હતા. જાન્યુ.૧૯૪૮માં હિંદુ-મુસ્લિમોના આગેવાનોએ શાંતિનું વચન આપ્યું ત્યારે બાપુએ ઉપવાસ છોડ્યા. ૨૦ જાન્યુઆરીએ તેમની પ્રાર્થનાસભામાં બૉમ્બ ફાટ્યો, બચી ગયા. ૧૦ દિવસ પછી, ૩૦ જાન્યુઆરીની સાંજે પ્રાર્થનાસભાની ભીડને ધકેલીને નાથુરામ ગોડસેએ ત્રણ ગોળીઓ ચલાવી.

વાર્તાની શરૂઆતમાં એક માણસને ટ્રેનમાંથી ફેંકી દેવામાં આવ્યો હતો ને તે ફરી ઊભો થયો હતો, જયારે અંતે ત્રણ ગોળી બાદ આ હીરો ફરી ઊભો થઇ શક્યો નહીં. આજીવન અહિંસાનો ઉપાસક, જેનો અંત હિંસાથી થયો.

ગાંધી હીરો કે મહાત્મા હતા કે નિષ્ફળ મહાપુરુષ? છેલ્લે છેલ્લે ખુદ ગાંધી પોતાને ‘૭૮ વરસનો નકામા બુઢો’ કહેતા, પણ સત્યને શોધવા મથતા અને સત્યના પ્રયોગોમાં અને પછી પણ સાવ ઇમાનદારીથી પોતાની ખુદની નબળાઇ, લાચારી બધું જ સાચેસાચું લખનાર એકમાત્ર મહાન ગુજરાતી-ભારતીય લેખક પણ હતા. ‘કડું કપાયું, કરજ ફિટ્યું’ જેવાં ચોટદાર વાક્યો- સિનેમેટિક સાદી ટૂંકા લેખનથી આખી કૃત્રિમ સાહિત્યિક ભાષાને બદલી નાખી. દેશભરમાં ‘ગાંધી સાહિત્ય’ લખાયું ‘ગાંધી ચિત્રો’ રચાયા.

પોરબંદરનો એ શરમાળ છોકરો આજે ભારતની ઓળખ છે. માર્ટિન લ્યુથર જુનિયરે કે નેલ્સન મંડેલાએ ગાંધીની અહિંસક લડાઇમાંથી જ સંઘર્ષનો માર્ગ શોધ્યો એટલે ગાંધીને અમિતાભ, શાહરુખ કે રાજેશ ખન્ના કરતાં ‘મોટો સુપરસ્ટાર’ કહી શકાય, જો કાલ્પનિક સિનેમેટિક સરખામણી થાય તો!

બીજા સુપરસ્ટાર્સ પાસે સિનેમાનો પડદો હોય છે, પણ ગાંધીનો પડદો તો આખા ઇતિહાસનો વિશાળ પટ છે! ■

ફ્લેશ બેક
હેન્રી શાસ્ત્રી

# બંદે મેં થા દમ... વંદે માતરમ્

## રાષ્ટ્રપિતા હિન્દી ફિલ્મ સંગીત અને સંવાદમાં કેવી રીતે જોવા મળ્યા છે એને આજે ગાંધી જયંતી નિમિત્તે જાણીએ - સમજીએ.

***‘મેં ક્યારેય સિનેમા જોયું નથી અને મારા પ્રેમાળ મિત્રોના અતિ આગ્રહ છતાં પણ મને કોઈ ઈચ્છા નથી થતી. સાચું કહું તો ભગવાને આપેલો મૂલ્યવાન સમય બગાડવાની મારી જરાય ઈચ્છા નથી. ફિલ્મોનું શૈક્ષણિક મૂલ્ય છે એવું મિત્રો મને કહેતા હોય છે. કદાચ હશે, પરંતુ સિનેમાનો ભ્રષ્ટ કરનારો પ્રભાવ દરરોજ મને સ્પષ્ટપણે નજરે પડતો હોવાથી શિક્ષણ માટે હું બીજે નજર દોડાવું છું.’***

આ કથન મોહનદાસ કરમચંદ ગાંધી - મહાત્મા ગાંધીનું છે. ૧૯૨૬માં સાપ્તાહિક પત્ર ‘યંગ ઇન્ડિયા’માં તે સમયે સિનેમાના પ્રભાવ અને તેના કારણે સમાજના બગાડથી ચિંતિત હોવાથી તેમણે આ પ્રમાણે લખ્યું હતું. ગાંધીજીની બધી વાત સાથે સહમત થવાય એ જરૂરી નથી અને ખુદ બાપુ ભિન્ન મતનો આદર કરતા હતા. કદાચ ગાંધીજી સિનેમાને સર્વાંગી રીતે સમજી નહોતા શક્યા એવી દલીલ ગભરાયા વિના કરી શકવી એ અંતે તો નિર્ભય બનવાની ગાંધીજીના શિક્ષણનો જ ભાગ છે ને. જોકે, ૧૦૦ વર્ષ પહેલાનું આ વિધાન આજની તારીખમાં વિચાર કરવા જરૂર પ્રેરે એ હદે સિનેમા બદલાઈ ગયું છે. એમ તો આજે ગાંધીજી પ્રત્યેના દૃષ્ટિકોણમાં પણ સમૂળગો બદલાવ આવ્યો છે.

આજે ગાંધી જયંતી છે એ અવસરે ગાંધીજીને કેન્દ્રમાં રાખી બનેલી જૂજ ફિલ્મોના ગીત અને એના સંવાદો તપાસીએ. પછી દરેક વાચક જાતે જ નક્કી કરે કે ગાંધીજી આજે કેટલા પ્રસ્તુત છે. વ્યક્તિ સ્વાતંત્ર્ય એમની શીખવણીનો જ હિસ્સો છે ને.

ગાંધીજીને કેન્દ્રમાં રાખેલી ફિલ્મોમાં રિચર્ડ એટનબરોની આઠ ઓસ્કર અવૉર્ડ વિજેતા ‘ગાંધી’ (૧૯૮૨) ફિલ્મને મળેલા વ્યાપક આવકાર બાબતે અન્ય ગાંધી ફિલ્મો પાતળી લાગે, પણ મહત્ત્વ અને મહત્તામાં ઓછી ઊતરે એવી નથી. શ્યામ બેનેગલની ‘ધ મેકિંગ ઓફ મહાત્મા’, કમલ હાસનની ‘હે રામ’, ફિરોઝ અબ્બાસ ખાનની ‘ગાંધી, માય ફાધર’, જાહનું બરૂઆની ‘મૈંને ગાંધી કો નહીં મારા’, રાજકુમાર હિરાણીની ‘લગે રહો મુન્નાભાઈ’, રાકેશ રંજન કુમારની ‘ગાંધી ટુ હિટલર’ તેમ જ ‘સરદાર’ સહિત અન્ય મહાનુભાવોને કેન્દ્રમાં રાખેલી ફિલ્મોમાં પણ ગાંધીજીનું ચિત્રણ છે. દરેક ફિલ્મમેકરે બાપુને વેગળા દૃષ્ટિકોણથી ચિત્રિત કરવાનો પ્રયાસ કર્યો છે.



‘લગે રહો મુન્નાભાઈ’: સંજય દત્ત - દિલીપ પ્રભાવળકર




ફિલ્મોમાં ગાંધીજીનાં ગીતો સાંભરીએ ત્યારે ‘વૈષ્ણવજન તો તેને રે કહીએ’ તેમ જ ‘રઘુપતિ રાઘવ રાજા રામ’ પહેલા યાદ આવે. ગાંધીજીને પ્રિય એવા આ બંને ભજન ઘણી હિન્દી ફિલ્મો અને દેશભક્તિના મ્યુઝિક આલબમમાં સમાવી લેવાયા છે. ચોક્કસ સિનેમાના ગીતની વાત કરતી વખતે ‘જાગૃતિ’ ફિલ્મનું ‘દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ’, સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ’ પહેલું યાદ આવે. કવિ પ્રદીપ લિખિત અને હેમંત કુમારે સ્વરબદ્ધ કરેલું આશા ભોસલેએ ગાયેલું આ ગીત આજે પણ અનેક લોકોને યાદ હશે. ગાંધીજી અને અહિંસાના સિદ્ધાંતને સમર્પિત આ સૌથી પ્રસિદ્ધ અને લોકપ્રિય ગીત છે.

૧૯૫૭માં રિલીઝ થયેલી બે ફિલ્મ ‘નયા દૌર’ અને ‘દો આંખેં બારહ હાથ’માં ગાંધીજીની નહીં, પણ ગાંધી વિચારની હાજરી છે. આ બંને ફિલ્મના ગીત - સંગીતને ખાસ્સી લોકપ્રિયતા મળી હતી. ‘નયા દૌર’નું ‘સાથી હાથ બઢાના’ સામૂહિક શક્તિ અને શ્રમના ગૌરવની વાત કરે છે જ્યારે ‘દો આંખેં બારહ હાથ’ના ‘અય માલિક તેરે બંદે હમ, ઐસે હોં હમારે કરમ, નેકી પર ચલે ઔર બદી સે ટલે, તાકી હસતે હુએ નિકલે દમ’માં વેરભાવ રાખવાના બદલે પ્રેમ અને અહિંસા દ્વારા ક્રૂરતાને જીતવાની પ્રેરણા આપતો ગાંધી વિચાર જ પ્રગટ થાય છે.

૧૯૬૭માં આવેલી ફિલ્મ ‘પરિવાર’માં ગાંધી જયંતી અને બાપુના જન્મદિનને યાદ કરી એક પ્રેરણાદાયક ગીત ‘આજ હૈ દો અક્ટુબર કા દિન’ ગીત રજૂ થયું હતું. ગુલશન બાવરા લિખિત, કલ્યાણજી - આણંદજીએ સ્વરબદ્ધ કરેલું આ ગીત લતા મંગેશકરે ગાયું હતું. ૧૯૭૮માં આઈએસ જોહરે બનાવેલી ‘નાસબંદી’ ફિલ્મ માટે ‘બાપુ તેરે દેશ મેં યે કૈસા અત્યાચાર’ (ગીતકાર ઈન્દીવર, સંગીતકાર કલ્યાણજી આણંદજી) તૈયાર કરવામાં આવ્યું હતું, પણ ગીતમાં કેટલાક નામાંકિત રાજકારણીઓનાં નામોનો ઉલ્લેખ હોવાથી ગીત પર સેન્સરએ કાતર ચલાવી હતી. સંજય દત્તની ‘લગે રહો મુન્નાભાઈ’માં ‘બંદે મેં થા દમ... વંદે માતરમ્’ (ગીતકાર સ્વાનંદ કિરકિરે, સંગીતકાર શાંતનુ મોઈત્રા) ગીત અને ફિલ્મમાં ગાંધી વિચારને આધુનિક શૈલીમાં રજૂ કરવાનો પ્રયાસ હતો. આ ગીત ગાંધીજીના સમગ્ર વ્યક્તિત્વ અને એમના પ્રભાવને વ્યક્ત કરે છે.

**ગાંધી ફિલ્મના ડાયલોગ્સઃ**

ગાંધીજી ક્યારેય વાચકો કે શ્રોતાઓને પ્રભાવિત કરવા માટે ભારેખમ શબ્દોનો ઉપયોગ કરતા નહીં. તેમનું લખાણ અને બોલચાલ અત્યંત સરળ, ટૂંકી અને મુદ્દાસર રહ્યા હતા. ઓક્સફર્ડ યુનિવર્સિટીના એક પ્રોફેસરે નોંધ્યું હતું કે ગાંધીજી ભાષાનો એવો સચોટ ઉપયોગ કરતા કે આખું વાક્ય બદલ્યા વગર માત્ર એક યોગ્ય શબ્દથી અર્થ સ્પષ્ટ કરી દેતા. ટૂંકમાં તેમની રજૂઆતમાં લાઘવ હતું. રાજકુમાર હિરાણીની ‘લગે રહો મુન્નાભાઈ’ના સંવાદ ‘ગાંધીજી ને કહા થા કી બુરાઈ કે પિછે ભી ઈન્સાન હોતા હૈ. બુરાઈ સે ઘૃણા કરો, બૂરે સે નહીં’ અને ‘બોલે તો ‘ગાંધીગીરી ઝિંદાબાદ’માં ગાંધી વિચારોનો જ પડઘો પડે છે ને. રિચર્ડ એટનબરોની ફિલ્મનો સંવાદ ‘જ્યારે પણ નિરાશા મને ઘેરી વળે છે ત્યારે ચિત્તમાં સંગ્રહી રાખેલી વાત સાંભરી આવે છે કે સત્ય અને પ્રેમનો કાયમ વિજય થયો છે એ ઈતિહાસ દર્શાવે છે’માં પણ એ જ વાત નજરે પડે છે. વિસરાઈ ગયેલો આ ગાંધી વિચાર આજે પ્રસ્તુત છે? ‘ગાંધી માય ફાધર’નો ‘હિન્દુસ્તાન કા દિલ ઉસકે ગાઓં મેં ધડકતા હૈ’ સંવાદ આજે પણ મહત્ત્વ ધરાવે છે. આ ફિલ્મનો પુત્ર હરિલાલ ગાંધીની વ્યથા - હતાશા વ્યક્ત કરતો સંવાદ ‘તમે મારી પાંખો કાપી નાખી... હવે હું કેવી રીતે ઉડીશ?’ પણ ચોટદાર છે. ■

---

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

## યશરાજ બેનરમાં પીઆરઓ તરીકે કામ કરતાં અચાનક નસીબે યારી આપી ને એ બની ગઈ એક અદાકારા

# પરિણીતી ચોપરા

હરિયાણાના અંબાલામાં પંજાબી હિન્દુ કુટુંબમાં જન્મેલી પરિણીતી ચોપરા એ ઇન્ટરનેશનલ સ્ટાર પ્રિયંકા ચોપરા, બોલિવૂડની અભિનેત્રીઓ મીરા ચોપરા અને મનારા ચોપરાની ‘કઝિન સિસ્ટર’ છે. અંબાલાની કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરી શાળામાં અભ્યાસ કરીને માત્ર ૧૭ વર્ષની ઉંમરે તે વધુ શિક્ષણ માટે ઈંગ્લેન્ડ ગઈ હતી.

ઈંગ્લેન્ડમાં અલાયન્સ માન્ચેસ્ટર બિઝનેસ સ્કૂલમાંથી બિઝનેસ, ફાયનાન્સ અને ઈકોનોમિક્સના વિષયમાં ત્રણ-ત્રણ ઓનર્સ ડિગ્રી મેળવ્યા પછી તે ભારત આવી. માન્ચેસ્ટર કૉલેજમાં અભ્યાસ દરમિયાન તે માન્ચેસ્ટર યુનાઇટેડ એફ.સી.ના કેટરિંગ ડિપાર્ટમેન્ટમાં ટીમ લીડર તરીકે પાર્ટટાઇમ નોકરી કરતી હતી.

પરિણીતી ચોપરા અભ્યાસમાં તો આગળ હતી જ પણ સાથોસાથ તેણે સંગીતમાં પણ ડિગ્રી મેળવી છે અને તેણે હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની તાલીમ પણ મેળવી છે અને સારી ગાયિકા પણ છે.

૨૦૦૯માં પરિણીતી મુંબઈ પાછી ફરી અને યશરાજ ફિલ્મ્સના માર્કેટિંગ વિભાગમાં ઇન્ટર્ન તરીકે જોડાઈ અને પછી તે પબ્લિક રિલેશન કન્સલ્ટન્ટ તરીકે પણ કામ કરતી હતી. તે સમયે યશ ચોપરાની તેનાં પર નજર પડી અને ૨૦૧૦માં ‘બેન્ડ બાજા બારાત’ના પ્રમોશન દરમિયાન તેને અભિનયના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની સલાહ આપી હતી. પરિણીતીને ત્યારે અભિનયમાં જરાય રસ નહોતો. તે પી.આર. વિભાગમાં કામ કરીને ખુશ હતી. પણ તેની સાદગી અને સુંદરતા જોઈને યશ ચોપરાએ તેને અભિનેત્રી બનવાની સલાહ આપી હતી. ત્યારે તેનો સ્ક્રીન ટેસ્ટ લેવામાં આવ્યો અને પછી આદિત્ય ચોપરાએ તેને યશરાજ ફિલ્મ્સના બેનર હેઠળ ત્રણ ફિલ્મોનો કરાર કરી અભિનેત્રી તરીકે સાઈન કરી.

પરિણીતીની યશરાજ બેનરની પહેલી ફિલ્મ હતી ‘લેડિઝ વર્સીસ વિકી બહલ’. આ ફિલ્મમાં રણવીર સિંહ અને અનુષ્કા શર્માની જોડી હતી અને પરિણીતી ચોપરા સહાયક અભિનેત્રી તરીકે હતી, પણ આ પહેલી જ ફિલ્મમાં પરિણીતીનાં અભિનયના વખાણ થયા .આ ફિલ્મની ભૂમિકા માટે પરિણીતીને ફિલ્મફેર, આઇફા જેવા પ્રતિષ્ઠિત એવૉર્ડસ પણ મળ્યા.

તેની કારકિર્દીની યશરાજ બેનરની બીજી જ ફિલ્મમાં તેને મુખ્ય અભિનેત્રી તરીકે પસંદ કરવામાં આવી. આ ફિલ્મ હતી હબીબ ફૈઝલની ‘ઈશકજાદે.’ આ ફિલ્મથી અર્જુન કપૂરે બોલિવૂડમાં એન્ટ્રી લીધી હતી. આ ફિલ્મની ભૂમિકા માટે પરિણીતીની ૬૦મા નેશનલ ફિલ્મ અવૉર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. આમ બીજી જ ફિલ્મમાં નેશનલ એવૉર્ડસ મેળવીને પરિણીતીએ પોતાની અભિનય ક્ષમતા પણ સાબિત કરી દીધી હતી.



પરિણીતી ચોપરાની યશરાજ બેનરની ત્રીજી ફિલ્મ હતી ‘શુદ્ધ દેસી રોમાન્સ.’ આ ફિલ્મમાં તે સુશાંતસિંહ રાજપૂત અને વાણી કપૂર સાથે હતી. આ ફિલ્મમાં પણ તેનો અભિનય વખાણાયો હતો અને પરિણીતી નસીબદાર એટલી હતી કે તેની બધી જ ફિલ્મો બોક્સઓફિસ ગજાવતી હતી. આમ એક પછી એક સુપરહિટ ફિલ્મો આપ્યાં પછી તેણે પહેલીવાર યશરાજ બેનર બહારની ફિલ્મ કરી. આ ફિલ્મ ધર્મા પ્રોડક્શનની ‘હંસી તો ફંસી’ હતી. આ ફિલ્મમાં તેની સાથે સિદ્ધાર્થ મલ્હોત્રા હતો અને એ ફિલ્મે પણ બોક્સઓફિસ ગજાવી હતી.

યશરાજ ફિલ્મ્સમાં કામ કર્યા પછી અને એક પછી એક સફળ ફિલ્મો આપ્યા પછી પણ પરિણીતી ચોપરા એક સમયે એક જ ફિલ્મમાં કામ કરવામાં માને છે. જોકે ૨૦૧૧થી શરૂ થયેલી કારકિર્દીમાં પરિણીતીએ ૨૦૧૪માં એટલે કે ત્રણ વર્ષ પછી જ બે વર્ષનો ‘બ્રેક’ લીધો હતો. એથી ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન તેની એક પણ ફિલ્મ રિલીઝ થઈ નહોતી. હા, આ ગાળામાં તેણે બે-ત્રણ ફિલ્મોમાં મહેમાન કલાકાર જેવી ભૂમિકા જરૂર કરી હતી.

પરિણીતીએ ગંભીર ભૂમિકાઓની સાથે જ કેટલીક કોમેડી ફિલ્મોમાં પણ અભિનય કર્યો છે. તેમાં ૨૦૧૭માં ‘ગોલમાલ અગેઈન’નો સમાવેશ થાય છે. ૨૦૨૧માં તેની ‘સંદીપ ઔર પિન્કી ફરાર’ નામની બ્લેક કોમેડી ફિલ્મ આવી હતી. તેમાં તેની ભૂમિકા ખૂબ જ વખણાઈ હતી. અભિનય કારકિર્દી દરમિયાન તેણે પોતાની કેટલીક ફિલ્મોમાં ગીત પણ ગાયા છે. તેમાં સૌથી ઉલ્લેખનીય ‘કેસરી’ ફિલ્મનું ‘તેરી મિટ્ટી મેં મિલ જાંવા’નો સમાવેશ થાય છે. કારકિર્દીની શરૂઆતમાં તેનું નામ દિગ્દર્શક મનીષ શર્મા સાથે સંકળાયેલું હતું. ત્યારબાદ સંસદસભ્ય અને રાજકારણી રાઘવ ચઢ્ઢા સાથે તેનું નામ ગાજયું. પણ પરિણીતીએ ક્યારેય પોતાના સંબંધ વિશે કશું જાહેરમાં કહ્યું નહોતું.

રાઘવ ચઢ્ઢા સાથે બે વર્ષના સંબંધ બાદ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩નાં રાજસ્થાનના ઉદયપુરમાં આવેલી ‘ધ લીલા પેલેસ’માં તે પારંપરિક હિન્દુ વિધી સાથે પરણી ગઈ. ૧૯ ઓક્ટોબર ૨૦૨૫નાં તેણે નીર નામનાં પુત્રને જન્મ આપ્યો છે. પુત્રના જન્મ પછી તેણે ફિલ્મોથી દૂર રહેવાનું પસંદ કર્યું છે.

હવે ૨૪ સપ્ટેમ્બરથી ‘નેટફ્લિક્સ’ તેની સાત એપિસોડવાળી સિરીઝ ‘શકઃ ટ્રસ્ટ નો વન’ શરૂ થઈ છે. તેમાં તેની સાથે જેનિફર વિન્ગેટ, સોની રાઝદાન, અનુપ સોની, તાહિર રાજ ભસીન જેવાં કલાકારો છે. આ થ્રિલર સિરીઝમાં પણ પરિણીતીના અભિનયના વખાણ થઈ રહ્યાં છે. આ તેની પહેલી જ વેબ-સિરીઝ છે, પણ એ અગાઉ તે ટીવી પર અનેક કાર્યક્રમોમાં ભાગ લઈ ચૂકી છે.

---

**OTTનું હોટસ્પોટ**

અત્યારે ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે એક દિવસની (પચાસ ઓવરની) મેચની સિરીઝ ચાલી રહી છે. તેમાં ‘રોકો’ને જોવા માટે લોકોએ ફરી સ્ટેડિયમ છલકાવી દીધાં છે. ‘રોકો’ એટલે રોહિત શર્મા અને વિરાટ કોહલી. આ બન્ને બેટ્સમેનો હવે વધુ વખત ક્રિકેટ મેદાન પર દેખાય એવી શક્યતા ઓછી છે. રોહિત શર્માએ તો તેની નવી ઇનિંગ પણ શરૂ કરી દીધી છે. સોની ટીવી અને સોની લિવ પર દર શનિ અને રવિવારે ‘ફેમિલી ફુલ હાઉસ’ નામના કાર્યક્રમમાં તેનાં સંચાલનના વખાણ થઈ રહ્યાં છે.

આવો આપણે આવતા અઠવાડિયે ઓટીટી પર રજૂ થનારા કાર્યક્રમો વિશે જાણીએ.

## ત્રણ ઓક્ટોબરથી નવ ઓક્ટોબર સુધી શું જોશો?

* **નેટફ્લિક્સ :** અહીં બીજી ઓક્ટોબરે ‘શૂમાકરઃ ધ બર્થ ઓફ લિજેન્ડ’ નામની ડોક્યુમેન્ટરી રજૂ થશે, જે જાણીતા રેસર શૂમાકરના જીવન પર આધારિત છે. બીજી ઓક્ટોબરે જ ‘હેશટેગ લવ’ નામની તમિળ રોમાન્ટિક કોમેડી ફિલ્મ પણ રજૂ થશે. અહીં ચોથી ઓક્ટોબરે ‘આફ્ટર ધ ક્વેક’ નામની ધરતીકંપ પર બનેલી સિરીઝ જોવા મળશે. તે અગાઉ પહેલી ઓક્ટોબરે અહીં ‘ઓહ માય ડોગ’ નામની ફિલ્મ જોઈ શકાશે. એનાં મુખ્ય કલાકારો પંકજ ત્રિપાઠી, રાજેશ કુમાર, પવન મલ્હોત્રા અને વિજય મિશ્રા છે.અહીં પાંચ ઓક્ટોબરે એડવેન્ચર મૂવી ‘સૂપર બૂમી’, સાત ઓક્ટોબરે ‘આઇ એમ સોલો’, આઠ ઓક્ટોબરે સસ્પેન્સ ડ્રામા ‘બિલો’, નવ ઓક્ટોબરે ‘ટેક ચાર્જ ઓફ માય હાર્ટ’ અને ‘એનિમલ્સ’ નામની સિરીઝ અને ફિલ્મો જોવા મળશે.

* **એમેઝોન પ્રાઈમઃ** અહીં પહેલી ઓક્ટોબરે ‘દુપહિયા’ની બીજી સીઝનની શરૂઆત થશે. જેનાં મુખ્ય ગજરાજ રાવ, રેણુકા શહાણે અને સ્પર્શ શ્રીવાસ્તવ છે.

* **ઝી ફાઇવઃ** અહીં બીજી ઓક્ટોબરથી ‘પૂજા મેરી જાન’ ફિલ્મનું પ્રસારણ શરૂ થશે. આ ફિલ્મમાં મૃણાલ ઠાકુર, હુમા કુરૈશી, વિક્રમ સિંહ ચૌહાણ અને વિજય રાજની મુખ્ય ભૂમિકા છે. ■

---

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## દિવાળી પહેલાં જ અથશ્રી રામકથા!



રણબીર કપૂર-સાઈ પલ્લવી

બોલિવૂડની ગલીઓમાં આજકાલ જો કોઈ વાતની સૌથી વધુ ચર્ચા હોય તો તે છે નિતેશ તિવારીની મહત્ત્વાકાંક્ષી ફિલ્મ ‘રામાયણ’. હવે અંદરની ખબર એવી આવી છે કે આ ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ એક એવો માસ્ટરસ્ટ્રોક માર્યો છે, જેનાથી આખું બોક્સઓફિસ હચમચી જશે. અગાઉ એવી વાતો ચાલતી હતી કે ફિલ્મ વિદેશમાં ૬ નવેમ્બરે અને ભારતમાં ૮ નવેમ્બરે રજૂ થશે, પરંતુ હવે ગરમાગરમ ગોસીપ એ છે કે મેકર્સે પ્લાન બદલી નાખ્યો છે. નવા પ્લાન મુજબ, રણબીર કપૂર અને સાઈ પલ્લવી સ્ટારર આ મેગા બજેટ ફિલ્મ પાંચ નવેમ્બર, ગુરુવારના રોજ ભારત સહિત સમગ્ર વિશ્વમાં એકસાથે રિલીઝ થવા જઈ રહી છે. સામાન્ય રીતે બોલિવૂડમાં વર્ષ ૨૦૧૪ પછી એવો અલિખિત નિયમ બની ગયો છે કે દીવાળીના મોટા ધડાકા ધનતેરસના બીજા દિવસે જ થાય, કારણ કે પૂજા-તહેવારના દિવસે પબ્લિક થિયેટર સુધી ઓછી પહોંચે છે.

જોકે આપણા ‘રામાયણ’વાળા ભાઈઓ તો પરંપરા તોડવાના મૂડમાં છે. દિવાળીના ત્રણ દિવસ પહેલાં જ સિનેમાઘરોમાં ધામા નાખીને તે એક્સટેન્ડેડ ફર્સ્ટ વીકનો ભરપૂર ફાયદો ઉઠાવવા માગે છે. રણબીર (ભગવાન રામ), સાઈ પલ્લવી (માતા સીતા), યશ (રાવણ) અને સની દેઓલ (હનુમાનજી)ની જોરદાર સ્ટારકાસ્ટ જોતાં નિર્માતાઓને પોતાના કન્ટેન્ટ પર જબરદસ્ત ભરોસો હોય તેવું સ્પષ્ટ લાગે છે. હવે જોવાનું એ રહેશે કે પાંચ નવેમ્બરનો આ જોખમી દાવ બોક્સઓફિસ પર કેટલો મોટો ઈતિહાસ રચે છે!

## ગૂંગળામણ... અકળામણ

બોલિવૂડમાં આજકાલ ફિલ્મો કરતાં ફિલ્મોનાં પોસ્ટરો પર ધુમાડા વધુ ઊડતા જોવા મળે છે! ડિરેક્ટર સંજય ગુપ્તાએ સોશ્યલ મીડિયા પર આ મુદ્દે સીધો જ મોરચો માંડ્યો છે. તેમણે X (ટ્વિટર) પર એક કોલાજ શેર કર્યો, જેમાં ‘એનિમલ’માં રણબીર કપૂર, ‘ધુરંધર’માં રણવીર સિંહ અને ‘લવ ઍન્ડ વૉર’માં વિકી કૌશલ ત્રણેય ટોચના હીરો મોંમાં સિગારેટ દાબીને એકદમ ટશન મારતા દેખાય છે. આ ત્રણેય ધુરંધરોના સિગારેટવાળા લૂક જોઈને સંજય ગુપ્તાથી રહેવાયું નહીં. તેમણે બળાપો કાઢતાં પૂછ્યું કે, ‘જો ફિલ્મોના પોસ્ટરો જ આવા બનાવતા હોઈએ, તો પછી થિયેટરોમાં પિક્ચર શરૂ થાય તે પહેલાં અને ઇન્ટરવલમાં લોકોને પેલા દર્દનાક એન્ટી-સ્મોકિંગ વીડિયો સહન કરાવવાનો અર્થ શું છે?’ વાત તો સાચી છે ભાઈ, એક તરફ સરકાર કેન્સરની ચેતવણીઓ બતાવે અને બીજી તરફ આપણા સ્ટાર્સ ધુમાડાના ગોટા ઉડાડીને ‘સ્વેગ’ બતાવે!

હવે સોશ્યલ મીડિયા હોય એટલે વિવાદ વગર વાત પૂરી કેમ થાય? એક યુઝરે ગુપ્તાજીને તેમની જૂની હિટ ફિલ્મ ‘કાંટે’ અને તેનું ‘રામા રે’ ગીત યાદ કરાવી દીધું, જેમાં બધા સ્ટાર્સ ધુમ્રપાન કરતા હતા. જોકે ગુપ્તાજી પણ કાચા ખેલાડી નથી, તેમણે વળતો ટોણો મારતાં લખી દીધું કે, ‘ભાઈ જીનિયસ, તે સમયે આવી નો-સ્મોકિંગ જાહેરાતો નહોતી આવતી!’ પણ સંજયભાઈ, એન્ટી સ્મોકિંગની જાહેરાત ન આવતી હોય એટલે આપખુદ થઈને મોરાલિટી નૈતિકતાને સાવ માળીએ ચઢાવી દેવાની?!

## દશ્યમ- બીજી ઑક્ટોબર ને પાંઉભાજી



૨ ઑક્ટોબર અને પાંઉભાજીનો સંબંધ એટલે બોલિવૂડનો સૌથી મોટો પાકો પુરાવો! અજય દેવગનની ‘દશ્યમ’ સિરીઝમાં વિજય સળગાંવકર અને તેનો પરિવાર આ દિવસે પણજી ગયા હતા, ચિન્મયાનંદ સ્વામીજીનો સત્સંગ સાંભળ્યો હતો અને પેટ ભરીને પાંઉભાજી ખાધી હતી. આ ડાયલોગ આજે આખા દેશના મીમર્સનો ઓલ-ટાઇમ ફેવરિટ બની ચૂક્યો છે. હવે જ્યારે ‘દશ્યમઃ ધ કન્ક્લુઝન’ (દશ્યમ ૩) આજે સિનેમાઘરોમાં ધૂમ મચાવવા આવી રહી છે ત્યારે પીવીઆર આઈનોક્સ (PVR INOX)વાળા પણ આ મજેદાર સ્વાદની વહેતી ગંગામાં હાથ ધોવા મેદાનમાં ઊતરી પડ્યા છે!

થિયેટર ચેઇને દર્શકો માટે એક અત્યંત મોંમાં પાણી લાવી દે તેવી મસાલેદાર ઓફર જાહેર કરી છે. ઓફર એવી છે કે જો તમે આ ફિલ્મી રહસ્ય ઉકેલવા માટે ‘દશ્યમઃ ધ કન્ક્લુઝન’ની ચાર ટિકિટ ખરીદશો, તો તમને એક પ્લેટ ગરમાગરમ પાંઉભાજી સાવ મફત! અલબત્ત, કંપનીએ અમુક શરતો લાગુ રાખીને આ સ્કીમ અમુક પસંદગીના થિયેટરો પૂરતી જ મર્યાદિત રાખી છે.

ડિરેક્ટર અભિષેક પાઠકને જ્યારે પ્રમોશન માટે કોઈ જાણીતી પાંઉભાજી બ્રાન્ડ સાથે પાર્ટનરશિપની કોઈ સંભાવના ખરી કે નહીં તે વિશે પૂછવામાં આવ્યું ત્યારે તે પણ ખડખડાટ હસી પડીને ઉમેર્યું કે માર્કેટિંગ ટીમ આવા નુસખા શોધતી રહે છે, પણ અસલી મજા તો એ છે કે લોકો ૨ ઑક્ટોબરે ફિલ્મ જુએ અને પછી શાંતિથી પાંઉભાજી ઝાપટે! ખરેખર, સિનેમા હોલમાં ક્રાઈમ થ્રિલરની સસ્પેન્સ સાથે માખણવાળી પાંઉભાજીની સુગંધ ભળે તો દર્શકોની મજા બમણી થઈ જાય તેમાં કોઈ શંકા નથી!

પણ એક વાત વિચારવા જેવી ખરી, ચાર જણા વચ્ચે એક પાંઉભાજી? અને કોઈને એક્સ્ટ્રા પાંઉ જોઈતું હોય તો શું? અને જેમણે આ ઓફરનો લાભ નથી લીધો એમને પાંઉભાજીની સોડમથી થનારી લાગનારી ભૂખનું શું?

યે તો સમસ્યા હૈ રે બાબા... ■

**કટ એન્ડ ઓકે...**

***વિમલ ઈલાઈચી મુદ્દે શાહરુખ, અજય અને ટાઈગરે જવાબ આપી દીધા છે અને બે હિયરીંગ પણ થઇ ચૂક્યા છે. મહારાષ્ટ્ર ફૂડ ઍન્ડ ડ્રગ્સ કમિશ્નર તુકારામ મુંઢે તરફથી લેટેસ્ટ સમાચાર...***

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# પૅન ઈન્ડિયા કે પૅન ઈન્ડસ્ટ્રી?

## એક ભાષાથી આગળ વધીને આખા દેશને ટાર્ગેટ કરતી ફિલ્મ્સની રણનીતિ વિશે જાણવા જેવું છે

સલમાન ખાનની આગામી ફિલ્મ ‘મોન્સ્ટર’ની જાહેરાત થઈ. રસપ્રદ વાત એ છે કે મોટા ભાગના સમાચારોમાં તેને માત્ર સલમાન ખાનની નવી ફિલ્મ તરીકે નહીં, પરંતુ ‘પૅન ઇન્ડિયા ફિલ્મ’ તરીકે રજૂ કરવામાં આવી. ફિલ્મની વાર્તા શું છે અથવા ફિલ્મમાં બીજા કોણ કોણ છે તેની ચર્ચા શરૂ થાય એ પહેલાં જ એક શબ્દ સતત સાંભળવા મળ્યો: ‘પૅન ઇન્ડિયા.’






આજે ફિલ્મ્સની જાહેરાતો જોવામાં આવે તો ઘણીવાર એવું લાગે છે કે ફિલ્મનું નામ આવે એ પહેલાં ‘પૅન ઇન્ડિયા’ શબ્દ આવી જાય છે.

આ જ વાત એક રસપ્રદ સવાલ ઊભો કરે છે. આખરે ભારતીય સિનેમા આ ‘પૅન ઇન્ડિયા’ શબ્દ પાછળ આટલું ગાંડું કેમ થયું છે? અને સૌથી મહત્ત્વનો સવાલ એ કે ફિલ્મ પૅન ઇન્ડિયા હોવાથી મોટી બને છે કે ખરેખર મોટી ફિલ્મ બની જાય પછી તેને પૅન ઇન્ડિયા કહેવામાં આવે છે?









અહીં મજાની વાત એ છે કે ભારતીય સિનેમા ભાષાની સીમાઓ લાંઘીને મુસાફરી કરતું આવ્યું છે. ‘પૅન ઇન્ડિયા’ શબ્દ ફેશન બન્યો એના ઘણાં વર્ષો પહેલાં ફિલ્મ્સ રાજ્ય, ભાષા અને પ્રદેશની સરહદો પાર કરી રહી હતી. રાજ કપૂર માત્ર હિન્દી પટ્ટાના સ્ટાર નહોતા. તેમના ચાહકો દેશની બહાર સુધી હતા. અમિતાભ બચ્ચનની ફિલ્મ્સ ભારતના વિવિધ વિસ્તારોમાં જોવામાં આવતી હતી. મણિરત્નમની ‘રોજા’ અને ‘બોમ્બે’ દક્ષિણમાં બની હોવા છતાં સમગ્ર દેશમાં ચર્ચાઈ હતી. કમલ હાસનની ‘ઇન્ડિયન’, એસ. શંકરની ‘એન્થિરન’ (રોબોટ) જેવી ફિલ્મ્સે પણ ભાષાથી ઉપર જઈને દર્શકો મેળવ્યા હતા. એ વખતે લોકો દર બીજા દિવસે પૅન ઇન્ડિયા શબ્દનો ઉપયોગ નહોતા કરતા, છતાં ફિલ્મ્સ આખા દેશમાં પહોંચી રહી હતી.

હકીકતમાં સેટેલાઇટ ટીવીના જમાનાથી જ આ પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. તેલુગુ અને તમિલ ફિલ્મ્સના ડબ વર્ઝન ઉત્તર ભારતમાં જોવામાં આવતા હતા. હિન્દી ફિલ્મ્સ દક્ષિણમાં લોકપ્રિય હતી. મલયાલમ સિનેમાએ પણ ધીમે ધીમે પોતાનો અલગ દર્શકવર્ગ બનાવી લીધો હતો. એટલે સારું સિનેમા ભાષાની સીમા તોડે છે એ કોઈ નવી વાત નહોતી. દર્શકોએ અચાનક સબટાઇટલ્સ વાંચવાનું શીખી લીધું એવું પણ નથી.

પણ પછી આવી ‘બાહુબલી’. એસ.એસ. રાજામૌલીની ‘બાહુબલીઃ ધ બિગિનિંગ’ અને પછી ‘બાહુબલી ૨’એ વિચારસરણી બદલી નાખી. આ માત્ર એક તેલુગુ ફિલ્મ નહોતી રહી. આ સમગ્ર દેશની ઘટના બની ગઈ. ફિલ્મે સાબિત કર્યું કે ભાષા ગમે તે હોય, જો વાર્તા, સ્કેલ અને ઇમોશન કામ કરે તો આખો દેશ ટિકિટ ખરીદી શકે છે. અને કદાચ એ જ ક્ષણથી ‘પૅન ઇન્ડિયા’ શબ્દ માર્કેટિંગનું હથિયાર બની ગયો.

એ પછી ‘કેજીએફ’ આવી. પછી ‘પુષ્પા’. પછી ‘કાંતારા’. પછી ‘કલ્કિ ૨૮૯૮ એડી’. દરેક સફળતાએ ફિલ્મ ઇન્ડસ્ટ્રીને એક જ પાઠ શીખવ્યો કે હવે ફિલ્મને માત્ર એક રાજ્ય માટે નહીં, આખા દેશ માટે વેચી શકાય છે. હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીએ પણ આ દિશામાં પગલાં લીધાં. ‘જવાન’ જેવી ફિલ્મમાં દક્ષિણના ડિરેક્ટર એટલી, હિન્દી સુપરસ્ટાર શાહરુખ ખાન અને દેશવ્યાપી માર્કેટિંગ એકસાથે જોવા મળ્યાં. ધીમે ધીમે એવું બન્યું કે ફિલ્મને એક્શન, ડ્રામા કે થ્રિલર કહેવાને બદલે પૅનઇન્ડિયા કહેવાનું વધુ મહત્ત્વનું બની ગયું.

સાચુ પૂછો તો ખરેખર પૅન ઇન્ડિયા ફિલ્મ કહેવાય કોને? માત્ર પાંચ ભાષામાં ડબ કરી દેવી પૂરતી છે? કદાચ નહીં. પૅન ઇન્ડિયા ફિલ્મમાં સામાન્ય રીતે કેટલાંક તત્ત્વો જોવા મળે છે. એક તો ફિલ્મને શરૂઆતથી જ વિવિધ ભાષાના દર્શકોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. તેનું રિલીઝ મૉડેલ દેશવ્યાપી હોય છે. પ્રમોશન એકથી વધુ રાજ્યોમાં થાય છે. ઘણી વખત કાસ્ટિંગ પણ એવી રીતે થાય છે કે અલગ અલગ ભાષાના લોકપ્રિય ચહેરાઓ એક ફિલ્મમાં સાથે જોડાય. ‘૨.૦’માં રજનીકાંત સાથે અક્ષય કુમાર, ‘આરઆરઆર’માં રામચરણ અને જુનિયર એનટીઆર સાથે અજય દેવગણ અને આલિયા ભટ્ટ, ‘આદિપુરુષ’માં પ્રભાસ સાથે સૈફ અલી ખાન અને ક્રિતી સેનન, ‘કલ્કિ ૨૮૯૮ એડી’માં પ્રભાસ સાથે અમિતાભ બચ્ચન, કમલ હાસન અને દીપિકા પાદુકોણ, આ બધું માત્ર કાસ્ટિંગ નથી, પણ અલગ અલગ દર્શકવર્ગને જોડવાનો પ્રયાસ પણ છે. એ સિવાય વાર્તા પણ ઘણીવાર એવી પસંદ કરવામાં આવે છે જે ભાષા કરતાં ભાવનાઓ, હીરોવાદ, પૌરાણિકતા, એક્શન અથવા ભવ્યતાના આધારે સમગ્ર દેશમાં જોડાણ બનાવી શકે.

ટેક્નોલોજીએ પણ આ પરિવર્તનને વેગ આપ્યો છે. પહેલાં ડબ વર્ઝન ઘણીવાર સેકન્ડરી લાગતા હતા. આજે ડબિંગની ગુણવત્તા સુધરી છે. સબટાઇટલ્સ સ્વીકારવામાં આવે છે. ઓટીટી પ્લેટફોર્મ્સે દર્શકોને ભાષાની બહાર જવાની ટેવ પાડી છે. આજે ગુજરાતનો એક યુવાન એક જ અઠવાડિયામાં મલયાલમ થ્રિલર, તમિલ એક્શન ફિલ્મ, કોરિયન ડ્રામા અને સ્પેનિશ સિરીઝ જોઈ શકે છે. આવી દુનિયામાં ભાષાની દીવાલો પહેલાથી ઘણી નાની થઈ ગઈ છે.

આમ છતાં પૅન ઇન્ડિયા લેબલ હંમેશાં સફળતા અપાવે એવું નથી. ‘બાહુબલી’ અને ‘કેજીએફ’ જેવી સફળતાઓ છે તો ‘સાહો’, ‘રાધે શ્યામ’, ‘આદિપુરુષ’ જેવી એવી ફિલ્મ્સ પણ છે જેની પૅન ઇન્ડિયા મહત્ત્વાકાંક્ષા તેની સફળતા જેટલી મોટી બની શકી નહોતી. બીજી તરફ ‘કાંતારા’ જેવી ફિલ્મે સાબિત કર્યું કે વાર્તા મજબૂત હોય તો પ્રમાણમાં નાની ફિલ્મ પણ દેશવ્યાપી ચર્ચાનો વિષય બની શકે છે. દર્શક ટિકિટ એટલા માટે નથી ખરીદતા કે પોસ્ટર પર ‘પૅન ઇન્ડિયા’ લખ્યું છે. દર્શક ટિકિટ ત્યારે ખરીદે છે જ્યારે ફિલ્મમાં તેમને કંઈક જોવાનું હોય! ■

**લાસ્ટ શોટ**

*બજેટ વધતાં ફિલ્મ્સ માટે વધુ દર્શકો જરૂરી બન્યાં છે એટલે ‘પાન ઇન્ડિયા’ હવે સર્જનાત્મક વિચાર સાથે બિઝનેસ સ્ટ્રેટેજી પણ છે.*

---

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (૨૧૧)

### આ ફિલ્મમાં લગ્ન કઈ વિધિથી કરવામાં આવે છે?



૧) વિકી ડોનર
૨) હમ દિલ દેં ચુકે સનમ
૩) ઈંગ્લીશ વિંગ્લીશ
૪) બેન્ડ બાજા બારાત
૫) ટૂ સ્ટેટ્સ
૬) અમર અકબર એન્થોની
૭) નિકાહ

## ક્વિઝ (૨૧૨)

### આ ગીતો કઈ ફિલ્મના છે?

૧) ઓ મેહંદી રંગ લાયી આજ લાડી તેરી સગાઇ ઓ મેહંદી
૨) મેહંદી હૈ રચને વાલી હાથો મેં ગેહરી લાલી કહે સખીયા
૩) મેહંદી લગા કે રખના ડોલી સજા કે રખના લેને તુજે ઓ ગોરી
૪) હાથો મેં મેરે ભી મેહંદી લગાઓ જલ્દી સે જાઓ મેરા દુલ્હા લેકે આઓ
૫) હાથો મેં હાથો મેં લિખ કે મેહંદી સે સજના કા નામ
૬) મહેંદી લગાને કિ રાત આ ગઈ મિલને મિલાને કિ રાત આ ગઈ
૭) મહેંદી હા હા મેંહદી તૂટ કે ડાલી સે હાથો પે બિખર જાતી હૈ મહેંદી

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

---

ફિલ્મનામા
નરેશ શાહ

# દાયરાઃ સહી-ગલત વચ્ચે દ્વંદ્વનો ઊહાપોહ!

વરસોની તપસ્યા પછી કોર્ટમાંથી ન્યાય મેળવો કે પછી તરત દાન, મહા પુણ્યની જેમ ન્યાય કરી દેવો?

દરેક સિક્કાની બે બાજુ હોય છે અને સચ્ચાઈ એક એવો સિક્કો છે, જેની દરેક બાજુ સાચી પણ હોય છે...




અર્થપૂર્ણ અને સામાજિક નિસ્બત સાથેની ફિલ્મો બનાવવા માટે જાણીતા અને કાબેલ દિગ્દર્શક મેઘના ગુલઝારની તાજાતરીન ફિલ્મ ‘દાયરા’ આ સત્ય નીચે ઘેરી લાઈન દોરી આપે છે. ઓફિસેથી ઘરે આવીને ફરી નાનાભાઈના રિપેરિંગમાં આવેલાં ચશ્માં લેવા નીકળેલી પ્રગતિ મિશ્રા નામની યુવતી ઘરે પાછી ફરતી જ નથી. બીજા દિવસે તેની બળેલી લાશ અવાવરૂ જગ્યાએથી મળે છે. સ્વાભાવિક છે કે આ ઘટનાથી આખા હૈદરાબાદમાં ખળભળાટ મચી જાય છે. શક્ય એટલા વહેલાં પ્રગતિ મિશ્રા સાથે આવું ક્રૂર કૃત્ય કરનારને ઝડપવા માટે આખો કેસ ડીએસપી રમનકુમારને સોંપવામાં આવે છે અને...

કામઢા અને નિષ્ઠાવાન ડીએસપી તાબડતોબ પોતાની ટીમને જુદા જુદા પાસાંઓને સોંપીને ઈન્વેસ્ટિગેશન શરૂ કરાવે છે અને આરોપીઓને (ટીવી ન્યૂઝની ભાષામાં કહીએ તો) દબોચી લે છે. જોકે આરોપીઓ પાસેથી વિગતો જાણવા માટે તેમને ઘટનાસ્થળે લઈ જવામાં આવે છે પણ તે બધા નાસી જવાનો પ્રયાસ કરતાં પોલીસ ટીમ સ્વબચાવમાં તમામનું એન્કાઉન્ટર કરી નાખે છે.

બેશક, પોલીસની ઝડપ, કૂનેહને કારણે બળાત્કારીઓ ઝડપાઈ ગયા તેની ઉજવણી આખું શહેર કરી રહ્યું છે.

– અને ‘દાયરા’ ફિલ્મનો આરંભ આ ઉજવણીઓથી થાય છે ત્યારે દર્શકને ખબર હોતી નથી કે આ સેલિબ્રેશન શેનું ચાલી રહ્યું છે. જુલિયો રિબેરો, ખૈરનાર, જગદીશન કે. મૂંડેની જેમ એક પોલીસ અધિકારીની કાર્યવાહીથી પ્રસન્ન જનતા જનાર્દનનો ઉન્માદ સમજાય ત્યાં જ દર્શકો સમક્ષ સ્પષ્ટ થાય છે કે જનતાએ હિરો બનાવેલાં પોલીસ અધિકારી (એ અને તેની ટીમે કરેલાં એન્કાઉન્ટર સામે) સ્પેશિયલ ઈન્વેસ્ટિગેટિવ ટીમની રચના કરવામાં આવી છે. તેની હેડ ડીસીપી અજુની કોહલી (કરિના કપૂર) છે. એ હવે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરશે.

એકદમ રસપ્રદ રીતે શરૂ થતી મેઘના ગુલઝારની ‘દાયરા’ તમને અંત સુધી જકડી રાખે છે અને તેમાં મેઘના ગુલઝાર સહિતના બે લેખકો યશ કેશવાની અને સીમા અગ્રવાલની કાબેલિયત છે. અંગત રીતે માનવું છે કે ‘દાયરા’ ફિલ્મની આખી ઈમારતનો એક ડાયલોગ જ મજબૂત પાયો બનેલો છે. આરોપીને ઝડપી લીધાનો દિલાસો આપતાં ડીએસપી રમનકુમાર (સુકુમાર પૃથ્વીરાજ) પરિવારને કહે છે કે, ‘તમામ ગુનેગારો ઝડપાઈ ગયા છે. તેમની ગેમ ઓવર થઈ ગઈ છે!’

‘ખતમ નહીં, અબ તો શરૂ હુઆ હૈ!’ પીડિતા પ્રગતિ મિશ્રાની માતા જવાબ આપે છેઃ ‘હવે કોર્ટમાં મુદતો પડશે. મહિનાઓ અને પછી વરસો વીતશે ત્યાર પછી કદાચ, ન્યાય મળવો હશે તો મળશે!’

આ સંવાદ આપણી આખી સિસ્ટમ પર પ્રકાશ ફેંકે છે અને ‘દાયરા’ ફિલ્મની થીમ જ આ છે. ક્રૂર ગુનેગારોને અદાલતમાં તોળાતાં ન્યાય માટે વરસો સુધી રાહ જોવી કે પછી ગુનેગારોને તરત સજા કરીને (ગેરકાયદા તરીકાથી) ન્યાય કરી નાખીને વિકટિમને રાહત આપવી!

‘દાયરા’ ફિલ્મની સ્ક્રિપ્ટ અને એડિટિંગ એટલું સરસ છે કે દર્શક તરીકે આપણે એન્કાઉન્ટરની ખરાઈ તપાસી રહેલી કરિના કપૂરને જોઈએ ત્યારે ‘ફેક એન્કાઉન્ટર’ કરનારાને સજા કરવી જ જોઈએ, એવા ભાવ જાગે, પણ પીડિતાની માતા, નાના ભાઈને જોઈએ ત્યારે થાય કે ‘ફેક એન્કાઉન્ટર’ કરવામાં પણ કશું ખોટું નથી. ફિલ્મમાં ખરેખર શું થાય છે, એ અહીં લખવાનો અર્થ નથી પણ ‘દાયરા’ ફિલ્મ સહી-ગલતના દ્વંદ્વનો આપણી અંદર ઊહાપોહ સર્જી જાય એટલી સચોટ તેમજ નક્કર બની છે.

પોલીસ અધિકારી બનતાં સુકુમાર પૃથ્વીરાજ અને કરિના કપૂર પોતાના પાત્રને મજબૂતીથી રજૂ કરે છે તો પોલીસ ખાતાનાં બીજા પાત્રોનો અભિનય પણ મજબૂત છે. ઓવરઓલ, ‘દાયરા’ ફિલ્મ ‘સો કરોડી’ કલબમાં જવાના ચાન્સ નથી, કારણ કે આપણે એટલાં મેચ્યોર્ડ નથી. આપણને ‘લાલો’ અને ‘હનુમાન અંશ’ આકર્ષે છે પણ વિચારોના તરંગો સર્જે તેનાથી દૂર રહીએ છીએ. ખેર, થિયેટરમાં ચૂકી જાવ તો ઓટીટી પર ‘દાયરા’ જોવાનું ચૂકશો નહીં. ■

---

ફોકસ
મનોજ પ્રકાશ

# નાગ ને નાગિને પ્રેક્ષકોને ખૂબ નચાવ્યા...

માયાનગરીમાં નાગિનના ચાહકો તેના ડરથી થરથર ધ્રૂજે પણ છે અને તેના મોહપાશમાં ફસાઈને તેની પાછળ દોડતા પણ રહે છે. જો નાગિન ફિલ્મોમાં નથી આવી રહી, તો તેને સિરિયલ્સમાં ટ્રેન્ડમાં રાખવામાં આવશે. નાગિનને જોઈને સામાન્ય માણસ તો શું, સપેરાઓના પણ હોશ ઊડી જાય છે, પરંતુ જ્યારે તે પોતાના પ્રેમી સાથે પોતાનો રંગીન મિજાજ વિખેરે છે ત્યારે ડર પણ તેને જોતો જ રહી જાય છે. તેના નૃત્ય અને મસ્ત રૂપને જોઈને દર્શકો અને નિર્માતા-નિર્દેશકો તડપે છે. તક મળતાં જ બંને ગાવા લાગે છે – ‘તેરે સંગ પ્યાર મેં નહીં છોડના’ અથવા ‘મિલે મન સે યે મન, મિલે તન સે તન...’

નાગ-નાગિન ભારતીય ફિલ્મ ઉદ્યોગની જાન રહ્યાં છે. દરેક યુગમાં તેઓ પોતાની યુએસપી જાળવી રાખે છે. પછી ભલે તે રાજેશ ખન્નાનો રોમેન્ટિક યુગ હોય કે અમિતાભ બચ્ચનનો એન્ગ્રી યંગ મૅનનો અવતાર અને ભલે તે જિતેન્દ્ર, વિનોદ ખન્ના, શશી કપૂર કે ફિરોઝ ખાન જેવા કલાકારોનો સમય રહ્યો હોય. ભાગ્યે જ એવો કોઈ હીરો હશે જેણે નાગ બનવાનો પ્રયત્ન નહીં કર્યો હોય. રહી વાત હીરોઇનોની, તો મીનાક્ષી શેષાદ્રી હોય કે શ્રીદેવી, રીના રૉય, રેખા, વૈજયંતી માલા, મંદાકિની કે મનીષા કોઇરાલા જેવી હીરોઇનોએ પણ આવું જ કર્યું. તક મળતાં જ સપેરાને ડંખ મારવાનો પ્રયાસ કરતા અથવા તો કોઈ ભૂતિયા મહેલ જેવા કિલ્લામાં પોતાના ફૂંફાડાથી સિનેમા હૉલમાં બેઠેલા દર્શકોને ખૂબ ડરાવતાં.




‘નાગિન’ ટાઇટલ પરથી બનેલી ફિલ્મો અને નાગ-નાગિન વિષય પર આધારિત તમામ ફિલ્મોમાં ‘નાગિન’ નામની ફિલ્મો સૌથી વધુ ચર્ચામાં રહી અને સુપરહિટ સાબિત થઈ. આ નામથી બે અલગ-અલગ ફિલ્મો બની અને બંને બૉક્સ ઑફિસ પર હિટ રહી. આ ફિલ્મોનાં ગીતો તો જાણે સપેરાઓની બીન માટે ‘નૅશનલ ઍન્થમ’ જેવા લોકપ્રિય બની ગયાં! માત્ર ગીતો જ નહીં, પણ તે સમયની ફૅશન પણ ગજબની હતી. ‘નાગિન’માં હીરોઇનની સફેદ સાડી અને તેનાં કપડાંનો જાદુ એવો ચાલ્યો કે દરેક ફિલ્મમાં એકાદ સીન તો સફેદ કપડાંમાં હોવો જ જોઈએ એવું મનાતું હતું.

જિતેન્દ્ર અને રીના રૉયનું ગીત ‘તેરે સંગ પ્યાર મેં નહીં છોડના’ જે સ્ટાઇલમાં શૂટ થયું હતું તે સ્ટાઇલ જબરદસ્ત હિટ થઈ ગઈ. તે જ અંદાજમાં એકબીજાને વળગવું અને ઝપટવું, તે જ રીતે પાણીમાં પલળવું અને એવી જ રીતે અચાનક પ્રગટ થવું અને ગાયબ થઈ જવું. અહીં સુધી કે ઘણીવાર તો જો ધ્યાનથી ન જુઓ તો છેતરાઈ જવું નક્કી છે.

રીના રૉય અને જિતેન્દ્રની ફિલ્મ ‘નાગિન’, ‘શોલે’ની જેમ જ મલ્ટી-સ્ટારર હતી. જેમાં ૧૧ દિગ્ગજ કલાકારો હતા. રેખા, સુનીલ દત્ત, ફિરોઝ ખાન, સંજય ખાન, મુમતાઝ, વિનોદ મહેરા, યોગિતા બાલી, કબીર બેદી, અનિલ ધવન વગેરેએ શાનદાર કામ કર્યું હતું. તેની કહાની દર્શકોનાં દિલ જીતી લે તેવી હતી. કહાનીનો મુખ્ય સાર એ હતો કે કહેવાય છે કે સાપ ઇચ્છાધારી હોય છે અને તેઓ જ્યારે ઇચ્છે ત્યારે ગમે ત્યાં પ્રગટ કે અદૃશ્ય થઈ શકે છે. આ દરમિયાન નાગને ગોળી મારી દેવામાં આવે છે અને ત્યારબાદ નાગિન એટલે કે રીના રૉય બદલો લેવા માટે તમામ પ્રયત્નો કરે છે. આખી ફિલ્મ રીના રૉયની આસપાસ ફરે છે અને જો સરળ ભાષામાં કહીએ તો આ એક ખૂંખાર બનેલી નાગિનના બદલાની કહાની છે. તેને હીરો ઓરિએન્ટેડ નહીં પણ હીરોઇન ઓરિએન્ટેડ ફિલ્મ માનવામાં આવી હતી. તેનાં ગીતો તે સમયે ચારેબાજુ ગુંજતાં હતાં. આ એ સમય હતો જ્યારે ભારતને સાપ-સપેરાઓનો દેશ કહેવામાં આવતો હતો અને ગલીએ ગલીએ નાગ-નાગિનના ખેલ બતાવતા સપેરાઓ ફરતા હતા. સપેરાની બીન પર ‘તેરે સંગ પ્યાર મેં નહીં છોડના’ની ધૂન સાંભળીને બાળકો પણ સાપ જેવી ઍક્ટિંગ કરવા લાગતાં.

જો જોવામાં આવે તો લગ્નોમાં ’નાગિન ડાન્સ’ અહીંથી જ લોકપ્રિય થયો. આ સિવાય વૈજયંતી માલા, પ્રદીપ કુમાર અને જીવનની ફિલ્મ ’નાગિન’એ પણ નાગ-નાગિનને ખૂબ પ્રસિદ્ધિ અપાવી હતી. આની કહાની પણ રીના રૉયની ’નાગિન’ જેવી જ હતી અને આ ફિલ્મ વર્ષ ૧૯૫૪માં આવી હતી. આ ફિલ્મનું ગીત ’મન ડોલે મેરા તન ડોલે’ અત્યાર સુધીનું સૌથી વધુ સાંભળવામાં આવતું સપેરા ગીત છે. જ્યાં સુધી નાગ-નાગિનની ફિલ્મોને એવોર્ડ મળવાની વાત છે તો તેમને પુષ્કળ પુરસ્કારો મળ્યા અને સાથે જ દર્શકોનો ભરપૂર પ્રેમ પણ મળ્યો. હકીકતમાં, નાગ- નાગિનનું એક એવું રહસ્ય જે આજે પણ અકબંધ છે. પ્રેમ, બદલાની આગ, ઇચ્છાધારી સાપ અને નાગમણી જેવી કેટલીક એવી જિજ્ઞાસાઓ રહી છે જે દરેક વ્યક્તિને આકર્ષે છે, પરંતુ તેને સમજાવનાર એવું કોઈ નથી જે દાવા સાથે કહી શકે કે સત્ય શું છે. વિજ્ઞાન કહે છે કે સાપને કાન હોતા નથી, તો પછી તે બીનના સૂર પર નાચે છે કેમ? જ્યારે તે નાચે છે ત્યારે શું તે બીન જોઈને ડરે છે?

ખેર, નાગિનના બદલાને લઈને વર્ષ ૧૯૮૬માં બનેલી ફિલ્મ ‘નગીના’એ દર્શકોનાં દિલમાં જાણે આગ લગાડી દીધી. ‘મેં તેરી દુશ્મન, દુશ્મન તૂ મેરા’ કે ‘બલમા હો તુમ’ જેવાં ગીતો જબરદસ્ત હિટ થયાં અને શ્રીદેવી, ઋષિ કપૂર, પ્રેમ ચોપરા, અમરીશ પુરી, સુષમા સેઠ વગેરે કલાકારોએ દર્શકોને સીટ પરથી હલવા જ ન દીધા. આ ફિલ્મમાં મહેલની અંદરનાં દૃશ્યોએ લોકોને ડરાવવામાં કોઈ કસર બાકી નહોતી રાખી. એક વાત જે સૌથી મહત્ત્વની છે તે એ કે, આમાં સપેરા એટલે કે અમરીશ પુરીના કાળા પોશાકે ત્યાર બાદ આવેલી તમામ ફિલ્મોમાં સપેરાઓ માટે એક ‘ઇન્ટરનૅશનલ ડ્રેસ’ જેવું સ્થાન બનાવી લીધું. જો આજે કોઈ ગલીમાં કોઈ સપેરો નાગનો ખેલ બતાવી રહ્યો હોય તો એ નક્કી છે કે તે કાળા પોશાકમાં જ હશે અને તેના કપાળ પરનું તિલક પણ અમરીશ પુરીની યાદ અપાવશે. કહી શકાય કે આ પરંપરા તો સનાતન કાળથી જ પ્રચલિત રહી છે, પરંતુ આજની પેઢીના દર્શકોને તો ‘નગીના’ ફિલ્મે જ આ રૂપ બતાવ્યું છે. સીધી અને સાચી વાત તો એ છે કે સપેરા, નાગ, નાગિન અને તેમની કહાનીઓએ ફિલ્મ નિર્માતાઓ પર જેટલી સંપત્તિનો વરસાદ કર્યો છે તેનાથી ક્યાંય વધુ ફિલ્મ નિર્માતાઓએ દર્શકોને ગલીએ-ગલીએ નચાવ્યા છે.

રાજસ્થાની હોય, ભોજપુરી હોય કે પછી બ્રજ કે બુંદેલી ભાષા, દરેક જગ્યાએ નાગ-નાગિનના ચાહકો રહ્યા છે. જોકે ‘શેષનાગ’, ‘નિગાહેં’, ‘જાની દુશ્મનઃ એક અનોખી કહાની’, ‘નાગિન કા ખેલ’, ‘નાગમણી’, ‘કબ્રસ્તાન’, ‘નાગ જિલ્લા’ જેવી ફિલ્મો દર્શકોનું મનોરંજન કરતી રહી, પરંતુ તેમની ‘નાગિન’ માટેની તરસ છીપાઈ નહીં અને તેઓ ગાતા રહ્યા – ‘કસ ગઈ નાગન બન કે જવાની, આ કોઈ ઝહર ઉતાર રે... જંતર-મંતર કામ ન આએ, કર લે મુજ સે પ્યાર રે.’ ■

# ભારત ટી-૨૦ની ફાઇનલમાં: પાકિસ્તાનને વધુ એક લપડાક પડશે

## એશિયન ગેમ્સની સેમિમાં કિશનની કરામત અને બોલર્સના તરખાટથી શ્રીલંકાને ૧૨૪ રનથી હરાવ્યું

નિશીનઃ ભારતે શ્રીલંકા સામેની એશિયન ગેમ્સ ટી-૨૦ સેમિ ફાઇનલ ૧૨૪ રનથી જીતીને પાકિસ્તાન સામેની ફાઇનલમાં એન્ટ્રી કરી લીધી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૫ના ટી-૨૦ એશિયા કપમાં ભારતે પાકિસ્તાનને ફાઇનલ સહિત ઉપરાઉપરી ત્રણ વખત પછડાટ આપી હતી.

**શ્રીલંકનો ગલી-ક્રિકેટ જેવું રમ્યા**

સદનસીબે, આ ગઈ કાલની ભારત-શ્રીલંકા સેમિ ફાઇનલમાં વરસાદનું વિઘ્ન નહોતું આવ્યું. શ્રીલંકા ૧૭૦ રનના લક્ષ્યાંક સામે ૯.૫ ઓવરમાં માત્ર ૪૫ રનમાં ઑલઆઉટ થઈ ગયું હતું. શ્રીલંકાના બૅટ્સમેનો આંતરરાષ્ટ્રીય મૅચ રમી રહ્યા હોય એવું લાગતું જ નહોતું. તેમણે પહેલી ઓવરના બીજા જ બૉલથી વિકેટો ગુમાવવાની શરૂઆત કરી હતી. તેમની છેલ્લી ત્રણ વિકેટ સતત ત્રણ બૉલમાં પડી હતી. એમાંથી બે વિકેટ અભિષેકે લીધી હતી અને એક બૅટ્સમૅન રનઆઉટ થયો હતો.

**પાંચ ખેલાડીના શૂન્ય, ત્રણ રનઆઉટ**

દસમાંથી પાંચ બૅટ્સમેન શૂન્યમાં આઉટ થયા હતા. બુમરાહ, અક્ષર અને અભિષેકે બે-બે વિકેટ લીધી હતી. એક વિકેટ વૉશિંગ્ટન સુંદરને મળી હતી, જ્યારે ત્રણ ખેલાડી રનઆઉટ થઈ ગયા હતા.

**કિશનના આક્રમક ૮૦ રન**

એ પહેલાં, ભારતે નિર્ધારિત ૨૦ ઓવરમાં સાત વિકેટના ભોગે ૧૬૯ રન બનાવ્યા હતા. ઈશાન કિશન (૮૦ અણનમ, ૪૬ બૉલ પાંચ છગ્ગા, ચાર ચોગ્ગા) આ ઇનિંગ્સનો સુપરસ્ટાર હતો. તેણે એક છેડા પરથી ભારતનો ધબડકો અટકાવીને આતશબાજી કરી હતી અને જાપાનના સ્ટેડિયમમાં બેઠેલા પ્રેક્ષકોના તેમ જ કરોડો ટીવી દર્શકોના દિલ જીતી લીધા હતા.

**વૈભવે ૩૮માંથી ૩૬ રન છગ્ગા-ચોગ્ગાથી બનાવ્યા**

એ અગાઉ, જાપાનીઓએ પણ વૈભવની આતશબાજી માણી હતી. ૧૫ વર્ષીય ટીનેજર સ્ટાર વૈભવે ૨૦ બૉલમાં બે છગ્ગા અને છ ચોગ્ગાની મદદથી ૩૮ રન બનાવ્યા હતા. તેના ૩૮માંથી ૩૬ રન સિક્સર અને ફોરથી બન્યા હતા. શ્રીલંકાએ ટૉસ જીતીને પહેલા ફીલ્ડિંગ કરવાનું પસંદ કર્યું હતું.

**શનિવારે સવારે ૧૦ વાગ્યાથી ભારત-પાકિસ્તાન જંગ**

હવે આવતી કાલે (સવારે ૧૦ વાગ્યાથી) ભારત અને પાકિસ્તાન વચ્ચે ફાઇનલ જંગ ખેલાશે. પાકિસ્તાને બાંગ્લાદેશને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. નિશીનમાં ઘણા દિવસોથી લગભગ રોજ વરસાદ પડે છે અને ઘણી મૅચો ખોરવાઈ ગઈ છે. જો શનિવારે ભારત-પાકિસ્તાનની ફાઈનલ વરસાદને કારણે નહીં રમાય તો બંને ટીમે ગોલ્ડ મેડલ શૅર કરી લેવો પડશે. ■

# અભિષેકનો છેલ્લી ક્ષણોમાં વિનિંગ ગોલ, પાકિસ્તાનને ૪-૩થી પરાસ્ત કરીને ભારત ફાઈનલમાં





ભારત-પાકિસ્તાન હૉકી મૅચમાં ગરમાગરમી, છેલ્લે ખેલાડીઓ ભેટ્યાઃ પાકિસ્તાનના નદીમ અહમદની એક ભારતીય પ્લેયર સાથે દલીલબાજી થઈ હતી. ભારતનો હાર્દિક સિંહ નદીમ પાસે પહોંચી ગયો અને તેને શાંત પાડ્યો હતો. ભારત અને પાકિસ્તાનના કેટલાક ખેલાડી એકમેકને ભેટ્યા હતા. (પીટીઆઈ)

કકામિગહરા (જાપાન): ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતે અહીં ગુરુવારે કટ્ટર હરીફ પાકિસ્તાનને એશિયન ગેમ્સની રોમાંચક મેન્સ સેમિ ફાઇનલમાં ૪-૩થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. અભિષેક નૈન નામનો ખેલાડી આ મૅચનો સુપરસ્ટાર હતો. છેલ્લી મિનિટ સુધી બન્ને ટીમ ૩-૩ની બરાબરીમાં હતી, પરંતુ અભિષેકે પાકિસ્તાનની ડિફેન્સ તોડીને વિનિંગ ગોલ કર્યો હતો અને ભારત માટે ચમત્કાર સરજ્યો હતો.

હરિયાણાના અભિષેક નૈને ૨૬મી સપ્ટેમ્બરે જાપાન સામેની મૅચમાં અને ત્યાર બાદ બાંગ્લાદેશ સામેના મુકાબલામાં પ્રારંભિક ગોલ કર્યા હતા અને ગુરુવારે પાકિસ્તાન સામેની સેમિ ફાઇનલ પૂરી થવાને ૪૫ સેકન્ડ બાકી હતી ત્યારે તેણે અંતિમ પળોમાં વિનિંગ ગોલ કર્યો હતો. જો આ મૅચ શૂટઆઉટમાં ગઈ હોત તો ભારતે કદાચ પરાજય જોવો પડ્યો હોત.

ભારત વતી અભિષેકની પહેલાં ત્રણમાંથી બે ગોલ કૅપ્ટન હરમનપ્રીત સિંહે કર્યા હતા. તેણે પાંચમી અને ૧૩મી મિનિટમાં પેનલ્ટી કૉર્નરને ગોલમાં પરિવર્તિત કર્યો હતો, જ્યારે ૨૩મી મિનિટમાં સુખજિત સિંહે ફીલ્ડ કર્યો હતો જે ભારતનો ત્રીજો ગોલ હતો. પાકિસ્તાન વતી ૩૦મી, ૪૫મી અને ૪૯મી મિનિટમાં એક-એક ગોલ અબુ મહમૂદ, હન્નાન શાહિદ અને વહીદ રાણાએ કર્યો હતો. ૪૯મી મિનિટમાં પાકિસ્તાને સ્કોર ૩-૩ની બરાબરીમાં લાવી દીધો અને ભારતના નબળા ડિફેન્સ બાદ સ્ટ્રાઇકર્સની ખરી પરીક્ષા શરૂ થઈ હતી.

સ્કોર ૩-૩ની બરાબરીમાં હતો અને શૂટઆઉટની તૈયારીઓ થઈ ગઈ હતી, પણ અંતિમ મિનિટમાં અભિષેક નૈન ત્રાટક્યો હતો. તેણે પાકિસ્તાનના ડિફેન્ડર સુફિયાનના કબજામાંથી બૉલ પોતાની તરફ લઈ લીધો હતો અને ત્યાર પછી તેણે ગોલકીપર અલી રઝા નામનું કવચ પાર કરવાનું હતું જેમાં તેણે પળવારમાં સફળતા મેળવીને ભારતને ચોથો ગોલ અપાવી દીધો હતો. બીજી સેમિ ફાઇનલના હરીફો સાઉથ કોરિયા અને મલયેશિયા, બન્ને ટીમ મજબૂત હોવાથી ભારતે ફાઇનલમાં એ બેમાંથી જેનો પણ સામનો કરવાનો આવે એ પડકારરૂપ બની શકે એવી હૉકી ચાહકોમાં ચર્ચા હતી. ■

### ભારતના ગોલ્ડ મેડલની સંભાવના વધી

ભારતે ફાઇનલમાં એટલે કે ગોલ્ડ મેડલ માટેના મુકાબલામાં પ્રવેશ કર્યો ત્યાર બાદ જાણવા મળ્યું કે ભારતે શનિવારની ફાઇનલમાં મલયેશિયાનો સામનો કરવાનો રહેશે. આ સિનારિયો ભારતના ફાયદામાં છે, કારણકે હૉકીના વર્લ્ડ રૅન્કિંગમાં ભારત આઠમા નંબરે અને મલયેશિયા ૧૪મા સ્થાને છે. મલયેશિયાએ સેમિ ફાઇનલમાં સાઉથ કોરિયાને ૨-૧થી હરાવીને ફાઇનલમાં એન્ટ્રી કરી છે. બીજું, ભારત ફાઇનલ જીતીને ગોલ્ડ મેડલ મેળવી શકશે એ શક્ય એ માટે જણાય છે કે ભારતે કુલ ૧૨૭માંથી ૮૯ મુકાબલામાં મલયેશિયાને હરાવ્યું છે અને માત્ર ૧૭ મૅચમાં ભારત હાર્યું છે, જ્યારે ૨૧ મૅચ ડ્રૉમાં પરિણમી છે. આ ૧૨૭ મુકાબલામાં ભારતે કુલ ૩૭૨ ગોલ કર્યા છે, જ્યારે મલયેશિયા ૧૭૧ ગોલ કરી શક્યું છે.

**૨૦૨૭ વન-ડે વર્લ્ડ કપ**

## ભારત-પાકિસ્તાન મુકાબલો ૧૦ ઑક્ટોબરે

દુબઈઃ આઇસીસીએ ૨૦૨૭માં રમાનારા વન-ડેના વર્લ્ડ કપનું ટાઇમટેબલ જાહેર કર્યું છે જે મુજબ ભારત અને પાકિસ્તાન જંગ રવિવાર, ૧૦મી ઑક્ટોબરે જોહનિસબર્ગમાં થશે. આ ટૂર્નામેન્ટમાં ભારતની પ્રથમ મૅચ સાતમી ઑક્ટોબરે કેપ ટાઉનમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા સામે રમાશે. બરાબર એક વર્ષ પછીના આ વર્લ્ડ કપની ફાઇનલ રવિવાર, ૨૧મી નવેમ્બરે જોહનિસબર્ગમાં રમાશે. ■

## પંત સસ્તામાં આઉટ

શ્રીનગરઃ અહીં ભારે સલામતી બંદોબસ્ત વચ્ચે ગઈકાલે પાંચ દિવસની ઇરાની કપ મૅચ શરૂ થઈ હતી જેમાં રણજી ચૅમ્પિયન જમ્મુ-કાશ્મીર સામે બૅટિંગ મળ્યા પછી રેસ્ટ ઑફ ઇન્ડિયાની ટીમ માત્ર ૨૩૭ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. રેસ્ટના કૅપ્ટન રિષભ પંતે માત્ર ૧૦ રનના સ્કોર પર ખરાબ શૉટ સિલેક્શનને કારણે વિકેટ ગુમાવી હતી. જમ્મુ-કાશ્મીરના સુનીલ કુમાર તથા લોન નાસિરે ત્રણ-ત્રણ વિકેટ અને ઉમર નઝીરે બે વિકેટ લીધી હતી. જમ્મુ-કાશ્મીરે ૨૧ રનમાં બે વિકેટ ગુમાવી હતી. ■

## એશિયન ગેમ્સમાં ભારત માટે નો-ગોલ્ડન ડે

નાગોયાઃ બુધવારે એશિયન ગેમ્સમાં ભારતને ચાર ગોલ્ડ મેડલ મળ્યા હતા, પણ ગુરુવારે મોડી સાંજ સુધીમાં એક પણ ગોલ્ડ હાથ નહોતો લાગ્યો. ભારત કુલ ૧૦ ગોલ્ડ, ૨૩ સિલ્વર અને ૩૩ બ્રૉન્ઝ સહિત કુલ ૬૬ ચંદ્રક સાથે આઠમા નંબરે હતું. ગુરુવારે ભારતના ઝોળીમાં બે સિલ્વર અને ત્રણ બ્રૉન્ઝ મેડલ આવ્યા હતાઃ નિતેશ સિવાચને કુસ્તીમાં સિલ્વર તેમ જ મનુ ફ્રાન્સિસ અને પ્રિન્સ નોબલને સઢવાળી નૌકાની હરીફાઈમાં સિલ્વર મેડલ. અનાહત સિંહ, તન્વી ખન્ના, જોશ્ના ચિનપ્પા અને શમીના રિયાઝને વિમેન્સ સ્ક્વૉશ ટીમ હરીફાઈમાં બ્રૉન્ઝ મેડલ, ટી. જી. મણિરત્નમને તીરંદાજીના ઇન્ડિવિજ્યૂઅલ કમ્પાઉન્ડ વર્ગમાં બ્રૉન્ઝ મેડલ અને અભય સિંહ, વીર ચોત્રાણી, સૂરજ ચંદ અને વેલાવન સેન્થિલકુમારને સ્ક્વૉશની મેન્સ ટીમ સ્પર્ધામાં બ્રૉન્ઝ મેડલ. ■

# હવે ડે-ટાઇમની ટેસ્ટમાં પણ પિન્ક બૉલ વપરાશે, બૅટ્સમૅન સમય બગાડશે તો પાંચ રનની પેનલ્ટી

## આઇસીસીના નવા નિયમો આવ્યાઃ બૉલને માત્ર અડીને રનઆઉટ કે સ્ટમ્પ-આઉટ કરાશે તો અમ્પાયર આઉટ નહીં આપે

દુબઈઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ગુરુવાર, પહેલી ઑક્ટોબરથી કેટલાક નવા નિયમો લાગુ કર્યા છે તથા અમુકમાં ફેરફાર કર્યા છે અને એમાં એક ખાસ નિયમ એ છે કે હવેથી પ્રાયોગિક ધોરણે ડે-ટાઇમની ટેસ્ટમાં પણ પિન્ક બૉલ વાપરી શકાશે. અત્યાર સુધી, ડે-નાઇટ ટેસ્ટમાં જ ગુલાબી બૉલ વાપરવાની છૂટ હતી. ઘણી વાર ટેસ્ટમાં દિવસના અંત ભાગમાં નબળા પ્રકાશને કારણે રમત પર અસર થતી હોય છે અને એ દિવસે ઓછી ઓવર રમાતી હોય છે. પરિણામે, ડે-ટેસ્ટમાં પણ ગુલાબી બૉલ વાપરી શકાશે.

સૌરવ ગાંગુલી આઇસીસીની મેન્સ ક્રિકેટ કમિટીનો ચૅરમૅન છે. સામાન્ય રીતે બોલર રન-અપની ટોચ પર પહોંચે અને બૉલ ફેંકવા આવવાનું શરૂ કરે ત્યાં સુધીમાં બૅટ્સમૅન સ્ટાન્સ લઈને બૉલનો સામનો કરવા માટે તૈયાર હોવો જોઈએ. જોકે ક્યારેક બૅટ્સમૅન સમય બગાડતો હોય છે. આવા અને બીજા કોઈ કારણસર જો બૅટ્સમૅન સમય



બગાડશે તો અમ્પાયર તેને ચેતવણી આપશે. બૅટ્સમૅન એ જ ઇનિંગ્સમાં બીજી વખત આ રીતે સમય બગાડશે તો અમ્પાયર તેને બીજી ચેતવણી આપશે અને ત્રીજી વખત એવું કરશે તો અમ્પાયર એ બૅટ્સમૅનવાળી ટીમને પાંચ રનની પેનલ્ટી કરશે.

હાલમાં મહિલા વર્ગની જુનિયર ક્રિકેટમાં જેવા લેધર બૉલ વપરાય છે એવા જ બૉલ મહિલાઓની મૅચોમાં વપરાતા હોય છે. જોકે હવેથી નવા બૉલનું વજન પાંચ ઔંસ (૧૪૨ ગ્રામ)થી ઓછું નહીં હોવું જોઈએ અને ૫.૨૫ ઔંસ (૧૪૯ ગ્રામ)થી વધુ પણ નહીં હોવું જોઈએ. આ સીઝન બૉલનું માપ ૮.૪૬ ઇંચ (૨૧.૫ સેન્ટિમીટર)થી ઓછું નહીં હોવું જોઈએ અને ૮.૬૬ ઇંચ (બાવીસ સેન્ટિમીટર)થી વધુ પણ નહીં હોવું જોઈએ.

આઇસીસીએ એ સ્પષ્ટતા પણ કરી છે કે હવેથી રનઆઉટ કે સ્ટમ્પિંગ કરવા માટે ફીલ્ડર કે વિકેટકીપરનો બૉલ પર સંપૂર્ણ અંકુશ હોવો જરૂરી બનશે. બૉલને માત્ર અડીને બૅટ્સમૅનને રનઆઉટ કે સ્ટમ્પ-આઉટ કરવામાં આવશે તો એ આઉટ નહીં ગણાય. ■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| गांधी | દર્શન જરીવાલા |
| सरदार | નસીરુદ્દીન શાહ |
| हे राम | અન્નુ કપૂર |
| गांधी, माय फाधर | રજિત કપૂર |
| मेकिंग ओफ महात्मा | બેન કિંગ્સ્લે |

## જાણવા જેવું

રિચર્ડ એટનબરો દિગ્દર્શિત 'ગાંધી' ફિલ્મમાં મોહનદાસ કરમચંદ ગાંધીના ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકાના ટ્રેન પ્રકરણથી લઈને ભારત આગમન, અહિંસક સ્વતંત્રતા સંગ્રામ, દેશના ભાગલા અને ૧૯૪૮માં તેમની હત્યા સુધીની સમગ્ર જીવનયાત્રાને ખૂબ જ પ્રભાવશાળી રીતે વણી લેવામાં આવી હતી.

## ગુજરાત મોરી મોરી રે

કઈ ગુજરાતી ફિલ્મના ટાઈટલમાં ગાંધીજીનું નામ છે પણ એમાં કોઈ પણ કલાકાર ગાંધીજીના રોલમાં નથી એ જણાવો.

અ) દાંડી યાત્રા
બ) સાઉથ આફ્રિકામાં ગાંધીજી
ક) ગાંધી, તમને નહીં ગમે
ડ) ગાંધી એન્ડ કંપની

## નોંધી રાખો

*ગાંધીજીની હત્યાની પૂર્વતૈયારી દર્શાવતી ગોડસેને કેન્દ્રમાં રાખી ફિલ્મ 'નાઈન અવર્સ ટુ રામ' ૧૯૬૩માં બની હતી.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | |
| | | | | ૬ | | | | | |
| | ૭ | | | | | | | ૮ | |
| ૯ | | | | ૧૦ | | | ૧૧ | | |
| | | ૧૨ | | | | ૧૩ | | | ૧૪ |
| ૧૫ | | | | | ૧૬ | | | | |
| | | | | ૧૭ | | | | ૧૮ | |
| ૧૯ | ૨૦ | | ૨૧ | | | ૨૨ | ૨૩ | | |
| | | | ૨૪ | | ૨૫ | | | | ૨૬ |
| ૨૭ | | | | | ૨૮ | | | | |

### આડી ચાવી

૧. આત્મા (૫)
૪. ગરીબાઈ (૪)
૬. ફકિર (૩)
૭. મહેક, સુગંધ (૩)
૮. એક તેજાનો (૨)
૯. ત્યારે (૨)
૧૦. जंगल में --- नाचा, कीसीने न देखा (૨)
૧૩. લડાઈનું મેદાન (૪)
૧૫. દાંત ખોતરવાની સળી (૪)
૧૭. કેશ (૨)
૧૮. તંગી, અછત (૨)
૧૯. પરસેવો, બફારો, ઉકળાટ (૨)
૨૨. સોના કે ચાંદીની પાટ (૩)
૨૪. પાસે, બાજુમાં (૩)
૨૭. એક ફળ (૪)
૨૮. સહાયકર્તા (૫)

### ઊભી ચાવી

૧. જે અમર છે (૨)
૨. ઉમાપતિ (૩)
૩. મારું (૨)
૪. કામચોર, દગલબાજ (૩)
૫. પીગળેલું, ઓગળેલું (૩)
૭. પરમેશ્વર (૨)
૯. દેવતાનો અંગારો, ચીનગારી (૩)
૧૦. મુક્તિ (૨)
૧૧. મનુષ્ય (૩)
૧૨. બાર મહિના (૩)
૧૪. દશરથ રાજાનો એક દીકરો (૩)
૧૬. પાણી, નીર (૨)
૧૮. તાડ, ખજૂરાં વગેરેનો કેફી રસ (૨)
૨૦. ચિંતન (૩)
૨૧. મન સંબંધ (૩)
૨૩. ધૂળ (૩)
૨૫. ઓછું (૨)
૨૬. કોલાહલ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | નુ | ૨ વં | ૩ શિ | ક | | ૪ સ | લા | ૫ મ | તી |
| દિ | | ૬ તા | ર | | ૭ ભા | મા | | હં | |
| | | ક | | ૮ દુ | | ધિ | | ૯ ત | હાં |
| ૧૦ દા | ઢી | | ૧૧ ત | કા | જો | | ૧૨ મુ | | |
| સ્તા | | ૧૩ મં | | ળ | | ૧૪ મુ | કા | બ | ૧૫ લો |
| ૧૬ ન | વો | દિ | ત | | ૧૭ ત | | મ | | ચ |
| | | ર | | ૧૮ ત | ર | ત | | ૧૯ સા | ન |
| ૨૦ બો | ૨૧ ધ | | ૨૨ સુ | | સ | | ૨૩ આ | | |
| | ર | | ૨૪ હા | મ | | ૨૫ ખા | લ | | ૨૬ રા |
| ૨૭ ન | વ | યુ | ગ | | ૨૮ ન | ર | મ | ઘે | શ |

## ઓળખાણ પડી?



મહાત્મા ગાંધી પર જૂજ ફિલ્મો બની છે. આપેલી તસવીરમાં કસ્તૂરબાનો રોલ કરનારી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) રોહિણી હટ્ટંગડી બ) પલ્લવી જોશી ક) સ્મિતા પાટીલ ડ) લીના ચંદાવરકર

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ગાંધીજીના સ્વભાવની લાક્ષણિકતા દર્શાવતી 'ગાંધીગીરી' કઈ હિન્દી ફિલ્મમાં જોવા મળી હતી એ કહી શકશો?

અ) હે રામ બ) ધ મેકિંગ ઓફ મહાત્મા ક) સરદાર ડ) લગે રહો મુન્નાભાઈ

## માઈન્ડ ગેમ

૧૯૮૨માં આવેલી રિચર્ડ એટનબરોની 'ગાંધી' ફિલ્મને મળેલા આઠ ઓસ્કર અવૉર્ડમાં ક્યા ભારતીય કલાકારની હાજરી હતી?

અ) રોશન શેઠ બ) અલેક પદમસી ક) ભાનુ અથૈયા ડ) સઈદ જાફરી

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | ૨ | | | | ૯ | |
| ૭ | | ૫ | ૩ | | | | ૨ | ૪ |
| | | | | ૮ | | ૧ | | ૭ |
| ૫ | | | | ૪ | | ૭ | | ૯ |
| ૨ | | | | ૩ | | | | ૮ |
| ૬ | | ૩ | | ૯ | | | | ૧ |
| ૮ | | ૨ | | ૫ | | | | |
| ૯ | ૫ | | | | ૭ | ૩ | | ૨ |
| | ૩ | | | | ૧ | | ૭ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૬ | ૭ | ૮ | ૨ | ૯ | ૧ | ૪ |
| ૭ | ૮ | ૪ | ૩ | ૧ | ૯ | ૫ | ૬ | ૨ |
| ૧ | ૯ | ૨ | ૫ | ૪ | ૬ | ૩ | ૭ | ૮ |
| ૯ | ૬ | ૮ | ૧ | ૩ | ૫ | ૨ | ૪ | ૭ |
| ૫ | ૭ | ૩ | ૬ | ૨ | ૪ | ૮ | ૯ | ૧ |
| ૪ | ૨ | ૧ | ૯ | ૭ | ૮ | ૬ | ૩ | ૫ |
| ૬ | ૧ | ૭ | ૮ | ૫ | ૩ | ૪ | ૨ | ૯ |
| ૮ | ૪ | ૯ | ૨ | ૬ | ૭ | ૧ | ૫ | ૩ |
| ૨ | ૩ | ૫ | ૪ | ૯ | ૧ | ૭ | ૮ | ૬ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| धाम | સ્થાન |
| धार | કિનારો |
| धारा | ઝરણું |
| धावक | ખેપિયો |
| धाक | ભય |

**ગુજરાત મોરી મોરી રે:**
ગંગાસતી

**ઓળખાણ પડી?**
ઉત્તમ કુમાર

**માઈન્ડ ગેમ :**
આઈ એસ જોહર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ગોંધળ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ભરત કજરિયા (૬) મુલરાજ કપૂર (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ એન. સંઘવી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) કમલ માતલિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) વિપીન શાહ (૨૪) શિલ્પા શ્રોફ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ભાવના કર્વે (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) વિણા સંપટ (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) ડાયના સંતોકે (૩૨) અલકા વાણી (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) હિનાબેન દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) મહેશ દોશી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) અતુલ સંપટ (૪૭) નેહુલ એમ. સંઘવી (૪૮) હેમાંગી કે. મારુ (૪૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૫૦) હિંમત ખોલીયા

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૨૧૧ જવાબ: ૧) બેંગાલી, ૨) ગુજરાતી, ૩) મહારાષ્ટ્રીયન, ૪) પંજાબી, ૫) સાઉથ ઇન્ડિયન, ૬) ખ્રિસ્તીયન, ૭) મુસ્લિમ

ક્વિઝ ૨૧૨ ૧) ચલ મેરે ભાઈ, ૨) ઝુબેયદા, ૩) દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, ૪) દિલ સે મિલે દિલ, ૫) ઇશ્ક હુઆ, ૬) આદમી ખિલોના હૈ, ૭) ચોરી ચોરી ચુપકે ચુપકે

# એફઆઈઆઈની વેચવાલી અને ઊંચી બોન્ડ યીલ્ડને કારણે ભારતીય શૅરબજારમાં સતત ચોથા દિવસે ધબડકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિદેશી ફંડોની એકધારી ચાલુ રહેલી વેચવાલી સાથે બોન્ડ યીલ્ડની ઊંચી સપાટી અને ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલા નવા ઉછાળા જેવા પરિબળોએ રોકાણકારોના મનોબળ પર નકારાત્મક અસર કરી હોવાને પરિણામે ગુરુવારે બજારના મુખ્ય બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી સતત ચોથા દિવસે ઘટાડા સાથે બંધ થયા હતો. સેન્સેક્સ ૫૭૦.૫૯ પોઈન્ટ અથવા ૦.૭૯ ટકા ઘટીને ૭૧,૯૦૯.૭૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૧૮૭.૪૧ પોઈન્ટ અથવા ૧.૬૩ ટકા ઘટીને ૭૧,૨૯૨.૮૮ સુધી નીચે ગયો હતો. આ તબક્કે માર્કેટ કેપિટલમાં લગભગ રૂ. ૧૭ લાખ કરોડનું ધોવાણ થયું હતું. જોકે, ત્યારબાદ બોટમ ફિશિંગને કારણે બજારે લગભગ પચાસ ટકા ઘટાડો પચાવી લીધો હતો. જ્યારે નિફ્ટી ૧૯૮.૫૦ પોઈન્ટ અથવા ૦.૮૮ ટકા ઘટીને ૨૨,૪૨૧.૯૫ પર બંધ થયો હતો.

મારુતિ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા સ્ટીલ, અદાણી પોર્ટ્સ, આઇટીસી, પાવર ગ્રીડ, હિન્દુસ્તાન યુનિલિવર અને ઇટર્નલ ટોચની ઘટનારી સ્ક્રિપ્સમાં સામેલ હતા. જ્યારે સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં ઇન્ફોસીસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એચસીએલ ટેકનો અને એચડીએફસી બેન્ક સામેલ હતા. સત્ર દરમિયાન ઓટો શેરોમાં ધોવાણ જોવા મળ્યું હતું અને નિફ્ટી ઓટો ઇન્ડેક્સમાં ત્રણેક ટકાનો કડાકો હતો. બજાજ ઓટો, મહિન્દ્રા, આઇશર મોટર્સ, મારુતિ, ટીવીએસ મોટસ અને ટાટા મોટર્સ જેવા શેરોમાં ખૂબ ધોવાણ જોવા મળ્યું હતું. દરમિયાન મારુતિનું વેચાણ સપ્ટેમ્બરમાં ૨૪ ટકા, અશોક લેલેન્ડનું વેચાણ ૨૮ ટકા, હિંદુસ્તાન મોટર્સનું ૨૪ ટકા રોયલ એનફિલ્ડનું આઠ ટકા, બજાજ ઓટોનું પાંચ ટકા વધ્યું છે.

અદાણી ગ્રીન એનર્જીએ તેની બેટરી સ્ટોરેજની ક્ષમતા ૬.૬૩ ગીગીવોટ સુધી વિસ્તારી છે. સીએટ ટાયર ભારતીય અને વૈશ્વિક બજાર માટે ચેન્નઇ પ્લાન્ટની ક્ષમતા વિસ્તારી રહી છે. ગ્લોબલ હેલ્થકેર ફ્રેન્ચાઇઝી સાથે ભારતની ઝડપથી વિકસતી પર્સનલ કેર કંપની, ક્યુપિડ લિમિટેડે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સુધારેલી પરિસ્થિતિને આધારે નાણાકીય વર્ષ ૨૦૨૭ની રેવન્યુ ગાઇડન્સને રૂ. ૮૦૦ કરોડ અને ચોખ્ખા નફા ગાઇડન્સને રૂ. ૨૫૦ કરોડ સુધી સુધારી દીધા છે.

માર્કેટ એનાલિસ્ટ અનુસાર, બજારમાં જોવા મળેલી વેચવાલી મુખ્યત્વે બાહ્ય પરિબળોને કારણે છે; બોન્ડ યીલ્ડ ઘણા વર્ષોની ઊંચી સપાટીએ પહોંચ્યા છે અને ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા સ્તરે જળવાઈ રહ્યા છે. યુદ્ધજન્ય સ્થિતિનો અંત નહીં આવે ત્યાં સુધી ક્રૂડના ભાવ ઘટવાના નથી. દરમિયાન ભારતીયો રશિયન સશસ્ત્ર દળોમાં જોડાઇ રહ્યા હોવાના અહેવાલો વચ્ચે સરકારે આની સામે ચેતવણી આપી છે. મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સે ભારતીય નાગરિકોને રશિયન સૈન્યદળોમાં ના જોડાવા ચેતવણી આપતા જણાવ્યું છે કે એમ કરવું જોખમી અને જીવલેણ પુરવાર થઇ શકે છે.

અગાઉના સત્રમાં વિદેશી રોકાણકારોએ રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુની વેચવાલી કરી હોવાથી, અમેરિકાના ટ્રેઝરી યીલ્ડમાં જોવા મળતો ઊંચો દર વિદેશી રોકાણકારોના વેચાણના દબાણને જાળવી રાખી શકે છે અને ભારતીય ઇક્વિટી બજાર પર વધુ દબાણ લાવી શકે છે. અમેરિકાના દસ વર્ષીય ટ્રેઝરી યીલ્ડમાં ૫.૩૪ ટકા તરફ ફરી થયેલા વધારાને કારણે ડોલર આધારિત સંપત્તિઓનું આકર્ષણ વધ્યું છે અને ઉભરતા બજારોના ઇક્વિટી શેરો માટે મૂલ્યાંકનનો પડકાર પણ વધ્યો છે.નવા લિસ્ટિંગમાં ગુરુવારે મની વ્યૂના શેર એનએસઇ પર ૬૨ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા, જ્યારે એ વન સ્ટીલના શેર એનએસઇ પર ૧૨ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. બુધવારે એડ્રોઇટ ઇન્ડસ્ટ્રીઝના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૮૬.૫ ટકાના જોરદાર પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા, જ્યારે સ્વસ્તિકા ઇન્ફ્રાના શેર આઠ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થઇને ઉપલી સર્કિટને અથડાયા હતા. ઇલેવેટ કેમ્પસના શેર બે ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. આર્મી ઇન્ફોટેકના શેર પણ બે ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા.

સેકન્ડરી માર્કેટમાં ઢીલા વલણ છતાં પ્રાઇમરી માર્કેટમાં એક્શન ચાલુ રહી છે. નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરીનો રૂ. ૧૦૮.૩૫ કરોડનો, ટીએનએ સોલ્યુશન્સનો ૩૭.૮૬ કરોડનો અને એસજેપી અલ્ટ્રાસોનિકનો રૂ. ૨૩.૪૫ કરોડનો આઇપીઓ ૩૦ સપ્ટેમ્બરે ખુલ્યો છે. રોયલ ચેઇન લિમિટેડ, આઇનોક્સ ક્લિન એનર્જી, એવરબ્રાન્ડસ ઇન્ડિયા લિમિટેડ, જેબી એકોટેક્સ, ક્લાસટેક એન્જિનિયરિંગ અને અનમોલ ઇન્ડસ્ટ્રીઝે આઇપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કરાવ્યા છે. ભારતીય અર્થતંત્ર પર ક્રૂડ ઓઇલના ભાવની મોટી અસર પડે છે. ક્રૂડ ઓઇલના ઉછાળા સાથે ગ્લોબલ બોન્ડ યીલ્ડમાં વધારો માર્કેટ માટે એક મુખ્ય ઓવરહેંગ બની રહ્યો છે, જે સતત જોખમ લેવાનો અવકાશ મર્યાદિત કરે છે. પ્રવર્તમાન મેક્રો સ્તરની અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારો પ્રમાણમાં આકર્ષક મૂલ્યાંકન અને સલામતીના ઊંચા માર્જિન તરફ આકર્ષાયા છે. એકંદર બજારનો અંડરટોન સાવચેતીનો છે; રોકાણકારોનું ધ્યાન ક્રૂડ ઓઇલના ભાવ, બોન્ડ યીલ્ડ, ફુગાવાની અપેક્ષાઓ અને વૈશ્વિક નાણાકીય નીતિ માટે સંભવિત અસરો પર છે.

એક્સચેન્જના ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારે ૧૦,૧૪૮.૪૧ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા.ગ્લોબલ ઓઈલ બેન્ચમાર્ક એવા બ્રેન્ટ ક્રૂડના ભાવ ૨.૭૭ ટકા વધીને ૧૦૦.૮ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચ્યા હતા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના કોસ્પી અને જાપાનના નિક્કી ૨૨૫ ઇન્ડેક્સમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. યુરોપના બજારો ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા. બુધવારે અમેરિકી બજારો મોટાભાગે ઘટાડા સાથે બંધ થયા હતા. બુધવારે સેન્સેક્સ ૪૮.૭૮ પોઈન્ટ અથવા ૦.૦૭ ટકા ઘટીને ૭૨,૪૮૦.૨૯ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૯૫.૭૫ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા ઘટીને ૨૨,૬૨૦.૪૫ પર બંધ રહી હતી.

# યુએસ ઇન્ફ્લેશન નરમ આવતાં સોનાચાંદીમાં સ્થિરતા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાના ફુગાવાના આંકડા ધારણા કરતા નબળા રહેવાથી અમેરિકાની ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં તાત્કાલિક વધારો કરે એવી શક્યતાઓ ઘટી ગઇ હોવાથી બુલિયન બજારમાં એકંદર સ્થિરતા જળવાઇ રહી હતી. સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૪૭,૮૮૮ના પાછલા બંધ સામે પ્રતિ દસ ગ્રામ રૂ. ૨૫૦નો વધારો નોંધાવી રૂ. ૧,૪૮,૧૩૮ની સપાટીએ સ્થિર થયા હતા.

એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૪૭,૨૯૬ના પાછલા બંધ સામે પ્રતિ દસ ગ્રામ રૂ. ૨૪૯નો વધારો નોંધાવી સત્રને અંતે રૂ. ૧,૪૭,૫૪૫ની સપાટીએ સ્થિર થયા હતા. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૨,૨૦,૪૩૫ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૩૯૪ના સુધારા સાથે એક કિલોદીઠ રૂ. ૨,૨૦,૮૨૯ની સપાટીએ સ્થિર થઇ હતી.

અપેક્ષા કરતાં નરમ યુએસ ફુગાવાના અહેવાલને પરિણામે વિશ્વબજારમાં ગુરૂવારે સોનાના ભાવ મોટાભાગે સ્થિર રહ્યા હતા. યુએસ ઇન્ફ્લેશન નરમ રહેવાથી ઓક્ટોબરમાં ફેડરલ રિઝર્વના દરમાં વધારાની અપેક્ષાઓમાં ઘટાડો થયો હતો, જોકે વધતી જતી ટ્રેઝરી યીલ્ડ અને મજબૂત ડોલરે વધુ લાભને મર્યાદિત કર્યો હતો. વિશ્વબજારમાં સ્પોટ ગોલ્ડ ૦.૧ ટકા વધીને ૪,૧૬૨.૩૮ ડોલર પ્રતિ ઔંસ બોલાયું હતું. ડિસેમ્બર ડિલિવરી માટે યુએસ ગોલ્ડ ફ્યુચર્સ ૦.૧ ટકા વધીને ૪,૧૯૨.૧૦ ડોલર પ્રતિ ઔંસ બોલાયું હતું. સપ્ટેમ્બરમાં મેટલ છ ટકાથી વધુ ઘટ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લિક નોટિસ**

**હું આથી જાહેર જનતાને સૂચના આપું છું કે મારી બે પુત્રીઓ (પરિણીત) સ્નેહા રાજેશ ભગત / ભૂત અને ચાર્મી નિમેશ ભટ્ટ/ભૂત ને મે ત્યાગ કર્યો છે કારણ કે તેઓ મારા સ્વભાવ મુજબની આજ્ઞાકારી ન હતી અને મારા નિયંત્રણ અને દેખરેખની બહાર હતો. તેઓ પરિવારના સામાજિક ધોરણો વિરુદ્ધ કૃત્યો કરી રહ્યા છે અને વિવિધ દુગૃણોનો ભોગ બની રહ્યા છે. તેથી હું તેમની સાથેના બધા સંબંધો તોડી નાખું છું અને તેમને મારા વારસામાંથી સંપૂર્ણપણે અને હંમેશ માટે દૂર કરૂ છું, ઉપરોક્ત પુત્રીઓના કોઇપણ કૃત્ય માટે હું અને મારો પરિવાર હવેથી જવાબદાર રહેશે નહીં.**

**સહી/-**
**(ચંદ્રકાંત એલ. ભૂત)**

**પશ્ચિમ રેલવે**
**વડોદરા મંડળ**

**રોડ ઓવર બ્રિજ (ROB) નું નિર્માણ**

**ઈ-ટેન્ડર સૂચના નંબર: CPM-GSENGG-BRC-2026-27-01** ભારતના રાષ્ટ્રપતિ વતી, ચીફ પ્રોજેક્ટ મેનેજર (ગતિ શક્તિ), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. **i) ઈ-ટેન્ડર નંબર: CPM-GSENGG-2026-2027-01 ii) કામનું નામ:** વડોદરા ડિવિઝન: વડોદરા-ગેરતપુર સેક્શનમાં કિ.મી. 478/332-34 પર LC નંબર 299 તથા કિ.મી. 482/6-8 પર LC નંબર 300 ના સ્થાને એપ્રોચ રોડ સહિત રોડ ઓવર બ્રિજ (ROB)નું નિર્માણ. **iii) કામની અંદાજિત કિંમત:** ₹138,57,64,522.42 (રૂપિયા એકસો અડત્રીસ કરોડ સત્તાવન લાખ ચોસઠ હજાર પાંચસો બાવીસ અને બેતાલીસ પૈસા માત્ર.) **iv) જમા કરવાની અર્નેસ્ટ મની:** ₹2,77,15,300/- (રૂપિયા બે કરોડ સિત્યોતેર લાખ પંદર હજાર ત્રણસો માત્ર.) **v) પ્રી-બિડ કોન્ફરન્સ:** 05.10.2026ના રોજ બપોરે 12:00 કલાકે સ્થળ: CPM (ગતિ શક્તિ) કચેરી, વડોદરા ડિવિઝન, પ્રતાપનગર, વડોદરા-390004. **બિડ શરૂ થવાની તારીખ:** 13.10.2026 **બિડ બંધ થવાની તારીખ:** 27.10.2026ના રોજ 15:00 કલાકે **vi)** ટેન્ડર દસ્તાવેજની કિંમત (પરત ન મળવાપાત્ર), EMD, પાત્રતા માપદંડ, સમાન પ્રકારના કામ, વિગતવાર ટેન્ડર શરતો વગેરે ધરાવતી વિગતવાર સૂચના માટે **www.ireps.gov.in** વેબસાઇટની મુલાકાત લો.મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં આવશે નહીં.

**BRC 253**

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# એનએમડીસીનું આયર્ન ઓરનું ઉત્પાદન ૨૩ ટકા વધીને ૨૭ મિલિયન ટન થયું

નવી દિલ્હીઃ સરકારી માલિકીની એનએમડીસીએ ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળા દરમિયાન આયર્ન ઓરના ઉત્પાદનમાં ૨૩ ટકાનો વધારો નોંધાવ્યો છે અને તે વધીને ૨૭.૨૭ મિલિયન ટન નોંધાયું છે. એક્સચેન્જ ફાઇલિંગ મુજબ, કંપનીએ અગાઉના સમાન ગાળામાં ૨૨.૨૦ મિલિયન ટન લોખંડના અયસ્કનું ઉત્પાદન કર્યું હતું.નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છ મહિના દરમિયાન કુલ વેચાણ ૨૨.૨૩ મિલિયન ટન પર સ્થિર રહ્યું હતું. માત્ર સપ્ટેમ્બર મહિનામાં જ ઉત્પાદન લગભગ ૮ ટકા વધીને ૪.૦૪ મિલિયન ટન થયું હતું, જે અગાઉના વર્ષના સમાન મહિનામાં ૩.૭૫ મિલિયન ટન હતું. જોકે, સપ્ટેમ્બર ૨૦૨૫માં થયેલા ૩.૮૮ મિલિયન ટનના વેચાણની સરખામણીએ સપ્ટેમ્બર ૨૦૨૬માં વેચાણ ઘટીને ૩.૫૧ મિલિયન ટન થયું હતું.

સ્ટીલ મંત્રાલય હેઠળ આવતી અને હૈદરાબાદ સ્થિત ગખઉઈ એ ભારતની સૌથી મોટી લોખંડના અયસ્કનું ખનન કરતી કંપની છે, જે સ્ટીલના ઉત્પાદન માટે જરૂરી મુખ્ય કાચા માલની દેશની ૨૦ ટકા જરૂરિયાત પૂરી કરે છે. ભારતની સૌથી મોટી ખનિજ માઇનીંગ કંપની બનવાનું લક્ષ્ય ધરાવતી આ કંપનીએ પોતાની કામગીરીમાં વિવિધતા લાવવા માટે અનેક પગલાં લીધાં છે.

એનએમડીસી ઓક્ટોબર-ડિસેમ્બરના ગાળામાં થર્મલ કોલસાનું વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરશે અને નાણાકીય વર્ષ ૨૦૨૭માં આશરે એક મિલિયન ટન કોલસાનું વેચાણ કરવાનું લક્ષ્ય રાખે છે. કંપની નાણાકીય વર્ષ ૨૦૨૭માં કોકિંગ કોલસાની ખાણનો વિકાસ પણ શરૂ કરશે જેથી નાણાકીય વર્ષ ૨૦૨૮ની શરૂઆતમાં જ ઉત્પાદન શરૂ કરી શકાય.

# યુએસ ડોલર સામે રૂપિયો ૩૭ પૈસા ગબડ્યો

મુંબઈઃ વૈશ્વિક બજારોમાં જોખમ ટાળવાની વૃત્તિ , ગ્લોબલ બોન્ડ યીલ્ડમાં વધારો અને વિદેશી રોકાણકારો તરફથી વેચવાલીના દબાણને કારણે ગુરુવારે રૂપિયો યુએસ ડોલર સામે મનોવૈજ્ઞાનિક રીતે મહત્વપૂર્ણ ગણાતા ૯૬ પ્રતિ ડોલરના સ્તરથી નીચે સરકીને ૯૬.૩૧ (પ્રોવિઝનલ)ની સપાટી પર બંધ થયો હતો. આ બે મહિનાથી વધુ સમયનું તેનું સૌથી નીચું સ્તર છે. ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે વૈશ્વિક બજારોમાં જોખમ ટાળવાની વૃત્તિ અને વધતા વૈશ્વિક ટ્રેઝરી યીલ્ડ અંગેની ચિંતાઓને કારણે રૂપિયામાં નબળું વલણ યથાવત્ રહે તેવી શક્યતા છે.

ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૯૫.૯૫ પર ખુલ્યો હતો અને ત્યારબાદ તેમાં ઘટાડો થતાં તે અમેરિકન ચલણ સામે દિવસ દરમિયાન ૯૬.૩૪ના નીચલા સ્તર સુધી પહોંચ્યો હતો. ગુરુવારના કામકાજના સત્રના અંતે, સ્થાનિક ચલણ ડોલર સામે ૩૭ પૈસાના ઘટાડા સાથે ૯૬.૩૧ (પ્રોવિઝનલ) સ્તર પર બંધ રહ્યો હતો.

# એનએસઇ કોર્પોરેટ બોન્ડ અને આઇપ્રુ કોન્ટ્રા ફંડ લાવશે

મુંબઇઃ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયાએ ગુરુવારે જણાવ્યું હતું કે તેને કોર્પોરેટ બોન્ડ ઇન્ડેક્સ પર ફ્યુચર્સ કોન્ટ્રેક્ટ રજૂ કરવા માટે માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા તરફથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મળ્યું છે. પ્રસ્તાવિત પ્રોડક્ટ બજારના સહભાગીઓને કોર્પોરેટ બોન્ડ માર્કેટ જોખમનું સંચાલન કરવા અને ભારતના કોર્પોરેટ બોન્ડ ડેરિવેટિવ્ઝ ઇકોસિસ્ટમને વિકસાવવામાં મદદ કરવા માટે એક્સચેન્જ-ટ્રેડેડ ઇન્સ્ટ્રુમેન્ટ આપશે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડે મૂડીબજારમાં આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ કોન્ટ્રા ફંડ લોન્ચ કર્યો છે, જે ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ બંધ થશે. આ કેટેગરીના ફંડ એક વિરોધાભાસી અભિગમ અપનાવે છે, જે સામાન્ય પ્રવાહથી વિપરીત રહેલા સેગમેન્ટમાં તકો શોધે છે, જેનો ઉદ્દેશ્ય બજારમાં પલ્ટો આવે ત્યારે આઉટપર્ફોર્મન્સ મેળવવાનો હોય છે. આ એક ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ છે જે વિરોધાભાસી રોકાણ વ્યૂહરચનાનું પાલન કરે છે અને દરેક એસેટ ક્લાસ, ઇક્વિટી, દેવું અથવા રિયલ એસ્ટેટમાં રોકાણની તકો પર ધ્યાન આપે છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (E.I) સિસ્ટમની ડિઝાઇન, સપ્લાય, સ્થાપન, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને કમિશનિંગ**

**ટેન્ડર આમંત્રણ સૂચના નં.- DRM-SnT-ADI-Sig 11 of 2026-27** ભારતના રાષ્ટ્રપતિ વતી DRM/S and T ટેન્ડર નં.DRM-SnT-ADI-Sig 11 of 2026-27 હેઠળ ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. ટેન્ડર બંધ થવાની તારીખ 28.10.2026, 15:00 કલાકે છે. બિડર્સ પોતાની મૂળ/સુધારેલી બિડ માત્ર નિર્ધારિત છેલ્લી તારીખ અને સમય સુધી જ રજૂ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં આવશે નહીં અને પ્રાપ્ત થતી આવી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1. કામનું નામ:** અમદાવાદ ડિવિઝનના કંડલા પોર્ટ યાર્ડ ખાતે ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ (E.I) સિસ્ટમની ડિઝાઇન, સપ્લાય, સ્થાપન, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને કમિશનિંગ ની સાથે-સાથે આઉટડોર S&T કામ. **2. કામની અંદાજિત કિંમત:** રૂ. 13,30,09,781.66/- (રૂપિયા તેર કરોડ ત્રીસ લાખ નવ હજાર સાતસો એક્યાસી અને છાસઠ પૈસા માત્ર) **3. EMD રકમ :** રૂ. 26,60,200/- (રૂપિયા છવ્વીસ લાખ સાઈઠ હજાર બસો માત્ર) **4. ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** 28.10.2026 ના રોજ 15:00 કલાક પછી નહીં. **5. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 28.10.2026ના રોજ 15:30 કલાકે. **6. ઈ-ટેન્ડરિંગ વેબસાઇટ: www.ireps.gov.in**

**ADI 176**

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# સેબીને આઇનોક્સ એર પ્રોડક્ટ્સે ₹ ૧૧,૦૦૦ કરોડના આઇપીઓનું ડીઆરએચપી સુપરત કર્યું

મુંબઈઃ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોડ૪ ઓફ ઇન્ડિયા (સેબી) સમક્ષ ઔદ્યોગિક અને મેડિકલ ગેસ ઉત્પાદક કંપની આઇનોક્સ એર પ્રોડક્ટ્સએ પ્રાથમિક જાહેર ભરણાં માટે ડ્રાફ્ટ દસ્તાવેજો દાખલ કર્યા છે. આ ઇશ્યૂનું કદ રૂ. ૧૦,૦૦૦ થી ૧૧,૦૦૦ કરોડની રેન્જમાં રહેવાનો અંદાજ છે.

કંપની સૌથી મોટી સંકલિત ઔદ્યોગિક, તબીબી, ઇલેક્ટ્રોનિક અને સ્પેશિયાલિટી ગેસ કંપની છે. તે ઓન-સાઇટ, મર્ચન્ટ અને પેકેજ્ડ તેમજ સ્પેશિયાલિટી ગેસ સેગમેન્ટમાં કામગીરી કરે છે. કંપની ૨૮ સમર્પિત લિક્વિડ ગેસ ઉત્પાદન કેન્દ્રોનું સંચાલન કરે છે, જેની કુલ ઉત્પાદન ક્ષમતા દરરોજની લગભગ ૫,૧૦૬ ટન છે. ડીઆરએચપી અનુસાર, કંપની ૭૩૯ ક્રાયોજેનિક ટેન્કર્સના કાફલાનું સંચાલન પણ કરે છે, જેણે નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન લગભગ ૩.૯૦ કરોડ કિમીનું અંતર કાપ્યું હતું. બજાર નિયામક સેબી સમક્ષ દાખલ કરાયેલા ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) મુજબ, આ પ્રસ્તાવિત આઇપીઓ સંપૂર્ણપણે કંપનીના પ્રમોટર્સ દ્વારા ૭.૭૨ કરોડ સુધીના ઇક્વિટી શેરના ઓફર ફોર સેલ (એઓએફએસ) સ્વરૂપે છે. કંપની એર પ્રોડક્ટ એન્ડ કેમિકલ ઇન્ક. સાથે સંયુક્ત સાહસ ધરાવે છે. આ કંપનીએ ૧૯૯૯માં તેની પેટાકંપની પ્રોડએર કોર્પોરેશન મારફત આઇનોક્સ એરમાં લગભગ પચાસ ટકા હિસ્સો હસ્તગત કર્યો હતો. કંપની પાસે સાત એસએમઆર આધારિત હાઇડ્રોજન પ્લાન્ટ અને બે ઇલેક્ટ્રોલિસિસ આધારિત પ્લાન્ટ છે. તે ગ્રીન હાઇડ્રોજન સેગમેન્ટમાં પણ પ્રવેશી છે અને કાચ ઉત્પાદન કરતી ગ્રાહક કંપની માટે એક પ્રોજેક્ટ કાર્યરત કર્યો છે. ડ્રાફ્ટ દસ્તાવેજોમાં જણાવ્યા અનુસાર, કંપનીએ ૨૦૨૧થી અત્યાર સુધીમાં ૨૨થી વધુ પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે, જેમાં એર સેપરેશન યુનિટ્સ, લિક્વિડ પ્લાન્ટ્સ, નાઇટ્રોજન જનરેટર્સ, હાઇડ્રોજન પ્લાન્ટ્સ અને રિન્યુએબલ પાવર પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

# શૅરબજારની અફડાતફડીએ રોકાણકારોની મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણની રીત બદલી નાખી

મુંબઇ : ઇક્વિટી માર્કેટમાંથી મળેલા બે વર્ષના નબળા વળતર અને અસ્થિરતાના તબક્કાઓએ રિટેલ રોકાણકારોની મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં રોકવાની રીત બદલી નાખી છે. એકસાથે મોટી રકમ (લમસમ) રોકીને માર્કેટના સમયનો અંદાજ લગાવવાનો પ્રયાસ કરવાને બદલે, રોકાણકારો હવે મોટા પાયે સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ)નો માર્ગ અપનાવી રહ્યા છે.

એમ્ફી દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૬ (નાણાકીય વર્ષ ૨૦૨૬)માં ઇક્વિટી સ્કીમોમાં કુલ ઇનફ્લોમાં સિપનો હિસ્સો ૮૩ ટકા જેટલો રહ્યો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૫૭ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૬૭ ટકા રહ્યો હતો.

આ ટ્રેન્ડ નાણાકીય વર્ષ ૨૦૨૭ (નાણાકીય વર્ષ ૨૦૨૭)માં વધુ મજબૂત બન્યો છે. ઓગસ્ટ મહિનામાં સિપ ઇનફ્લો રૂ. ૩૨,૨૯૭ કરોડની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચ્યો હતો અને ઇક્વિટી ફંડ ઇનફ્લોમાં તેનો હિસ્સો ૮૯ ટકા હતો. આ દર્શાવે છે કે રોકાણકારો એકસાથે મોટી રકમ રોકવાને બદલે ધીમે-ધીમે હપ્તાવાર રોકાણ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

આ પરિવર્તન ખૂબ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે શેરબજારના નબળા વળતરના લાંબા ગાળા દરમિયાન જોવા મળ્યો છે. ફંડ ઇન્ડસ્ટ્રીના સુત્રો સિપની વધતી લોકપ્રિયતા પાછળ બજારની અસ્થિરતા, રોકાણકારોમાં વધેલી જાગૃતિ, સરળ ડિજિટલ સુવિધા અને નાના શહેરોમાંથી વધતી ભાગીદારીને કારણભૂત ગણાવે છે.

સિપના કારણે નાના શહેરોના રોકાણકારો માટે પણ એકસાથે મોટી રકમ (લમસમ) ભેગી કરવાની રાહ જોયા વગર પ્રમાણમાં નાની રકમથી રોકાણ કરવાનું સરળ બન્યું છે સિપને બજારની અસ્થિરતા વચ્ચે પણ શિસ્તબદ્ધ રીતે રોકાણ જાળવી રાખવાનો એક ઉત્તમ માર્ગ છે. વધતી જતી નાણાકીય સાક્ષરતા, વ્યાપક ડિજિટલ પહોંચ અને ટાયર-૨ તથા ટાયર-૩ બજારોમાંથી વધી રહેલી ભાગીદારીએ આ પ્રવાહને વધુ મજબૂત બનાવ્યો છે.

જ્યારે લઘુત્તમ રોકાણની નાની મર્યાદા, સરળ ડિજિટલ ઓનબોર્ડિંગ અને વ્યાપક વિતરણ નેટવર્કે પ્રવેશ માટેના અવરોધો ઘટાડી દીધા છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(પર્યાવરણ અને આબોહવા પરિવર્તન)
૩જો માળ, પંતનગર ગેરેજ બિલ્ડીંગ, બેસ્ટ ડેપો પાછળ, પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૫.

**ચીફ એન્જી. (Env. & C.C./૨૬૧૯ તા. ૨૯.૯.૨૦૨૬)**

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકાના કમિશ્નર નીચે મુજબ ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| ટેન્ડર ID | બારડીની રકમ (રૂા.માં) | ટેન્ડર સ્ક્રુટીની ફીસ (રૂા.માં) | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| BMCમાં વિવિધ મ્યુનિસિપલ મિલકતોમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ (RWH) સીસ્ટમની જોગવાઈ અને ઈન્સ્ટોલેશન. ટેન્ડર ID- (૨૦૨૬_MCGM_૧૩૪૨૨૩૭_૧) | ૧,૭૫,૭૦૦/- | ૨૩,૫૬૦/- (રૂા. ૧૯૯૬૫/- +૧૮% GST | ૧.૧૦.૨૦૨૬ (સાં.૪ ક.) | ૨૧.૧૦.૨૦૨૬ (સાં.૪ ક.) |

ટેન્ડરની નકલ મહારાષ્ટ્ર સરકાર (મહાટેન્ડર્સ) (https://mahatenders.gov.in)ની ઈ-પ્રોક્યોરમેન્ટ સીસ્ટમમાંથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરની નકલ BMCના પોર્ટલમાંથી ઈ-ટેન્ડર સેકસન હેઠળ પણ ડાઉનલોડ કરી શકાશે

સહી/-
એક્ઝી. એન્જી. (Env. & CC)-I

PRO/1585/ADV./2026-27

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

# યુપીઆઈ વ્યવહારો પર એમડીઆરના ભારણથી રિટેલ વેપારીઓ ચિંતિત

મુંબઇઃ સરકારની રૂ.૨,૦૦૦થી વધુના યુપીઆઈ વેપારી વ્યવહારો પર ૦.૪ ટકા એમડીઆર લાગુ કરવાની દરખાસ્ત અંગે ધી મુંબઈ ગ્રેઇન ડીલર્સ એસોસિએશને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને એના કારણે વેપારીઓ સાથે ગ્રાહકોને પણ મુશ્કેલી થવાની શક્યતા વ્યક્ત કરી છે. રિટેલ વેપારીઓ પહેલેથી જ તીવ્ર સ્પર્ધા, વધતા વ્યવસાયિક ખર્ચ અને ઓછા નફાના માર્જિન વચ્ચે વેપાર કરી રહ્યા છે, એમ જણાવતાં સંસ્થાના પ્રમુખ રમણીકલાલ જાદવજી છેડાએ કહ્યું કે, આવા સમયે યુપીઆઈ વ્યવહારો પર વધારાનો ખર્ચ વેપારીઓ પર વધુ નાણાકીય બોજ નાખશે. જો આ ખર્ચ વેપારી સહન કરે તો તેનો નફો વધુ ઘટશે. ખર્ચ ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવે તો ચીજવસ્તુઓના ભાવમાં વધારો થઈ શકે છે અને મોંઘવારી પર વધારાનું દબાણ આવી શકે છે. આ મુદ્દે ધી મુંબઈ ગ્રેઇન ડીલર્સ એસોસિએશન દ્વારા સંબંધિત સરકારી વિભાગને લેખિત રજૂઆત કરી, પ્રસ્તાવિત એમડીઆર સંપૂર્ણપણે પાછો ખેંચવા અને યુપીઆઈ વ્યવહારો પર શૂન્ય એમડીઆર ચાલુ રાખવાની માગ કરવામાં આવી છે.

# ભારત-ઇયુ એફટીએથી ખાદ્ય ક્ષેત્રમાં ૬૮૯ અબજ ડૉલરની તકો સર્જાશે

મુંબઈઃ ભારત અને યુરોપિયન સંઘ વચ્ચે તાજેતરમાં આકાર પામેલા મુક્ત વેપાર કરાર (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ - એફટીએ)થી લગભગ બે અબજ લોકોનું બજાર તૈયાર થશે, એમ વિદેશ મંત્રીઓએ બીઇસી ખાતે યોજાયેલી અનુગા સિલેક્ટ ઇન્ડિયા અને અનુગા ફૂડટેક ઇન્ડિયાની પરિચર્ચાના સંબોધનમાં જણાવ્યું હતું.

જર્મનીના સંસદીય રાજ્ય સચિવ માર્ટિના એન્ગ્લહાર્ટ-કોપ્ફે જણાવ્યું હતું કે, ભારત-ઇયુ એફટીએનું નિષ્કર્ષ આર્થિક રીતે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે લગભગ બે અબજ લોકોનું બજાર તૈયાર કરે છે અને યુરોપના ૯૯.૩ ટકા સાથે ભારતના વેપાર મૂલ્યના ૯૬.૬ ટકા હિસ્સાને મુક્ત બનાવે છે. આનાથી જર્મન પ્રોસેસ્ડ ફૂડ્સ માટે તકો ઉભી કરે છે જ્યારે ભારતને ફિશિંગ, ચા, કોફી અને તેજાના માટે પ્રવેશ મળે છે.

નેધરલેન્ડ્સના રાજ્ય સચિવ સિલ્વિયો એર્કેન્સે જણાવ્યું હતું કે ભારત અને નેધરલેન્ડ્સ, લાંબા સમયથી કૃષિ ભાગીદારો તરીકે, આબોહવા અને ભૂ-રાજકીય પડકારો વચ્ચે સ્થિતિસ્થાપક ખાદ્ય પ્રણાલીઓનું નિર્માણ કરી શકે છે.

ઇયુ ટ્રેડ ચીફ પેટ્રોસ સોરમેલિસે જણાવ્યું હતું કે ઋઝઅ ૨૦૨૬ ના અંત સુધીમાં હસ્તાક્ષરિત થવાની અને ૨૦૨૭ ના મધ્ય સુધીમાં અમલમાં આવવાની અપેક્ષા છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

B.Y. L. નાયર ચે. હોસ્પિટલ
ડો. A. L. નાયર રોડ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮
નં. NMS/૫૦૦ તારીખ: ૩૦.૯.૨૦૨૬

**ટૂંકી ઈ-ટેન્ડર નોટીસ**

| અ. ક્ર. | વર્ણન | પ્રારંભ તારીખ | સમાપ્તિ તારીખ |
|---|---|---|---|
| ૧ | આગફા ડ્રાયસ્ટાર ફીલ્મ્સ (DT૨B) સાઈઝ ૮''x૧૦'' (GEM Id: GEM/૨૦૨૬/B/૮૦૭૫૨૯૩) | GEM પોર્ટલ મુજબ | GEM પોર્ટલ મુજબ |
| ૨ | આગફા ડ્રાયસ્ટાર ફીલ્મ્સ (DT૨B) સાઈઝ ૧૦''x૧૨'' (GEM Id: GEM/૨૦૨૬/B/૮૦૭૫૫૪૧) | GEM પોર્ટલ મુજબ | GEM પોર્ટલ મુજબ |
| ૩ | ઈંજે.નોરાડ્રેનઅલાઈન ૨ MG/ML એમ્પુ. અથવા વાયલ (વાયલ કે એમ્પુ.) (GEM Id: GEM/૨૦૨૬/B/૮૦૪૭૧૮૧) | GEM પોર્ટલ મુજબ | GEM પોર્ટલ મુજબ |
| ૪ | ફોનીકા ડ્રાય ફીલ્મ ડ્રાય કેમેરા માટે સાઇઝ ૧૪''x૧૭'' (GEM Id: GEM/૨૦૨૬/B/૮૦૭૦૩૯૦) | GEM પોર્ટલ મુજબ | GEM પોર્ટલ મુજબ |

https://gem.gov.in
સંપર્ક વ્યક્તિઃ ડો. ચેતના કંથારીયા (ડે. ડીન)
ટેલી. નં. ૦૨૨-૨૩૦૨૭૧૦૯ ઈમેલ id: medical.store.nair.@gmail.com

સહી/-
AS ડીન
BYL, નાયર ચે. હોસ્પિટલ

PRO/1594/ADV./2026-27

**ચાલો સાથે મળી મુંબઈને મલેરિયા મુક્ત બનાવીએ**

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# તહેવારો પહેલાં મુંબઈ-પુણેમાં એફડીએની તવાઈ, ૩૧ સંસ્થાના લાઈસન્સ સસ્પેન્ડ

મુંબઈ: તહેવારોની સિઝન પહેલાં મહારાષ્ટ્રના અન્ન અને ઔષધ વહીવટીતંત્રે એટલે કે એફડીએએ ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરનાર સંસ્થાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે. ૨૮થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન હાથ ધરાયેલી તપાસમાં રાજ્યભરમાં ૩૧ સંસ્થાના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમાં મુંબઈ વિભાગની ૧૨ અને કોંકણ વિભાગની ૧૨ સંસ્થાનો સમાવેશ થાય છે, જ્યારે પુણે વિભાગમાં છ સંસ્થા સામે કાર્યવાહી કરવામાં આવી છે.

મુંબઈમાં ખારની અન્નદાતા આહાર કેન્દ્ર, મઝગાંવની ન્યૂ ઇંગ્લિશ બેકરી અને સેન્ટ ફિલોમેના બેકરી, બ્લિંકઈટની બે કોમર્શિયલ સુવિધાઓ, બોરીવલીની રાધા કૃષ્ણ ભોજનાલય, કુર્લાની સોડેક્સો ઈન્ડિયા સર્વિસિસ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સની પી. આર. જેના કેટરર્સ અને ગોવંડીની શતાબ્દી હૉસ્પિટલની કેન્ટીનના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન અસ્વચ્છતા, જીવાતનો ઉપદ્રવ, ખાદ્ય પદાર્થોના અયોગ્ય સંગ્રહ અને સંચાલન તથા ફરજિયાત ખાદ્ય સુરક્ષા રેકોર્ડના અભાવ જેવી ખામીઓ મળી આવી હતી.

પુણેમાં પણ ખાદ્ય સંસ્થાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વિભાગીય તપાસ દરમિયાન હલકી ગુણવત્તાવાળા, અસુરક્ષિત અને ખોટા લેબલવાળા ખાદ્ય (જુઓ પાનું ૪)

















